
કૃષિ વિચાર

વર્ષ : 1 | અંક નં : 3 |
ઓક્ટોબર-નવેમ્બર-ડિસેમ્બર-જાન્યુઆરી 2023-24

ગુજરાત સ્ટેટ કૉ-ઑપરેટીવ ઍગ્રીકલ્ચર ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ બૅન્ક



જય શ્રી રામ!

જાન્યુઆરીમાં ભવ્યાતિભવ્ય રામમંદિરનું લોકાર્પણ



બૅન્કના કાર્યવાહક મંડળના સદસ્યશ્રીઓ



શ્રી ડૉલર કોટેચા
ચૅરમૅનશ્રી



શ્રી કલજીભાઈ ગેમરભાઈ પટેલ
વાઇસ ચૅરમૅનશ્રી



શ્રી જેઠાભાઈ જી. ભરવાડ
ડે. સ્પીકર



શ્રી અનિરુદ્ધભાઈ બી. દવે
MLA



શ્રી બ્રિજરાજસિંહ એચ. જાડેજા



શ્રી જશાભાઈ બી. બારડ



શ્રી પીરજીભાઈ કે. ઠુંમ્મર



શ્રી ગોવાભાઈ એચ. દેસાઈ



શ્રી મંગળસિંહ આર. પરમાર



શ્રી કાનભા એફ. ગોહિલ



શ્રી કિશોરસિંહજી કે. ગોહિલ



શ્રી જીવણભાઈ બી. આહીર



શ્રી હરદેવસિંહ ટી. જાડેજા



શ્રી નટવરસિંહ એસ. મહીડા



શ્રી ગણપતસિંહ બી. ઓલંકી



શ્રી સુરેશભાઈ ડી. પટેલ



શ્રી રામજીભાઈ એચ. ચૌધરી



શ્રી જિગ્નેશકુમાર એન. ઠાકોર



શ્રી કમલ શાહ IAS રજિસ્ટારશ્રી
સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય



શ્રી બી. કે. સીંઘલ
ચીફ જનરલ મેનેજરશ્રી નાબાર્ડ



શ્રી કે. બી. ઉપાધ્યાય
IAS(Retd)મૅનેજિંગ ડિરેક્ટરશ્રી



શ્રી પી. એમ. ચૌધરી
જૉઈન્ટ મેનેજિંગ ડીરેક્ટરશ્રી

अमित शाह

सत्यमेव जयते

गृह मंत्री एवं सहकारिता मंत्री
भारत सरकार

संदेश

गुजरात राज्य सहकारी कृषि एवं ग्रामीण विकास बैंक लिमिटेड, अहमदाबाद द्वारा अपनी मासिक पत्रिका **'कृषि विचार'** के **दीपोत्सवी-2023 विशेषांक** का प्रकाशन हार्दिक प्रसन्नता का विषय है।

संकल्प शक्ति, साफ नीयत, परिश्रम और संघ-भाव से काम करने के चार मूल सिद्धांतों को आत्मसात करते हुए गुजरात राज्य सहकारी कृषि एवं ग्रामीण विकास बैंक लिमिटेड ने देश की कृषि-अर्थव्यवस्था को कृषि परिवारों को ऋण देकर मजबूत बनाने में महत्त्वपूर्ण भूमिका निभाई है। बैंक द्वारा गुजरात राज्य के किसानों को ग्रामीण सहकारी ऋण के तहत मध्यम अवधि और दीर्घकालिक कृषि और इससे संबंधित गतिविधियों के लिए ऋण प्रदान कराया जाना प्रशंसनीय है।

भारत के कृषि एवं ग्रामीण क्षेत्र की आर्थिक रीढ़ को मजबूत बनाने में सहकारिता एवं को-ऑपरेटिव संस्थाओं की महती भूमिका रही थी। सरदार पटेल के नेतृत्व में सहकारी आंदोलन ने भारतीय किसानों के हित की रक्षा का संकल्प लिया और आज **माननीय प्रधानमंत्री श्री नरेन्द्र मोदी जी** के नेतृत्व में गठित **'सहकारिता मंत्रालय'** के माध्यम से **'सहकार से समृद्धि'** के मंत्र को सिद्ध करने की दिशा में प्रयासरत है।

मैं, गुजरात राज्य सहकारी कृषि एवं ग्रामीण विकास बैंक लिमिटेड, अहमदाबाद के सभी पदाधिकारियों एवं कर्मचारियों को अपनी शुभकामनाएँ प्रेषित करते हुए विशेषांक के सफल प्रकाशन की कामना करता हूँ।

(अमित शाह)

श्री डॉलर कोटेचा,
चेयरमैन, गुजरात राज्य सहकारी कृषि एवं ग्रामीण
विकास बैंक लिमिटेड, अहमदाबाद

कार्यालय : गृह मंत्रालय, नॉर्थ ब्लाक, नई दिल्ली-110001
दूरभाष : 23092462, 23094686, फैक्स : 23094221
ई-मेल : hm@nic.in

સત્યમેવ જયતે

ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૨૪/૧૧/૨૦૨૩

સંદેશ

ગુજરાતની ધીંગી ધરા બારેમાસ મેઘધનુષી પાકના મબલખ મોલથી રાજ્યના કૃષિ વિકાસને અભિવૃદ્ધ કરી રહી છે. ખેતરોમાં લીલોતરી લહેરાઈ રહી છે અને પ્રાકૃતિક પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ મલક મલક મલકાતો મોલ ખેડૂતોના હામની સાક્ષી પૂરે છે. આજે ગુજરાત સમગ્ર દેશમાં કૃષિ ક્ષેત્રે આગવી શાખ ધરાવે છે, તે રાજ્યના ખેડૂતોની પહેલ વૃત્તિ, સૂઝબૂઝ અને કઠોર પરિશ્રમનું પ્રમાણ અને પરિણામ છે. કોરોનાના કપરા કાળમાં પણ આપ સૌએ રાત-દિવસ પ્રવૃત્ત રહી અન્નના કોઠારો ખાલી નથી થવા દીધા. એમાં કૃષિ બેંકોએ ખેડૂતોની જરૂરિયાત અનુસાર ધિરાણ પૂરાં પાડી કૃષકોમાં આત્મવિશ્વાસનો સંચાર કર્યો છે. રાજ્ય સરકાર હરહંમેશ રાજ્યના કૃષિ વિકાસના અભિન્ન અંગ એવા લાખો ખેડૂતોની પડખે ઊભી છે અને દર વર્ષે કૃષિ ક્ષેત્રે નવી યોજનાઓ, નવી તકનીકો, નવીન ખેત પદ્ધતિઓ દ્વારા છેક છેવાડાના ખેડૂતો સુધી અવિરતપણે પહોંચી રહી છે.

ધ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લિ. દ્વારા નવ વર્ષની યાદગીરીરૂપે તેના સામયિક ''કૃષિ વિચાર''નો દીપોત્સવી-૨૦૨૩ વિશેષાંક બહાર પાડવામાં આવી રહ્યો છે તે જાણી આનંદ થયો. કૃષિ વિકાસ ક્ષેત્રે ખેડૂતોની સફરમાં પડખે રહેનારી સહકારી બેંકોની કામગીરી આવકાર્ય છે. તેમાં નૂતન વર્ષના આ અજવાસભર્યા પર્વની યાદગીરીરૂપે પ્રસિદ્ધ કરવામાં આવનાર કૃષિવિષયક રંગબેરંગી છબીઓ તથા માહિતીસભર લેખ ધરાવતો આ દીપોત્સવી અંક ખેડૂતો તથા દરેક હિતધારકો માટે જ્ઞાનના સ્રોત સમો બની રહે અને સાફલ્ય પામે એવી શુભેચ્છા.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

To,
Shree Dolarbhai Kotecha, *Chairman,*
The Gujarat State Co-operative Agri. & Rural Development Bank Ltd.
Opp. Nehru Bridge Corner, Ashram Road,
Navrangpura, Ahmedabad-380009.
Email: info@gscardbank.org
Mo: 9924118900, 9426818900

Apro/ab/2023/11/24/rs

डॉ. मनसुख मांडविया
DR. MANSUKH MANDAVIYA

सत्यमेव जयते

आज़ादी का अमृत महोत्सव

मंत्री
स्वास्थ्य एवं परिवार कल्याण
व रसायन एवं उर्वरक
भारत सरकार
Minister
Health & Family Welfare
and Chemicals & Fertilizers
Government of India

संदेश

गुजरात स्टेट को-ऑपरेटिव एग्रीकल्चर एंड रूरल डेवलपमेंट बैंक (खेती बैंक) राज्य के किसानों को उनके खेती विषयक आवश्यकताओं को पूर्ण करने के लिए मध्यम एवं लम्बी अवधि का ऋण प्रदान करनेवाली राज्य की पहली सहकारी बैंक है। यह बैंक किसानों के उत्थान और उन्हें आत्मनिर्भर बनाने के लिए सन् 1951 से किसानों के हित में काम कर रही है। इस बैंक की स्थापना किसानों को श्रण देकर उनकी जमीन गणोतीया (काश्त) से मुक्त करवाने के लिए हुआ था एवं खेती बैंक द्वारा छोटे एवं सीमांत किसानों को श्रण देकर उनकी जमीन वापिस दिलवाई है।

बैंक के चेयरमैन श्री डोलरभाई कोटेचा के नेतृत्व में पिछले दो वर्ष से बहुत प्रगतिशील एवं प्रशंसनीय काम हो रहा है। पिछले वित्तीय वर्ष में बैंक ने रू.100/- करोड़ से अधिक मुनाफा कमाया है और शून्य एन.पी.ए. वाली देश की एकमात्र कृषि एवं ग्रामीण बैंक बनी है। यह खेती बैंक देश के माननीय प्रधानमंत्री श्री नरेन्द्रभाई मोदी के "सहकार से समृद्धि" के सूत्र को साकार करने में सहायक हो रही है।

बैंक द्वारा राज्य के दूरस्थ किसानों को कृषि से संबंधित जानकारी घर बैठे प्राप्त होती रहे इसके लिए गुजरात राज्य के महामहिम राज्यपाल आचार्य देवव्रतजी के शुभ हाथों (वरद्हस्त) से "कृषि विचार" नामक मासिक मैगजीन की शुरूआत की गई है। राज्य के किसानों को सहकारी क्षेत्र से लेकर कृषि संबंधी योजनाओं के अलावा कृषि उत्पादन बढ़ाकर उनकी आमदनी में वृद्धि करने के लिए मार्गदर्शन देने का कार्य इस मैगजीन द्वारा हो रहा है।

बैंक के चेयरमैन श्री डोलरभाई कोटेचा की अध्यक्षता में बैंक अत्यधिक प्रगति करे, ऐसी मेरी शुभकामनाएँ और "कृषि विचार" मासिक मैगजीन का खास दिपोत्सवी अंक प्रकाशन करने हेतु बहुत - बहुत शुभकामनाएं।

(डॉ. मनसुख मांडविया)

11 दिसम्बर, 2023

कार्यालय: 348, ए-स्कंध, निर्माण भवन, नई दिल्ली - 110011 • **Office:** 348, A-Wing, Nirman Bhawan, New Delhi - 110011
Tele.: (O): +91-11-23061661, 23063513 • **Telefax** : 23062358 • E-mail : india-hfm@gov.in

परशोत्तम रूपाला
PARSHOTTAM RUPALA

सत्यमेव जयते

मंत्री
मत्स्यपालन, पशुपालन एवं डेयरी
भारत सरकार
Minister
Fisheries, Animal Husbandry and Dairying
Government of India

D.O. No.2624/MIN(FAH&D)/2023-24

14 NOV 2023



संदेश

खेती बैंक राज्य के किसानों को सन् 1951 से लंबी अवधि का कृषि ऋण देने वाली राज्य की प्रथम सहकारी बैंक है और वर्षों से किसानों के आर्थिक विकास के लिए बहुत उमदा कार्य कर रही है। वर्ष 2022-23 में बैंक ने रू.100/- करोड से अधिक का मुनाफा किया है और देश की शून्य एन.पी.ए. वाली एकमात्र कृषि एवं ग्रामीण विकास बैंक है ।

राज्य की कृषि बैंक किसानों के विकास के लिए और सहकार से समृद्धि के सूत्र को साकार करने में मददगार साबित हो रही है जो बहुत प्रशंसनीय है।

वर्तमान में गुजरात राज्य के महामहिम राज्यपाल के कर-कमलों द्वारा राज्य के सीमांत कृषकों को भी कृषि संबंधी जानकारी घर बैठे प्राप्त हो, इसके लिए खेती बैंक द्वारा "कृषि विचार" नामक मासिक मैगेज़ीन प्रारंभ किया गया है जो स्वागत योग्य है।

गुजरात में पशुपालन का व्यापार किसान परिवार के लिए आशीर्वाद रूप है। राज्य में दूध संघ बड़े पैमाने पर कार्यरत हैं।

कृषि विचार से राज्य के किसानों को सहकारी क्षेत्र कृषिलक्षी योजनाओं के अलावा किसानों का कृषि उत्पादन बढ़ाकर अपनी आय वृद्धि में मार्गदर्शन देने के लिए यह मैगेज़ीन उपयोगी हो सकता है ।

बैंक के चेयरमैन श्री डोलरभाई कोटेचा की अध्यक्षता में बैंक प्रगति करे ऐसी मेरी कामना है। कृषि विचार मासिक मैगेजिन का खास दिपोत्सवी अंक प्रसिद्ध करने के लिए बहुत-बहुत शुभेच्छाएँ प्रेषित कर रहा हूँ ।

(परशोत्तम रुपाला)

Delhi Office : Room No. 234, 'B' Wing, Krishi Bhawan, Dr. Rajendra Prasad Road, New Delhi-110 001
Tele.: +91-11-23380780, **Fax:** +91-11-23380783, **E-mail:** rupalaoffice@gmail.com
Gujarat State Camp Office : Plot No. 219, Sector-20, Gandhinagar-382 020, Tele.: 079-23260013
Website : https://dahd.nic.in

सत्यमेव जयते

अध्यक्ष
गुजरात विधानसभा

शुभेच्छा संदेश

गुजरात में कृषि के क्षेत्र में क्रांति लाने में सबसे बड़ा योगदान सहकारी क्षेत्र का रहा है। राज्य में किसान को किसी भी तरह की परेशानी न झेलनी पडे इस लिए किसानों से उत्पादित माल की खरीदी से लेकर बिक्री का संपूर्ण आयोजन सहकारी क्षेत्र के जरिए किया जाता है। इसी लिए राज्य का किसान निश्चिंत हो कर खेती करता है और देश के कृषि उत्पादन में महत्त्वपूर्ण योगदान देता है। यह जानकर खुशी होती है कि, 'खेती बैंक' पिछले ४५ से अधिक सालों से किसानों को मध्यम और लंबे समय के लिए ऋण उपलब्ध कराता है। 'खेती बैंक' ने राज्य के किसानों की समृद्धि में बहोत बड़ा योगदान दिया है। आज गुजरात का किसान कृषि उत्पादन के साथ दूध उत्पादन में भी देश में सबसे ज्यादा योगदान दे रहा है। दिपावली के इस शुभ अवसर पर राज्य के किसानों को मेरी शुभकामनाएं। नया साल आपके जीवन में एक नयी शुरुआत लेकर आए, आपके जीवन में नए उत्साह और नई संभावनाओं का संचार करे। आपके परिवार में सुख, समृद्धि, सफलता और खुशियों का आगमन हो। आप हमेशा स्वस्थ, खुश और अपने सपनों को पूरा करने के लिए प्रेरित रहें और इसी तरह से राज्य की प्रगति में योगदान देते रहें।

(शंकरभाई चौधरी)

विठ्ठलभाई पटेल भवन, गांधीनगर - ३८२०१०. (गुजरात),
फोन : (ओ) 079-232 20941, 079-232 53017, फेक्स : 079-232 55596, ई-मेईल : speakergla@gmail.com, speaker-gla@gujarat.gov.in

ક્રમાંક: મ./કૃ.પ.ગૌ.મ./ગ્રા.ગૃ.નિ અને ગ્રા.વિ/VIP/ /૨૦૨

મંત્રી,
કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ,
ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ,
ગુજરાત સરકાર
સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. : ૦૭૯-૨૩૨૫૦૧૧૫
ફેક્સ નં. : ૦૭૯-૨૩૨૫૧૯૭૯
તારીખ :

રાઘવજી પટેલ



શુભેચ્છા સંદેશ

ભારતમાં કૃષિ ક્ષેત્ર એ દેશના વિકાસની કરોડરજ્જુ સમાન છે. વધતી જતી વસ્તીની ખોરાકની જરૂરિયાતને પૂરી પાડવા ખેડૂતો પરંપરાગત પાકોની ખેતીની સાથે સાથે નવા નવા પાકો પણ વાવતા થયા છે. ગુજરાત રાજ્ય પણ કૃષિ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતી કરી રહ્યુ છે ત્યારે ગુજરાતના ખેડૂતો પણ કૃષિના નવા નવા આયામો અપનાવતા થયા છે.

ભારતના લોકલાડીલા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શરૂ કરેલી વિકાસની વણથંભી વણઝાર સતત આગળ વધી રહી છે. માનનીય વડાપ્રધાન શ્રીએ દર્શાવેલા માર્ગ પર માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ અમારી સરકાર પ્રજાભિમુખ વહીવટ દ્વારા લોકકલ્યાણના અનેક કાર્યોને સાકાર કરી રહી છે.

સૌ ખેડુત મિત્રોના અથાગ પ્રયત્નો, નવી નવી તાંત્રિકતાઓ અપનાવવાની ધગશ અને રાજ્ય સરકારના કૃષિલક્ષી અભિગમમાં આપની સક્રિય ભાગીદારીને જાય છે. મને વિશ્વાસ છે કે આપ સહુના પુરૂષાર્થ થકી આપણે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રે ઉચ્ચ સિધ્ધી હાસલ કરી શકીશું. રાજ્ય સરકાર હર હમેશ રાજ્યના કૃષિ વિકાસના અંગ અને જગતના તાત એવા લાખો ખેડૂતોની પડખે ઉભી છે. વિશેષમાં ધ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લિ. દ્વારા નૂતન વર્ષે સામાયિક **'કૃષિ વિચાર'નો દિપોત્સવી-૨૦૨૩** અંક બહાર પાડવામાં આવી રહ્યો છે. જે આનંદની વાત છે. આ માટે મારી શુભેચ્છા સહ અભિનંદન પાઠવું છું.

ગુજરાતની સહકારી પ્રવૃત્તિને વેગ આપવામાં દરેક સંસ્થાઓનો પૂરેપૂરો સહયોગ મળી રહ્યો છે. જેને કારણે રાજ્ય સહકારી ક્ષેત્ર સંકળાયેલ સંસ્થાઓની કામગીરી સમગ્ર દેશમાં વખણાય છે. વિકાસપથ પર સદા અગ્રેસર ગુજરાત આત્મનિર્ભર ભારતના નિર્માણમાં પોતાનું અમુલ્ય યોગદાન આપતું રહે. તે માટે સૌ ગુજરાતી પરીશ્રમ થકી **"સૌના સાથ સૌના વિકાસ"**ને સાચા અર્થમાં સાર્થક ઠેરવે તે જ દિપોત્સવી પર્વની સૌ ખેડૂત ભાઇઓ તેમજ સહકારી ક્ષેત્રે જોડાયેલ સૌને નૂતન વર્ષાભિનંદન.

(રાઘવજી પટેલ)

પ્રતિ
શ્રી ડોલરભાઈ કોટેચા
ચેરમેનશ્રી, ધ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લિ.
નેહરુ બ્રીજ કોર્નર સામે, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ

1415

જગદીશ વિશ્વકર્મા

સત્યમેવ જયતે

કમાંક: રા.ક.મં./સ.મીઉ.છા.પ્રો.લ.સૂ.મઉ.કુ.ખા.ગ્રા.નાઉ/ /૨૦૨૩

રાજ્યકક્ષાના મંત્રી,
સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી,
પ્રોટોકોલ (સ્વતંત્ર હવાલો)
લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન (રાજ્યકક્ષા)
ગુજરાત સરકાર
સ્વર્ણિમ સંકુલ-૨, પહેલો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

તારીખ : 05/12/2023

શુભેચ્છા સંદેશ

સ્નેહીશ્રી,

ધી ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લી.(ખેતી બેંક) રાજ્યના ખેડુતોને લાંબી મુદતનું અને મધ્યમ મુદતનું ખેતી અને ખેતીને સંલગ્ન હેતુઓ માટે ધિરાણ કરતી રાજ્યની સૌપ્રથમ સહકારી બેંક છે અને વર્ષોવર્ષ ખેડુતોના આર્થિક વિકાસ માટે ખુબ સારી કામગીરી કરી રહી છે. સને 2022–23 ના વર્ષમાં બેંકે રૂા. 100 કરોડથી વધુ નફો કરેલ છે અને દેશની 0 % એન.પી.એ.ધરાવતી એકમાત્ર કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક છે.

રાજ્યની ખેતી બેંક ખેડુતોના વિકાસ માટે અને "સહકાર થી સમૃધ્ધિ" ના સૂત્રને સાકાર કરવામાં સહાયરૂપ થઈ રહી છે તે ખુબ સારી બાબત છે.

તાજેતરમાં ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલના વરદ્ હસ્તે બેંક દ્વારા રાજ્યના છેવાડાના ખેડુતોને પણ કૃષિ લક્ષી માહિતી ઘેર બેઠા મળી રહે તે માટે ખેતી બેંક દ્વારા "કૃષિ વિચાર" નામનું માસિક મેગેઝીન શરૂ કરવામાં આવેલ છે તે ખુબ આવકારદાયક છે.

કૃષિ વિચારથી રાજ્યના ખેડુતોને સહકારી ક્ષેત્રથી લઈને કૃષિલક્ષી યોજનાઓ ઉપરાંત ખેડુતોને કૃષિ ઉત્પાદન વધારી તેમની આવકમાં વધારો કરવાના માર્ગદર્શન આપવા માટે આ મેગેઝીન ઉપયોગી થઈ શકશે.

બેંકના ચેરમેનશ્રી ડોલરભાઈ કોટેચાની અધ્યક્ષતામાં બેંક વધુ પ્રગતિ કરે તેવી ખાસ શુભકામના પાઠવું છું. કૃષિ વિચાર માસિક મેગેઝીનના ખાસ દિપોત્સવી અંક પ્રસિધ્ધ કરવા બદલ ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવું છું.

કુશળ હશો.

આપનો,

(જગદીશ)

પ્રતિ,
શ્રી ડોલરભાઈ કોટેચા,
ચેરમેનશ્રી, ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લી.
નહેરૂબ્રીજ પાસે, આશ્રમરોડ, નવરંગપુરા, અમદાવાદ – 380009.



મહિલાઓના સેલ્ફ હેલ્પ ગ્રુપને ડ્રોન આપી સરકાર આર્થિક સદ્ધરતા વધારશે

ગરીબોની અને ખેડૂતોની આર્થિક સદ્ધરતામાં વધારો કરવાની એક પણ તક પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચૂકતા જ નથી. આ જ ધ્યેય સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત અને દેશભરના રાજ્યોના મહિલાઓના સેલ્ફ હેલ્પ ગ્રુપને 15000 ડ્રોન પૂરા પાડવાની સ્કીમ લોન્ચ કરી છે. આ યોજના પાછળ રૂ. 1261 કરોડનો ખર્ચ કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. આ યોજના 2024-25 અને 2025-26ના વર્ષ સુધી અમલમાં રહેશે. ખેડૂતોને કૃષિને લગતા કામકાજ માટે ભાડેથી ડ્રોન પૂરા પાડવાની યોજના છે. દરેક ખેડૂતોને ભાડેથી ડ્રોન મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે. ડ્રોન ભાડે આપવાથી થનારી ભાડાંની આવક સેલ્ફ હેલ્પ ગ્રુપ પોતાની પાસે રાખી શકશે. પરિણામે સેલ્ફ હેલ્પ ગ્રુપની આર્થિક સદ્ધરતામાં સુધારો થઈ શકશે.

મહિલા સશક્તિકરણનો મુદ્દો કાયમને માટે ભાજપના એજન્ડામાં રહ્યો જ છે. મહિલાઓના સેલ્ફ હેલ્પ ગ્રુપ-એસએચજીને ભાડેથી આપવા માટે ડ્રોન પૂરા પાડવાની યોજના પણ આ જ આયોજનનો એક હિસ્સો છે. બીજું મહિલાઓના સેલ્ફ હેલ્પ ગ્રુપની આર્થિક સદ્ધરતામાં પણ તેનાથી ખાસ્સો વધારો થશે. તેની સાથે જ કૃષિ સેક્ટરમાં નવી ટેક્નોલોજી પણ તેઓ ઈન્ટ્રોડ્યૂસ કરી રહ્યા છે. તેનાય ખાસ્સા ફાયદા થશે.

ડ્રોનની મદદથી ખેતરમાં યુરિયાનો અને તેમાંય ખાસ કરીને નેનો યુરિયાનો છંટકાવ કરવાની કામગીરી બહુ જ સરળ અને ઝડપી બની જશે. નેનો યુરિયાનો ઉપયોગ વધશે તો આયાતી યુરિયાનો વપરાશ ઘટી જશે. આયાતી યુરિયાનો વપરાશ ઘટશે તો તેની આયાત માટે ખર્ચવા પડતા વિદેશી હૂંડિયામણની બચત થશે. ત્રીજું, તેનાથી ખેતમજૂરોની અછતની સમસ્યા હળવી થશે. આજે ખેતરમાં મજૂરી કરવા માટે ખેડૂતોના છોકરાઓ તૈયાર નથી. તેમને ખેતી કામમાં રસ નથી. તેમને ખેતી કામમાં રસ ન હોવાથી ખેતી કામ માટે મજૂરો પરની નિર્ભરતા વધી ગઈ છે. મજૂરો મળતા નથી. તેથી ખેતી પર અવળી અસર પડી રહી છે.

પરંતુ ડ્રોનની સેવા મળી જતાં મજૂરોની જરૂરિયાતમાં ઘટાડો થશે. મજૂર કરે તેનાથી વધુ ઝડપથી અને ઓછા સમયમાં તથા ઓછા ખર્ચે ડ્રોન વધુ કામ કરી આપશે. ડ્રોનની મદદથી પાકને રોગ લાગે ત્યારે તે શોધી શોધીને તે વિસ્તારમાં અને તેની પરિસરમાં દવાનો છંટકાવ કરીને પણ રોગચાળાને અંકુશમાં લઈ શકાય છે. બીજું, આખા ખેતરમાં રોગ હોય કે ન હોય બધે જ દવા છાંટીને બિનજરૂરી દવાનો છંટકાવ પણ આટકાવી શકાશે.

ડ્રોન ભાડેથી આપવાની યોજનાના આકર્ષક પાસાંઓની વાત કરવામાં આવે તો આ યોજના



લોન્ચ કરીને કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ, ગ્રામીણ વિકાસ વિભાગ અને રાસાયણિક ખાતર વિભાગ, મહિલાઓના સેલ્ફ હેલ્પ ગ્રુપ તથા અગ્રણી કંપનીઓની કામગીરી એક સાથે થઈ જાય તેવી આ યોજના છે.

ચોથી યોગ્ય વિસ્તારમાં સક્રિય મહિલાઓને ડ્રોન પૂરા પાડવામાં આવશે. તેમને ડ્રોન ઓપરેટ કરવાની તાલીમ પણ આપવામાં આવશે. આ ડ્રોન આપ્યા પછી દેશની મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા સેલ્ફ હેલ્પ ગ્રુપની પ્રગતિ પર પણ નજર રાખી શકાશે. દેશમાં સૌથી વધુ પ્રગતિશીલ ગણાતા અને માત્ર મહિલાઓ દ્વારા જ ચલાવવામાં આવતા 15000 સેલ્ફ હેલ્પ ગ્રુપને ડ્રોન આપવા માટે પસંદ કરવામાં આવશે.

મહિલાઓના સેલ્ફ હેલ્પ ગ્રુપને સંપૂર્ણ મફતમાં ડ્રોન આપવામાં આવશે નહિ. ડ્રોનની કુલ કિંમતના 20 ટકા રકમ લઈને તેમને ડ્રોન આપવામાં આવશે. બાકીની 80 ટકા રકમની આર્થિક સહાય કેન્દ્ર સરકારના માધ્યમથી મહિલાઓના સેલ્ફ હેલ્પ ગ્રુપને આપવામાં આવશે. પસંદ કરવામાં આવેલા વિસ્તારમાં સક્રિય ક્લસ્ટર લેવલના એસએચડીના ફેડરેશન તરફથી બાકીની 20 ટકા રકમ લેવલના સેલ્ફ હેલ્પ ગ્રુપે જ કરવાની રહેશે. નેશનલ એગ્રીકલ્ચર ઈન્ફ્રા ફાઈનાન્સ ફેસિલિટી (એઆઈએફ)ના માધ્યમથી સેલ્ફ હેલ્પ ગ્રુપને જમા કરાવવાની થતી 20 ટકા રકમની લોન આપી દેવામાં આવશે. તેમાંય તેની સબસિડી પેટે વ્યાજ માફીનો લાભ પણ તેમને આપવામાં આવશે. તેમને ત્રણ ટકા વ્યાજ માફી આપવામાં આવશે. વ્યાજ માફીની રકમ સંપૂર્ણ લોન ચૂકવાઈ ગયા પછી આપવામાં આવશે.

1 દેશમાં મહિલાઓના 15000 સેલ્ફ હેલ્પ ગ્રુપને માત્ર 20 ટકા કિંમતે ડ્રોન આપી ભાડાંની આવક ઊભી કરી આપવાનો પ્રયાસ

2 ડ્રોન મારફતે નેનો ફર્ટિલાઈઝર એટલે કે નેનો યુરિયા અને નેનો ડીએપીનો અને જંતુનાશક દવાઓનો પણ છંટકાવ કરી શકાશે

3 ડ્રોનનો ઉપયોગ કરવાથી ખેતી કામમાં ખેતમજૂરોની અછતની પકડી રહેલી સમસ્યા હળવી થશે. ડ્રોન ઓછા ખર્ચે મજૂરોનો વધુ કુશળ વિકલ્પ બનશે

4 ડ્રોનનું ઉત્પાદન કરતી કંપનીઓએ ઉત્પાદન વધારવું પડશે, તેમની આવકમાં તગડો વધારો થઈ જશે

ડ્રોન ઉત્પાદકોને ઘી કેળાં

સેલ્ફ હેલ્પ ગ્રુપને ડ્રોન આપવાથી પહેલો અને સૌથી મોટો ફાયદો ડ્રોનના ઉત્પાદકોને જ મળશે. તેમને ડ્રોન વધુ બનાવવા પડશે. તેનું વેચાણ વધશે. તેમની આવક વધશે. તેનાથી કૃષિ ક્ષેત્રને પણ ફાયદો જ મળશે. બીજું ડ્રોનની સુવિધા પૂરી પાડ્યા પછી અત્યારની તુલનાએ કૃષિ ક્ષેત્રમાં વધુ ઝડપથી ટેકનોલોજીનો સ્વીકાર થવા માંડશે. ડ્રોનનો ઉપયોગ કરનાર કૃષિ ક્ષેત્ર એક મહત્વનું ક્ષેત્ર બની રહેશે. આગામી 15 વર્ષમાં ડ્રોનું બજાર 50 અબજ ડૉલરની સપાટીને વળોટી જાય તેવી સંભાવના છે. આમ સરકારી યોજનાને કારણે ડ્રોન ઉત્પાદકો માટે બિઝનેસ વધારવાની તકની ઝડપી લેવા ડ્રોન બનાવતી દરેક કંપનીઓ આકાશપાતાળ એક કરશે. ડ્રોનનો ઉપયોગ વધતા ડ્રોન ઓપરેટર્સ, ડ્રોન મેઈન્ટેનન્સ અને ડ્રોનથી દવાનો છંટકાવ કરી આપવાની કામગીરી કરનારાઓ માટે રોજગારીની નવી તક નિર્માણ થશે. ડ્રોનની વધનારી ડિમાન્ડને જોતાં આગામી 5 માસમાં જારમાં સાતથી આઠ હજાર વધુ ડ્રોન વેચાતા થઈ જશે.

સેલ્ફ હેલ્પ ગ્રુપને શું શું શીખવાડવામાં આવશે?

- ડ્રોન મેળવવાને પાત્ર ગણાતા સેલ્ફ હેલ્પ ગ્રુપમાંની પાત્રતા ધરાવતા સભ્યોને અને તેમાંય ખાસ કરીને 18 વર્ષથી મોટી વયની છોકરીઓને ડ્રોન ચલાવવાની તાલીમ આપવામાં આવશે. પંદર દિવસની તાલીમ દરમિયાન પાંચ દિવસ સુધી તેમણે ફરજિયાત ડ્રોન ચલાવી દેખાડવું પડશે. બાકીની દસ દિવસની ખેતી કામમાં ડ્રોનનો ઉપયોગ કઈ કઈ રીતે કરવો તે માટેની તાલીમ આપવા માટે જ કરવામાં આવશે. ખેતી કામમાં પોષક દ્રવ્યો છાંટવા માટે ડ્રોન ચલાવવાની તાલીમ પણ તેમને આપવામાં આવશે. જંતુનાશક દવાઓનો છંટકાવ કેવી રીતે કરવો તેની પણ વિશેષ તાલીમ આપવામાં આવશે. ડ્રોનથી ઘાસચારાની વાવણી કરવી પણ સરળ બની જશે. આ માટે પણ તેમની તાલીમ આપીને સજ્જ કરવામાં આવશે.
- સેલ્ફ હેલ્પ ગ્રુપના અન્ય સભ્યોને લગાવ હશે તો તેમને ડ્રોનની મરામત કરવાની કામગીરી પણ શીખવવામાં આવશે. ડ્રોનના પૂરજાઓના ફિટિંગની અને તેને લગતા મિકેનિકલ કામકાજની તાલીમ આપવામાં આવશે. રૂરલ લાઈવલી હૂડ મિશન અને એલએફસી હેઠળ આ તાલીમ આપવામાં આવશે. એલએફસીને ડ્રોનના ટેક્નિકલ સહાયક તરીકે તૈયાર કરવામાં આવશે. ડ્રોન આપવાની સાથે સાથે જ તેમને આ તમામ તાલીમ પણ એક જ પેકેજમાં આપવામાં આવશે. ડ્રોન આપ્યા પછી બગડી જાય અને તેનો વપરાશ જ સાવ બંધ ન થઈ જાય તે માટે અને મહિલાઓના સેલ્ફ હેલ્પ ગ્રુપની તકલીફમાં ઘટાડો કરવા માટે ડ્રોન બનાવનારી કંપની તેની મરામતની સેવા પૂરી પાડે, ડ્રોનની જાળવણીની સેલા પૂરી પાડે તે માટે એલએફસી સેતુ કે બંનેને જોડતી કડી તરીકેની કામગીરી કરશે.
- એલએફસી નેનો ફર્ટિલાઈઝરના વપરાશ વધારવા માટે ખેડૂતોને પ્રોત્સાહન આપવાનું કામ કરશે. ડ્રોન મારફતે નેનો ફર્ટિલાઈઝર એટલે કે નેનો યુરિયા અને નેનો ડીએપીનો અને જંતુનાશક દવાઓનો પણ છંટકાવ કરી શકાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ યોજના ચાલુ કરીને 15000 સેલ્ફ હેલ્પ ગ્રુપને વાર્ષિક ઓછામાં ઓછી રૂ.1 લાખની આવક કરાવવાનું આયોજન કર્યું છે. તેની સાથે ખેતી કરવા માટે અત્યાધુનિક ટેક્નોલોજીનો પણ ઉપયોગ થશે. તેમ થતાં ખેતી કામમાં કુશળતા અને ચોકસાઈ વધશે. તેમની પાકની ઉપજ વધશે અને પાક લેવા માટેનો ખર્ચમાં ઘટાડો પણ થશે

પ્રધાનમંત્રી કિસાન ટ્રેક્ટર યોજના
હેઠળ 50 ટકા સુધીની સબસિડી

શ્રમિકો જ ન મળતાં હોવાથી ખેતી કામમાં ટ્રેક્ટર એક અત્યંત સાધનો લાભદાયી સાબિત થઈ રહ્યા છે. ખેડૂતોની આવક વધે અને તકલીફ ઘટે તે માટે સદાય તત્પર પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ ખાસ યોજનાની જાહેરાત કરી છે. પ્રધાનમંત્રી કિસાન ટ્રેક્ટર યોજના તરીકે આ યોજના જાણીતી છે. ટ્રેક્ટરની ખરીદી દરેક ખેડૂતને પરવડતી નથી. નવા ટ્રેક્ટરની ખરીદી કરનારને 20થી 50 ટકા સબસિડી આપવામાં આવે છે. 2022માં આ યોજના લાવવામાં આવેલી છે. રાજ્ય સરકારો આ યોજનાનો અમલ કરી રહી છે. આ યોજના માટે ખેડૂત આઈ પોર્ટલ પર ફોર્મ ભરી શકાય છે. તેમ જ ઓફલાઈન ફોર્મ સરકારી કચેરીમાં જઈને ભરી શકાય છે. ટ્રેક્ટરના ધિરાણ માટેની યોજનામાં મળવાપાત્ર સબસિડી ખેડૂતોના ખાતામાં સીધી જમા થાય છે. 18થી 60 વર્ષની વયજૂથમાં આવતા ખેડૂતોને ટ્રેક્ટર લોન મળવાપાત્ર છે. વયની બાબતમાં બાંધછોડ કરવી કે નહિ તે નિર્ણય લેવાનું રાજ્યસરકાર પર છોડવામાં આવ્યું છે. જે પરિવારની વાર્ષિક આવક રૂ. 1.5 લાખ કે તેનાથી ઓછી હોય તેઓ ટ્રેક્ટર લોન મેળવવાની પાત્રતા ધરાવે છે.

બીજું, ટ્રેક્ટર લોન માટે અરજી કરનાર ખેડૂત પાસે સીમાંત ખેડૂતની કેટેગરીમાં આવતા ખેડૂત જેટલી જ જમીન હોવી જોઈએ. આ યોજના હેઠળ અરજદાર એક જ ટ્રેક્ટર ખરીદી શકે છે. તેમ જ ખેડૂતે છેલ્લા સાત વર્ષમાં આ બીજી કોઈ ટ્રેક્ટર લોન લીધેલી ન હોવી જોઈએ. પરિવારના એક જ સભ્યને ટ્રેક્ટર લોન મળી શકે છે. જોકે પરિવારની મહિલા સભ્યને આ યોજના હેઠળ કેટલાક વધારાના લાભ આપવામાં આવે છે. આ પ્રકારની અન્ય સબસિડી યોજનાનો લાભ તે ખેડૂતે લીધેલો ન હોવો જોઈએ.

ટ્રેક્ટર લોન માટે અરજી કરનાર ખેડૂતે લોનની અરજી સાથે આધારકાર્ડ, મતદારનું ઓળખકાર્ડ, જમીનની માલિકીના કાયદેસરના દસ્તાવેજ, બેન્ક પાસબુક, પાસપોર્ટ સાઈઝના ફોટા

2022માં ચાલુ કરવામાં આવેલી પ્રધાનમંત્રી કિસાન ટ્રેક્ટર યોજનાનો લાભ લેવા ખેડૂત આઈ પોર્ટલ પર ફોર્મ ઓનલાઈન કે પછી સરકારી કચેરીમાં જઈ ઓફલાઈન ફોર્મ ભરી શકાય

રજૂ કરવાના રહે છે. આ લોન માટેની અરજી ઓનલાઈન આઈ-ખેડૂત પોર્ટલ પર કે સરકારી કચેરીમાં જઈને ઓફલાઈન અરજી પણ કરી શકે છે. નજીકમાં આવેલા કોમન સર્વિસસેન્ટર પર જઈને પણ ખેડૂત તેની અરજી રજૂ કરી શકે છે. તેમ જ પબ્લિક સર્વિસ સેન્ટર કે રાજ્ય સ્તરના કૃષિ વિભાગને પણ અરજી કરી શકે છે. આ અરજીમાં કોઈપણ માહિતી ખોટી ન જાય તેની તકેદારી રાખવાની રહેશે. તેની સાથે રજૂ કરવામાં આવેલા દરેક દસ્તાવેજો હંમેશા હાથવગા રાખવા જોઈએ. જેથી જરૂર પડ્યે તેનો તરત જ ઉપયોગ કરી શકાય। આધારકાર્ડમાં જે રીતે ખેડૂતનું નામ લખેલું હોય તે જ રીતે ટ્રેક્ટર લોનની અરજીમાં અરજદાર ખેડૂતનું નામ લખેલું હોવું જરૂરી છે. ખેડૂતની જન્મતારીખ, સ્ત્રી છે કે પુરુષ, જ્ઞાતિ-જાતિ, પિતા-પતિનું નામ, કાયમી સરનામું, જમીનની માલિકીના કાયદેસરના દસ્તાવેજોની વિગતો, રાજ્યનું નામ, બેન્ક ખાતાની વિગતો, ઈ-મેઈલ આઈડી, સક્રિય હોય તેવો મોબાઈલ નંબર પણ અરજી સાથે આપવાનો હોય છે.


ટ્રેક્ટરની લોન મળ્યા પછી ખેડૂતોએ કોમર્શિયલ ટ્રેક્ટરનો ઈન્સોરન્સ મેળવી લેવો જોઈએ. ટ્રેક્ટર ચોરી થઈ જાય કે તેને અકસ્માતમાં નુકસાન થાય તો તેની સામે રક્ષણ આપવા માટે તેનો વીમો લેવો અનિવાર્ય છે. ટ્રેક્ટર વીમા પર મળનારી સબસિડીની રકમ ખેડૂતના બેન્ક ખાતામાં જ સીધી ટ્રાન્સફર કરવામાં આવે છે.

ખેતી બેન્કમાંથી ટ્રેક્ટર લોન મેળવવા પર ₹.60000ની સબસિડી મળે

ખેતી બેન્ક 10 લાખ સુધીની મહત્તમ લોન આપે છે. તેના પર 12 ટકા વ્યાજ લે છે. ખેડૂતે ટ્રેક્ટરની કિંમતના 15 ટકા માર્જિન મની તરીકે જમા કરાવવાના હોય છે. સાત વર્ષમાં લોન પરત ચૂકવવાની હોય છે. છ મહિને એક હપ્તો ભરવાનો આવે છે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં ખેડૂતે અરજી કરવાની હોય છે. ખેડૂતે તેની અરજીમાં કઈ બેન્કમાંથી લોન જોઈએ છે તે લખવાનું હોય છે. સબસિડી બેન્ક નહિ, પરંતુ સરકાર તરફથી સીધી તેમના ખાતામાં જમા આવી જાય છે. ખેતી બેન્ક પણ ટ્રેક્ટર લોન આપવાનું કામ કરે જ છે. ખેડૂતની ટ્રેક્ટર લોન મંજૂર થયા પછી બેન્ક દ્વારા માન્ય કરવામાં આવેલા ટ્રેક્ટર ઉત્પાદકના અધિકૃત વિક્રેતા પાસેથી જ ટ્રેક્ટરની ખરીદી કરવાની રહે છે. ટ્રેક્ટર લોનની પૂર્વ મંજૂરી મળ્યાના 60 દિવસના ગાળામાં તેને માટેની અરજી અને જરૂરી દસ્તાવેજો રજૂ કરી દેવાના હોય છે. ગુજરાતના કોઈપણ ખેડૂત ખાતેદારને ટ્રેક્ટર લોન મળી શકે છે.

ખેતી બેન્ક દ્વારા આપવામાં આવતી ટ્રેક્ટર લોનમાં 40 પી.ટી.ઓ. હોર્સ પાવર સુધીના મોડેલની ખરીદી માટે કરવા પડનારા ખર્ચના 25 ટકા અથવા તો મહત્તમ રૂ. 45000નું ધિરાણ આપવામાં આવે છે. 40 પી.ટી.ઓ. હોર્સ પાવરથી વધુ અને 60 પી.ટી.ઓ. હોર્સ પાવર સુધીના ટ્રેક્ટરના મોડેલ માટે કરવામાં આવનારા ખર્ચના 25 ટકા અથવા તો મહત્તમ રૂ. 60000 સુધીની સબસિડી આપવામાં આવે છે.





પશુપાલનમાં માત્ર માણસોને ભરોસે રહેશો તો ડૂબ્યા જ સમજો

છ વર્ષે પૂર્વે માત્ર **10 લાખ રૂપિયા** લઈને પંજાબથી ગાય લાવીને પશુપાલનનો આરંભ કરનાર દુર્ગા પટેલ આજે મહિને રૂ. **1.40 લાખની ચોખ્ખી આવક** કરે છે.

બોલો, રૂ. 1.40 લાખનો પગાર કોણ આપણને આપે છે? મારો કોઈ સાહેબ નથી, હું મારી પોતાની ગાડીમાં ફરું છું. મેં મારા પતિ પાસેથી લીધેલા રૂ. 10 લાખ પણ દોઢ જ વર્ષમાં કમાઈને પરત કરી દીધા.

છ વર્ષ પહેલા માત્ર 10 લાખ રૂપિયા લઈને 10 દેશી ગાય લઈને પશુપાલનના ધંધામાં ઝંપલાવનાર સાબરકાંઠાના દુર્ગાબહેન પાસે 40 ગાય છે અને સાત ભેંસ પણ છે. તેઓ સાબર ડેરીમાં દૈનિક 300 લિટર દૂધ ભરાવે છે. તેમાંથી મહિને 3 લાખ રૂપિયાની આવક થાય છે જેમાંથી તેમની નેટ ઈન્કમ રૂ. 1.40 લાખ જેટલી છે. હા, તેમણે મદદનીશ તરીકે ત્રણ માણસો રાખ્યા છે. દુર્ગા પટેલ કહે છે, મારા રોજનું 500 લિટર દૂધ ભરવાનું ટાર્ગેટ છે.

દુર્ગાબહેને તેમની કામ કરવાની પદ્ધતિનો પરિચય આપતા કહ્યું, "હું પશુપાલનની સાથે 20 એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી કરું છું. તેમાં કોઈ જ રાસાયણિક ખાતર વાપરતી નથી. ગાયના ચારા માટે ઘાસ પણ આ જ રાસાયણિક ખાતર વિના જ ઉગાડું છું. ગયા વર્ષે મેં શાકભાજીની ખેતી કરી હતી, આ વર્ષે કપાસ ઉગાડ્યો છે. બીજું આ વખતે સોયાબિન પણ કર્યા છે. ગઈ સીઝનમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિએ ઘઉંનો પાક લીધો હતો. આમ ખેતરમાં ખેડવાથી માંડીને સારસંભાળ લેવાનું તમામ કામ પોતે જ કરું છું. ખેતરમાં ખેડવા કે રોપવાનું કામ પોતે જ કરું છું, માણસો કામ કરતા હોય તો પણ હું હાજર રહું છું. આ માટે રોજ સવારે 4 વાગ્યે ખેતરમાં જવા નીકળી જાઉ છું. તેમ જ રોજ સાંજે પણ 4 વાગ્યે ખેતર પહોંચી જાઉ છું. દૂધ દોહવા પણ જાતે જ જાઉ છું. ગાયનો ઘાસચારો પણ હું પોતે જ નખાવું છું. ગોબરમ અને ગૌમૂત્રમાંથી ખાતર અને જીવામૃત બનાવવાનું કામ પણ જાતે જ કરું છું. હવે ગોબર ગેસનો પ્લાન્ટ નાખવા માટેની અરજી પણ કરી દીધી છે. મધ્યમ કદનો પ્લાન્ટ નાખવાનો ઈરાદો છે." આમ દુર્ગા પટેલ આવકની એક પણ તક ગુમાવતા નથી. જીવનમાં મળતી તકને ઝડપી લેનાર વ્યક્તિ ક્યારેય નિષ્ફળ જતી નથી. દુર્ગા પટેલ તેનું એક જીવંત ઉદાહરણ છે.

પશુ પાલન અને ખેતીમાં કઈ રીતે પ્રવેશ્યા તેની વાત કરતાં દુર્ગા પટેલ કહે છે, "મારા પતિ કોન્ટ્રાક્ટર છે. તેમનો કન્સ્ટ્રક્શનનો બિઝનેસ છે. મને ખેતી કરવાનો શોખ છે. તેથી મેં તેમને કહ્યું મારે ખેતી કરવી છે. તેમને ખેતીમાં રસ નહતો પણ તેમણે મને આર્થિક ટેકો આપવાની તૈયારી દર્શાવી. શરૂઆતમાં તેમણે મને રૂ. 10 લાખની મદદ કરી. આ રકમથી મેં મારી યાત્રા શરૂ કરી. પહેલા તો તેમાંથી મેં શેડ બનાવ્યો. તેમ જ પંજાબમાંથી આઠ ગાય લાવી. કમાણી કરવા માટે પંજાબની ગાય સારી હોવાથી મેં તે





જ ખરીદવાનો નિર્ણય લીધો હતો. પંજાબથી HS નસલની ગાયો તો લાવી પરંતુ પહેલા મહિને જ દવાનો રૂ. 50,000નો ખર્ચ આવ્યો. તેથી હું નાસીપાસ થઈ ગઈ."

તેઓ કહે છે, "મને થયું, પહેલા મહિને જ દવાનો રૂ. 50,000નો ખર્ચ કરીશ તો કેવી રીતે કમાઈશ? તેથી દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાંથી કૃષિ કામનો ડિપ્લોમાનો મેં અભ્યાસ કર્યો છે. તેમનો સંપર્ક કર્યો. તેમણે મને દવા કેમ અને કઈ રીતે કરવી તેનું મને માર્ગદર્શન આપ્યું અને મારી સમજણ વધારવામાં મદદ કરી. તેમણે મને દવા અને ઇન્જેક્શન આપતા અને બોટલ ચઢાવતા પણ શીખવી દીધું. તેમની પાસેથી હું ગાયોની ડિલીવરી કરાવવાનું કામ પણ શીખી ગઈ. પરિણામે આજે મારે મેડિકલનો ખર્ચ લગભગ ઝીરો થઈ ગયો છે. છેલ્લા બે વર્ષમાં પશુનો કોઈપણ ડૉક્ટર મારા તબેલામાં આવ્યો નથી. મેજર માંદગી હોય તો જ ડૉક્ટરને બોલાવું છે."

સવારે ચાર વાગ્યે ઊઠીને કામમાં જોતરાઈ જતાં દુર્ગા પટેલ ગાયને ચારો નાખવાનું કામ પણ જાતે જ કરે છે



દુર્ગા પટેલ એક જ વાત કરે છે, “આપણે બધી જ બાબત પર ધ્યાન રાખવું પડે. માણસોના વિશ્વાસે કંઈ જ ન થાય. તેમના ભરોસે રહ્યા તો ડૂબ્યા જ સમજો. માણસો પર જ મદાર બાંધતા હોવાથી બાયડમાં કેટલાય તબેલા બંધ થઈ ગયા. તેમનું એક જ રટણ છે અમને કશું મળતું જ નથી. ન જ મળે. માણસો ગાયમાં અડધુ દૂધ મૂકી દે, પૂરી ન દોહે. ખાણ ન આપે અને કદાચ અડધું જ આપે અને અડધુ ખાણ વેચી પણ દે. પશુ પાલન એ રોજની નોકરી છે. તેમાં સંપૂર્ણ ધ્યાન રાખવું પડે.”

દુર્ગા બહેનની પોતાની જ જમીન છે તેથી હું લીલો ઘાસ ચારો અને સાયલેજ ઘાસ તે ગાયોને ખવડાવે છે. મકાઈ અને જુવારના ઘાસનું કટિંગ કરીને સંગ્રહી રાખે છે. તેને સાયલેજ તરીકે ઓળખાવવામાં આવે છે. આ સાયલેજ ગાય માટે બહુ જ પૌષ્ટિક ગણાય છે. તે ગાયને લીલું ઘાસ પણ ખવડાવે છે. તેઓ કહે છે, "એક ગાય પાછળ રોજનો મારો ખર્ચ રૂ. 300-400ની આસપાસનો થાય છે. તેની સામે એક ગાય રોજના 20 લિટરથી વધુ દૂધ આવે છે. મારે ત્યાં દરેક ગાયનું રોજનું 20 લિટરથી વધુ દૂધ આપે જ છે. દૂધનો લિટરદીઠ ભાવ રૂ. 35થી 40નો ભાવ આવે છે. દૂધ ભરીએ તેની આવક થાય છે અને તેમાં વાર્ષિક 20 ટકાનો વધારો(બોનસ) મળે છે. હું રૂ. 3 લાખનું માસિક દૂધ ભરું છું તેમાં ડેરીએ વરસે 20 ટકાનો વધારો આપ્યો. પરિણામે રૂ. 7.20 લાખનું બોનસ આવ્યું. આમ માસિક આવકમાં 60,000નો વધારો થઈ ગયો. તેની સામે તમામ પશુઓના મળીને મારે મહિને ખાણ અને દાણનો અંદાજે રૂ.1.50 લાખનો ખર્ચ આવે છે. તેમાં ઘરમાંથી ઘાસ તૈયાર કરીને આપતી હોવાથી તેના ગણિત માંડ્યા નથી. બહારથી ઘાસ લાવો તો તેમાં ખર્ચ થોડો વધી શકે છે."

20 એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી કરતાં દુર્ગા પટેલ રોજના 500 લિટર દૂધ ડેરીમાં ભરવાનું ટાર્ગેટ રાખી રહ્યા છે.



ગાયની વાછરડીને દુર્ગાબહેન જાતે જ ઉછેરે છે. તેઓ દર વર્ષે ત્રણેક વાછરડી ઉછેરે છે. તેઓ વાછરડીને વિટામિન્સવાળા પોષક આહાર આપીને તૈયાર કરે છે. તેરથી ચૌદ મહિનામાં આ વાછરડી તૈયાર થઈ જાય છે. તેના થકી પણ સવા બેથી ત્રણ લાખની આવક થાય છે. ભેંસની પાડીને પણ તેઓ આ જ રીતે ઉછેરે છે.

પોતાના બેકગ્રાઉન્ડ વિષે વાત કરતા દુર્ગાબહેન પટેલ જણાવે છે, "હું બાર પાસ થયેલી છું. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાંથી ખેતી કામનો ડિપ્લોમા કર્યો છે. ગયા વરસે મારા પશુપાલનના કામકાજનો સરવે કરવામાં આવ્યો હતો. તેમાં પશુ પાલન કરવાના

ખર્ચ અને દૂધની આવકનો હિસાબ માંડી આપ્યો. તેમના હિસાબ પછી મારી માસિક પગારની આવક રૂ. 1.40 લાખની આવી હતી. બોલો, કોણ રૂ. 1.40 લાખનો પગાર આપણને આપે છે? મારો કોઈ સાહેબ નથી. મારી પોતાની ગાડીમાં ફરું છું. મેં મારા પતિ પાસેથી લીધેલા રૂ. 10 લાખ પણ દોઢ જ વર્ષમાં કમાઈને પરત કરી દીધા હતા. આજ દિન સુધી મેં કોઈપણ જગ્યાએથી લોન લીધી નથી. પરંતુ હજીય મહિને 500 લિટર દૂધ ભરવાની ઈચ્છા છે. આ માટે થોડી લોન લેવાની ઈચ્છા છે." ચૌધરી સમાજની મહિલા તરીકે તેમના સમાજના લોકોને જરૂર પડે ત્યારે દુર્ગાબહેન તેમને મદદ કરવા તત્પર રહે છે. પૂરના સમયમાં ગરીબોને માટે જમણવાર પણ તેઓ કરે છે. તેઓ પોતાને સંપૂર્ણ રીતે પ્રવૃત્ત મહિલા ગણાવે છે.

આજે દુર્ગાબહેન ખેતી કરવા માટે ટ્રેક્ટર પણ ચલાવી શકે છે. સ્વાવલંબી હોવાથી જ સફળતાના શિખરે પહોંચ્યા




પશુપાલનમાં મહારત હાંસલ કર્યા બાદ દુર્ગાબહેન હવે પ્રાકૃતિક ખેતી તરફ મીટ માંડી રહ્યા છે. તેઓ કહે છે, "હું 20 એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી પણ કરું છું. પ્રાકૃતિક ખેતીમાં ખર્ચ ઓછો આવે છે. ખાતર મારા પોતાના ઘરનું છે. જીવામૃત હું મારી પોતાની રીતે જ બનાવું છું. મેં પ્રાકૃતિક પદ્ધતિએ જુવારની ખેતી કરી છે. હું ગોબરનું ખાતર પાણી મારફતે ખેતરમાં જવા દઉ છું. તેમાં એક રૂપિયાનું રાસાયણિક ખાતર નાખતી નથી. હા, પ્રાકૃતિક ખેતીમાં પહેલા ઉતારા થોડા ઓછા આવે છે. પહેલા વરસે મારે વિઘે 35-40 મણના ઉતારા સામે 15થી 17 મણના જ ઉતારા આવ્યા હતા. બે ત્રણ વર્ષમાં જમીન એકદમ ફળદ્રુપ બની જાય છે. તે પછી વિઘે 35થી વધુ મણના ઉતારા આવી જાય છે. આ વરસે પણ ઘઉની ખેતી કરવાની છું. હવે પછી બાગાયતી ખેતીમાં પણ ઝંપલાવવાનો ઈરાદો છે."

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓનું માર્ગદર્શન મેળવી પશુઓની સારવાર કરવાની કુશળતા પણ દુર્ગા પટેલે કેળવી લીધી.



દુર્ગાબહેને સારી નસલની વાછરડીનો ઉછેર કરવા પર પણ ફોકસ કરી વધારાની 2 લાખની આવક કરી



આ ટેકનોલોજી કેવી રીતે કામ કરે છે? વીડિયો જોવા માટે QR કોડ સ્કેન કરો.

માણસો પર મદાર બાંધતા હોવાથી કેટલાય તબેલા બંધ થઈ ગયા. કારણ કે માણસો ગાયમાં અડધુ દૂધ મૂકી દે, પૂરી ન દોહે અને ખાણ બરાબર ન આપે. અડધુ ખાણ વેચી પણ દે. પશુપાલન એ રોજની નોકરી છે. તેમાં સંપૂર્ણ ધ્યાન રાખવું પડે.

સ્વચ્છ દૂધ ઉત્પાદન મેળવવા માટે શું કરવું?

- સ્વચ્છ દૂધની સારી કિંમત ઉપજે છે, તેમાંથી બનાવાયેલી ડેરી પ્રોડક્ટ્સ જલ્દી બગડતી નથી.
- સ્વચ્છ દૂધ મેળવવા માટે ગમાણ તેમજ દૂધ દોહવાના વાસણની સફાઈ રાખવી જરૂરી
- પશુના આંચળને દ્રાવણથી સાફ કરી, લૂછીને પછી જ દૂધ દોહવું જોઈએ

ભારત કૃષિપ્રધાન દેશ છે અને ડેરી ઉદ્યોગ ભારતના અર્થતંત્રમાં સારો ફાળો આપે છે. ખેડૂતો માટે પડતર આવક ઊભી કરવા માટે ડેરી ઉદ્યોગ ઉત્તમ વિકલ્પ છે. ભારતમાં 8 કરોડથી વધારે લોકો ડેરી ઉદ્યોગમાંથી રોજગારી મેળવે છે. નાના, જમીન વિહોણા અને સીમાંત ખેડૂતો પણ ડેરી ઉદ્યોગમાંથી રોજગારી મેળવી શકે છે. ગ્રામીણ ક્ષેત્રે મહિલાઓ આ ઉદ્યોગમાંથી સારી આવક મેળવી રહી છે. આથી મહિલાસશક્તિકરણમાં પણ ડેરી ઉદ્યોગનો ફાળો નોંધપાત્ર છે.

ભારતમાં છેલ્લા નવ વર્ષમાં દૂધ અને ડેરી ઉત્પાદનોની ડિમાન્ડ ખૂબ જ વધતી જોવા મળી છે. વિશ્વના કુલ દૂધ ઉત્પાદનમાં 24 ટકા ફાળા સાથે ભારત અગ્રક્રમે છે. ભારતનું દૂધ ઉત્પાદન પણ છેલ્લા એક દાયકામાં સારુ એવું વધ્યું છે. 2013-14માં ભારતમાં દૂધનું ઉત્પાદન 13.77 કરોડ ટન હતું જે 2021-22માં વધીને 22.11 કરોડ ટન થયું છે. વળી, માથાદીઠ દૂધની ઉપલબ્ધતા અગાઉ દિવસની 303 ગ્રામ હતી જે હવે વધીને 444 ગ્રામ પ્રતિ દિવસ થઈ છે. આમ તેમાં પણ 50 ટકા જેવો વધારો જોવા મળ્યો છે.

દૂધની માંગ વધી છે તો સાથે સાથે ગ્રાહકો દૂધની ગુણવત્તા માટે પણ પહેલા કરતા વધારે જાગૃત બન્યા છે. તેઓ દૂધ સ્વચ્છ, જીવાણુમુક્ત અને પૌષ્ટિક હોવાનો આગ્રહ રાખતા થયા છે. આથી પશુપાલકો માટે દૂધ દોહતી વખતે તે સ્વચ્છ હોય તેની ખાતરી કરવી ખૂબ આવશ્યક બની ગઈ છે. જે દૂધ શુદ્ધ અને સ્વચ્છ વાતાવરણમાં દોહવામાં આવે, જેનો સ્વાદ અને સુગંધ સારા હોય છે. આ ઉપરાંત તે ધૂળ, માટી, જીવાત તથા રોગના જીવાણુથી મુક્ત હોય છે. સ્વચ્છ દૂધમાં પેસ્ટિસાઈડ્સ, ઝેરી કે હેવી મેટલ્સ, ઝેરી રસાયણોના અવશેષો હોતા નથી. આ ઉપરાંત તેમાં સૂક્ષ્મ જીવાણુ પણ ઘણી ઓછી માત્રામાં હોય છે. જે પશુપાલકો સ્વચ્છ દૂધ ઉત્પાદન કરી શકે તેઓ લિટરદીઠ દૂધના વધારે ભાવ મેળવી શકે છે.

સ્વચ્છ દૂધ કેમ જરૂરી છે?

ડેરી ઉત્પાદકોનું સૌથી નકારાત્મક પાસુ એ છે કે ડેરી પ્રોડક્ટ્સની શેલ્ફ લાઈફ ઓછી હોય છે. અર્થાત્, તે જલ્દી બગડી જાય છે. ખાસ કરીને તેમાં જીવાણુ કે અન્ય ગંદકી મોજૂદ હોય ત્યારે તે ઝડપથી બગડી જાય છે. સ્વચ્છ દૂધનો સૌથી વિશેષ ફાયદો એ છે કે તે જલદી બગડતું નથી. તેની શેલ્ફ લાઈફ પ્રમાણમાં સારી છે. આવું દૂધ પીનારના આરોગ્ય માટે સારુ છે. બીજું, આવા દૂધમાંથી અન્ય ડેરી પ્રોડક્ટ્સ, માવો કે મીઠાઈ બનાવવામાં આવે તો આ પ્રોડક્ટ્સ પણ લાંબા સમય સુધી બગડતી નથી. આવી પ્રોડક્ટ્સ ઉચ્ચ ગુણવત્તાવાળી હોય છે અને તેની માર્કેટમાં વધારે ડિમાન્ડ રહે છે. આ કારણે સ્વચ્છ દૂધ અને તેમાંથી બનેલી પ્રોડક્ટ્સ પશુપાલકોને સારી કિંમત અપાવી શકે છે.

કોઈપણ ચીજની નિકાસ કરવા માટે તેની ગુણવત્તા આંતરરાષ્ટ્રીય ધારાધોરણો મુજબ શ્રેષ્ઠ હોવી જરૂરી છે. આથી જો તમે દૂધ કે ડેરી પ્રોડક્ટ્સની નિકાસ કરીને આવકનો સ્રોત ઊભો કરવા માંગતા હોવ તો તેના માટે દૂધ સ્વચ્છ હોવું ખૂબ જરૂરી છે.



સ્વચ્છ દૂધ કેવી રીતે મેળવી શકાય?

સ્વચ્છ દૂધ મેળવવા માટે પહેલા તો દૂધાળા પશુ રોગમુક્ત અને તંદુરસ્ત હોય તે જરૂરી છે. આ ઉપરાંત તમે જે જગ્યાએ પશુઓને રાખો છો તે ગમાણ અને આસપાસનું વાતાવરણ પણ સ્વચ્છ રાખવું જરૂરી છે. ગંદકીમાં રોગચાળો વધુ ઝડપથી ફેલાય છે. વળી, તે ગંદકી અને દુર્ગંધમાં સ્વચ્છ દૂધ મેળવી શકાતું નથી. દૂધ દોહવા માટે વાપરવામાં આવતા વાસણ પણ ચોખ્ખા હોવા જરૂરી છે. જો ધોયા વિના વાસણ વાપરવામાં આવે તો તેવા ચીકણા અને ગંદા વાસણમાં નવું દૂધ પણ ઝડપથી બગડી જાય છે.

સ્વચ્છ દૂધ માટે દૂધાળા પશુનું આરોગ્ય જેટલું મહત્વનું છે તેટલું જ મહત્વનું દોહનારાનું આરોગ્ય પણ છે. દોહનારને શરદી, ખાંસી, ત્વચાનો કોઈ રોગ થયો હોય તો દૂધ દોહવાનું ટાળવું જોઈએ. આમ કરવાથી તેના વાટે પણ જીવ-જંતુ દૂધમાં પ્રવેશે છે. દૂધ દોહવાની પ્રક્રિયા માટે જે પાણી વાપરવામાં આવે તે પણ ચોખ્ખું હોવું જોઈએ.

દૂધ દોહવામાં આવે ત્યાર પછી તેને તરત જ ફ્રીઝ કરવાની વ્યવસ્થા કરવી જોઈએ. કાં તો તેને બલ્ક મિલ્ક ચિલિંગ યુનિટ્સ ધરાવતી દૂધ મંડળીમાં તાત્કાલિક પહોંચાડી દેવું જોઈએ. આ માટે તમારે દૂધના ઝડપી વહનની વ્યવસ્થા કરવી જોઈએ.

સ્વચ્છ દૂધ મેળવવા માટે દોહતી વખતે શું ધ્યાન રાખવું જોઈએ?

- સ્વચ્છ દૂધ મેળવવા માટે ઉત્પાદકોએ વિશેષ તકેદારી રાખવી પડે છે. ત્યાર બાદ તેનો સંગ્રહ કરનાર દૂધ સહકારી મંડળીઓ, દૂધની હેરફેર કરતા વાહનો, શીત કેન્દ્રો અને ડેરી પ્લાન્ટના કર્મચારીઓની ભૂમિકા આવે છે. હવે આધુનિક ટેક્નોલોજીથી દૂધમાં મિલાવટ, કચરો વગેરે તરત જ ડિટેક્ટ કરી શકાય છે. આથી દૂધની સ્વચ્છતાના આધારે તેના ભાવ નક્કી થાય છે.
- સ્વચ્છ દૂધ મેળવવા માટે પશુધનની ખરીદી કરો ત્યારથી જ સાબદા રહો. પશુ રોગમુક્ત છે તેની ખાતરી કર્યા પછી જ ખરીદો. ખરીદ્યા પછી સમયસર રસી મૂકાવી તેને સ્વસ્થ રાખો. પશુઓ મસ્ટાઈટીસ, પેટમાં ગરબડ, ચેપી ગર્ભપાત, ફૂટ એન્ડ માઉથ ડીસીઝ વગેરે રોગોથી ગ્રસ્ત થઈ શકે છે. આથી આ રોગોના લક્ષણો દેખાય તો તરત જ પશુઓના ડોક્ટરનો સંપર્ક કરો. વળી, ગમાણમાં તંદુરસ્ત પશુઓને રોગગ્રસ્ત પશુથી દૂર બાંધીને રાખો. રોગગ્રસ્ત પશુનું દૂધ સ્વસ્થ ઢોરના દૂધમાં મિક્સ કરીને તેને દૂષિત ન જ કરવું જોઈએ.
- પશુના શરીર કે પૂંછડા પરના લાંબા વાળને સમયસર કાપતા રહેવું જોઈએ. આ વાળ દૂધમાં પડી શકે છે. આ ઉપરાંત તેના પર છાણ અને માટી સરળતાથી ચોંટી જાય છે. પરિણામે તેના કારણે દૂધ દૂષિત થઈ જાય છે. પશુની શારીરિક સ્વસ્થતા જાળવવા માટે તેમને શક્ય તેટલું નવડાવીને સ્વચ્છ રાખવા જોઈએ.
- દૂધની ગુણવત્તાનો આધાર પશુ શું ખાય છે તેના પર પણ રહેલો છે. આથી પશુને સંતુલિત આહાર આપવો જોઈએ. જો પાણીની ઉપલબ્ધિ હોય તો 24 કલાક પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. પૂરતા ખોરાક-પાણીથી પશુ સ્વસ્થ અને તંદુરસ્ત રહે છે.
- પશુઓને રાખવાના ગમાણ કે કોઢની રચના સમજી વિચારીને કરવી જોઈએ. આદર્શ રીતે તેનું ભોંયતળિયું સિમેન્ટ કોન્ક્રીટથી બનાવવું જોઈએ. પશુ મળમૂત્ર કરે પછી તેનો વહેલી તકે નિકાલ કરવાની વ્યવસ્થા કરવી જોઈએ. આમ કરવાથી ગમાણમાં જીવ-જંતુઓનો ઉપદ્રવ ઘટે છે. આ ઉપરાંત ગમાણમાં સામાન્ય રીતે જોવા મળતા માખી, જીવડા, ઉદર વગેરેને પણ અંકુશમાં રાખવા યોગ્ય ઉપાય કરો.



ગમાણની સાફ-સફાઈનો સમય સમજી-વિચારી પસંદ કરો:

સ્વચ્છ દૂધ મેળવવા માટે ગમાણને સાફ કરવું તો જરૂરી છે જ, પરંતુ તમે ગમાણ ક્યારે સાફ કરો છો તે પણ મહત્વનું છે. જેમ કે, દૂધ દોહવાના તરત પહેલા ક્યારેય ગમાણની સફાઈ ન કરવી. આદર્શ રીતે દૂધ દોહવાના અડધા

- સાવરણાથી ગમાણ સાફ કરતી વખતે રજકણો હવામાં ઊડે છે, પશુઓ પર ચોંટે છે. વળી, દૂધ દોહતી વખતે તે દૂધમાં પણ ભળે છે અને દૂધને દૂષિત કરે છે.

કલાક પહેલા ગમાણની સફાઈ કરવી જોઈએ. સાવરણાથી ગમાણ સાફ કરતી વખતે રજકણો હવામાં ઊડે છે, પશુઓ પર ચોંટે છે. વળી, દૂધ દોહતી વખતે તે દૂધમાં પણ ભળે છે અને દૂધને દૂષિત કરે છે. આમ કરવાથી દૂધમાં જીવાણુઓની સંખ્યામાં વધારો થાય છે. આથી દૂધ દોહવાના થોડા સમય પહેલા ગમાણની સફાઈ કરી લેવી જોઈએ. બીજું, દોહતા પહેલા ઢોરને સૂકો ચારો પણ ન નાંખવો જોઈએ. તેનાથી હવામાં ઘણા રજકણો ફેલાય છે જે દૂધમાં ભળીને દૂધને દૂષિત કરે છે.



વિયાણ પછીનું દૂધ વાછરડાને પીવડાવોઃ



પશુ વિયાય પછી દૂધ કાઢવાની ઉતાવળ ન કરવી. ત્રણ-ચાર દિવસનું દૂધ વાછરડાને પીવડાવવું હિતાવહ છે. તેનાથી વાછરડાને પોષણ મળે છે અને તેની રોગપ્રતિકારક શક્તિ વધે છે. તાજા જન્મેલા વાછરડા માટે આ દૂધ અમૃત સમાન છે. વળી, આ દૂધ જો બીજા દૂધ સાથે ભેળવીને ગરમ કરવામાં આવે તો દૂધ ફાટી જાય છે. આમ વિયાણ પછી તરત કાઢેલું દૂધ સારા દૂધને પણ બગાડી શકે છે. નિયમિત દૂધ કાઢવાનું શરૂ કરો ત્યારે પહેલા ચાર-પાંચ શેળ જુદા વાસણમાં કાઢવી જોઈએ. તેનું કારણ એ છે કે આ દૂધમાં સૂક્ષ્મ જીવાણુ વધુ સંખ્યામાં હોય છે અને તેની વાસ સારી નથી હોતી. પશુને કોઈ રોગ થયો હોય તો આ દૂધ જોઈને દોહનારને તરત ખ્યાલ આવી જાય છે. આથી તેને બીજા દૂધમાં બેગવવી નહિ.

દૂધ દોહતા પહેલા પશુના આંચળ અને બાવલુ પાણીથી સાફ કરવા જોઈએ. 1 લિટર પાણીમાં 50 મિ.લી આયોડોફોર મિક્સ કરી દ્રાવણ બનાવો અને તેનાથી આંચણ અને બાવલુ ધૂઓ. દૂધ દોહનારે પોતાના હાથ પણ આ દ્રાવણથી ધોવા જોઈએ. આંચળ, બાવલું અને હાથ ચોખ્ખા કપડાથી લૂછીને સૂકા કર્યા બાદ જ દૂધ દોહવાનું શરૂ કરો.



દૂધ દોહનારે સુઘડ રહેવું જરૂરી:

પશુઓને સ્વચ્છ, સુઘડ રાખવા ઉપરાંત દૂધ દોહનારે પણ સ્વચ્છ અને સુઘડ રહેવું જરૂરી છે. જેમ કે, દૂધ દોહનાર વ્યક્તિ કોઈ ચેપી રોગથી પીડાતા ન હોવા જોઈએ. તેમણે સ્વચ્છ અને ચોખ્ખા કપડા પહેરવા જોઈએ. દૂધ દોહતા પહેલા હાથ સાબુ કે આયોડિનના દ્રાવણથી ધોવા જોઈએ. દૂધ દોહતી વખતે ખાંસવું, છીંકવું કે બોલવું નહિ. આમ કરવાથી દૂધ દૂષિત થાય છે.

દૂધનું વાસણ સમજી-વિચારી પસંદ કરો:

દૂધ દોહવા માટે જે વાસણ વાપરો તે સ્વચ્છ, સૂકુ અને સાંકડા મોં વાળુ હોવું જોઈએ. આદર્શ રીતે દૂધ દોહવા સ્ટેનલેસ સ્ટીલના વાસણ વાપરવા જોઈએ. આવા વાસણોની સપાટી લીસી અને તિરાડ વગરની હોવી જોઈએ. આટલું ધ્યાન રાખવાથી વાસણને ધોવા સરળ બને છે. અને તેમાં દૂધના થર જામતા નથી. દૂધના વાસણો પણ હૂંફાળા અને ચોખ્ખા પાણીથી ધોવા જોઈએ. આમ કરવાથી તેમાં સૂક્ષ્મ જંતુઓ પનપતા નથી. વળી, તેને ચોખ્ખા કરવા માટેનું કપડું પણ સ્વચ્છ હોવું જોઈએ. નહિં તો તેને ધૂળ ન હોય તેવી જગ્યાએ સૂર્યપ્રકાશમાં સૂકાવા દેવા જોઈએ.

શક્ય હોય તો દોહ્યા પછી ઢોરની જગ્યા ફેરવી નાંખવી:

ગૌશાળા ધરાવતા અનિલભાઈ ત્રાંબડિયા જણાવે છે કે ગાયોને દોહ્યા પછી તેમની જગ્યા ફેરવી નાંખવી એ શ્રેષ્ઠ વિકલ્પ છે. ગાય કે ભેંસને દોહ્યા પછી નીચે તેમનું દૂધ પડે છે જેમાં બેક્ટેરિયા ઉત્પન્ન થાય છે. આ બેક્ટેરિયા આંચળ મારફતે ગાયોના શરીરમાં પહોંચીને મસ્ટાઈટીસ જેવા રોગ ઉત્પન્ન કરે છે. આથી દૂધ દોહ્યા પછી ઢોરને બીજી જગ્યાએ બાંધવાથી આ સમસ્યામાંથી ઘણા અંશે છૂટકારો મેળવી શકાય છે. બીજું, ગૌશાળા હોય તો કૂકડા રાખવા જોઈએ. તે ઈતરડી જેવી ઘણી જીવાતોને ખાઈ જાય છે અને તેનાથી પશુઓમાં રોગ ઓછા ફેલાય છે. હવે માર્કેટમાં આંચળને રોગથી બચાવવા ઘણા લિક્વિડ મળે છે. ગાયને દોહી લીધા પછી આંચળ તે લિક્વિડથી ધોવામાં આવે તો તેમાં કોઈ જીવાતો પ્રવેશી શકતી નથી.



ઉદયભાણસિંહજી જેઠવાઃ
ગુજરાતના સહકારી ક્ષેત્રના અજોડ સેવક

લેખકઃ વી. એમ. ચૌધરી- જોઈન્ટ મેનેજીંગ ડિરેક્ટર, કૃષિ અને ગ્રામિણ વિકાસ બેન્ક લી., અમદાવાદ

કુમાર શ્રી ઉદયભાણસિંહજી બહાદુરસિંહજીનો જન્મ ૬ ઓક્ટોબર ૧૯૧૦ના રોજ ગુજરાતમાં પોરબંદરનાં શ્રીનગરમાં થયો હતો. તેઓ ગુજરાતના પોરબંદર રજવાડાના જેઠવા વંશના છેલ્લા યુવરાજ હતા આઝાદી પૂર્વે પોરબંદર જેઠવા વંશનું રજવાડું હતું. રાણા સાગજી જેઠવા ૧૧૨૦-૧૧૫૦ દરમિયાન જેઠવા વંશના ૧૦૬મા શાસક અને પ્રથમ રાણા હતા. તેમણે ૧૧૯૩માં રાજ્યની સ્થાપના કરી જેનું નામ પાછળથી ૧૭૮૫માં પોરબંદર રાખવામાં આવ્યું. ૭મી સદીમાં જેઠવા રાજવંશ કદાચ તેમની શક્તિ અને સમૃદ્ધિની ટોચ પર હતા. તેઓ ઉત્તર પશ્ચિમમાં સિંધ અને કચ્છમાંથી ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં પ્રવેશ્યા હોય તેવું માનવામાં આવે છે. ત્યારબાદ ૯મી સદીના અંતમાં તેમણે સૌરાષ્ટ્રમાં તેમનું શાસન સ્થાપ્યું હતું. તેમના શાસન વિસ્તારની રાજધાની મયૂરપુરી શહેર હતું. મયૂરપુરી તરીકે એ જમાનામાં ઓળખાતું શહેર આજે મોરબી તરીકે ઓળખાય છે. જેઠવા રાજવંશે તેમનું સામ્રાજ્ય પશ્ચિમ તરફ વધુ ફેલાવ્યું અને ચાવડા રાજપૂતો પાસેથી દ્વારકા કબજે કર્યું હતુ. આમ જેઠવા વંશજો આગળ વધતા જ ગયા હતા. ગુજરાતના પશ્ચિમ કિનારે મિયાણી અને શ્રીનગર ખાતે વસાહતો સાથે નાગનાહ, ઘુમલી, ભાણવડ, છાયા, ઢાંક, લાઓધવા, રાણપુર નગરો સ્થાપ્યા હતા.

રાણા સાહેબ નટવરસિંહજી ભાવસિંહજી જેઠવાનો, જેઠવા વંશના



૧૮૦મા શાસક તરીકે રાજ્યાભિષેક થયા હતો. તેમની પાસે વંશને આગળ વધારવા માટે વારસ ન હતા તેથી તેમણે કુમાર ઉદયભાણસિંહજી બહાદુરસિંહજીને દત્તક લીધા હતા. આ રીતે ઉદયભાણસિંહજી નટવરસિંહજી જેઠવા ૧૨ જૂન ૧૯૪૧ના રોજ પોરબંદરની ગાદીના વારસદાર બન્યા હતા. તેમણે તેમનું પ્રાથમિક શિક્ષણ શ્રીનગર અને પોરબંદરમાં પૂર્ણ કર્યું અને બાદમાં વઢવાણ ખાતે ગીરાસીયા કોલેજમાં જોડાયા હતા. તેમણે બી.એ.ની ડીગ્રી પ્રતિષ્ઠિત બોમ્બે યુનિવર્સિટીમાંથી મેળવી હતી. ત્યારબાદ ૧૯૩૨માં પૂનાની સરકારી એગ્રીકલ્ચર કોલેજમાંથી બેચલર ઓફ એગ્રીકલ્ચરનો અભ્યાસ કર્યો હતો. શિક્ષણ પૂરું કર્યા પછી તેમણે બોમ્બે પોર્ટ ટ્રસ્ટ અને કસ્ટમ વિભાગમાં પ્રિવેન્ટિવ ઓફિસર તરીકે તેમની કારકિર્દી શરૂઆત કરી હતી. પરંતુ ત્યારબાદના વર્ષોમાં તેમણે ખેડૂત સમુદાયના ઉત્થાન અને સહકારી ચળવળના વિકાસમાં સક્રિયપણે ભાગ લીધો હતો. આજે તેમને સંખ્યાબંધ સહકારી સંસ્થાઓની સ્થાપના કરવાનો શ્રેય આપવામાં આવે છે, જે તેમની દીર્ઘદ્રષ્ટિ અને નેતૃત્વનું પ્રતીક છે.

ભારતને સ્વતંત્રતા મળ્યા પછી દેશી રજવાડાઓનું વિલિનીકરણ થતા સને ૧૯૪૯માં સૌરાષ્ટ્રનું અલગ રાજ્ય સ્થપાયું હતું. આ રાજ્ય નાનું

- **ઉદયભાણસિંહજીએ સતત 22 વર્ષ સુધી ખેતી બેન્કના પ્રમુખ તરીકે ચૂંટાઈને બેન્કના વિકાસમાં બહુમૂલ્ય ફાળો આપ્યો હતો**
- **ખેડે તેની જમીનનો કાયદો આવ્યો ત્યારે કોઈની જમીન પર ખેતી કરતાં ખેડૂતો અને માલિકો વચ્ચેના સંઘર્ષને કારણે દયનિય હાલતમા જીવતા ખેડૂતોને માલિકોના પૈસા ચૂકવી આપવા બેન્કમાંથી ધિરાણ આપવાની ઉદયભાણસિંહજીએ વ્યવસ્થા કરી આપી**

હતું પરંતું આ રાજ્યમાં ગ્રામીણ વિકાસ અને સહકારી પ્રવૃત્તિને ખાસ મહત્વ આપવામાં આવતું હતું. તત્કાલિન સૌરાષ્ટ્ર રાજ્યમાં થયેલ જમીન સુધારણાના કાયદાના અમલીકરણ માટે ખેડે તેની જમીનના આધારે ખેડૂતોને જમીન ઉપરના કબજા હક્ક અપાવવા માટે વળતરની રકમ ભરવા તથા જમીનગીરો લઈ લાંબી મુદતનું ધિરાણ કરવા સારુ સૌરાષ્ટ્ર સેન્ટ્રલ કો-ઓપરેટિવ લેન્ડ મોર્ગેજ બેન્કની સને ૧૯૫૧માં રચના કરવામાં આવેલી હતી. આ બેન્કના સ્થાપક પ્રમુખ તરીકે ઉદયભાણસિંહજીની વરણી કરવામાં આવેલી હતી. જોકે આ બેન્કનું કાર્યક્ષેત્ર ૫ જિલ્લાના તત્કાલીન સૌરાષ્ટ્ર રાજ્ય સુધી જ સીમિત હતું.

૧૯૫૬માં સૌરાષ્ટ્રનું બોમ્બે રાજ્ય સાથે વિલીનીકરણ કરવામાં આવ્યું હતું પરંતુ સૌરાષ્ટ્ર સેન્ટ્રલ કો-ઓપરેટિવ લેન્ડ મોર્ગેજ બેન્કે મોટા દ્વિભાષી બોમ્બે સ્ટેટમાં પણ અલગ સંસ્થા તરીકે કામ કરવાનું ચાલુ રાખ્યું હતું. પરંતુ તેની કામગીરીનો વિસ્તાર માત્ર સૌરાષ્ટ્રના પ્રદેશ પૂરતો મર્યાદિત હતો. ઉદયભાણસિંહજીએ જોયું કે ભાડૂત ખેડૂતની દુર્દશા વધારે છે. તેમની હાલત દયનીય છે કારણ કે તેઓ અથવા તેમના પરિવારના સભ્યોએ વર્ષોથી જે જમીન પર ખેતી કરી છે, તે જમીનની માલિકી મેળવવા માટે તેમને સંઘર્ષ કરવો પડી રહ્યો છે. ઉપરાંત જમીનના ભાડાના દર અંગે અને જમીનધારક અને ભાડૂત ખેડૂતો વચ્ચે વિવાદો ઘણાં હતા. તેથી ખેડૂતો પાસે જમીન ખાલી કરાવવામાં આવતી હતી. ૧૯૪૯માં જમીનધારકો અને તેમના ભાડૂતો વચ્ચેના વિવાદોના સમાધાન અને ખેડૂતોની સામાજિક સ્થિતિ સુધારવા માટે અન્ય બાબતોની જોગવાઈ કરવા માટે સૌરાષ્ટ્ર ઘરખેડ ભાડૂત સમાધાન અને ખેતીની જમીન વટહુકમ પસાર કરવામાં આવ્યો હતો. તદનુસાર, સહકારી માળખામાં આ બેન્કની રચના ગીરો બેંકિંગની તર્જ પર કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્રનો મોટા ભાગનો વિસ્તાર આકાશી ખેતીવાળો હતો જેથી પિયતની સગવડતા માટે ખેતરે ખેતરે કૂવા બનાવવા માટેની ઝૂંબેશના ભાગ રૂપે આ બેન્કે ખેડૂતોને કૂવા માટેનું ધિરાણ કરી નાની પિયતના સાધનો વધારવા મદદ કરી હતી. જમીનદારી નાબૂદી ધારા અન્વયે આ બેન્કે ૫૬,૦૦૦ ગણોતીયાઓને રૂ. ૨.૬૪ કરોડનું શરૂઆતના તબક્કે જ ધિરાણ કરી જમીનના કબજાહક્ક અપાવ્યા હતા. તેથી ખેડૂતોનો પણ ખેત વિકાસ કરવાનો ઉત્સાહ વધ્યો હતો. આ રીતે માલિકી હક્ક માટે ધિરાણ આપવાની કામગીરી કર્યા બાદ બેન્કે લાંબી મુદતના ધિરાણની શરૂઆત કરી હતી. ખેત સુધારણા કરવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા તેમાં ઉદયભાણસિંહજીની દીર્ઘદ્રષ્ટિએ મહત્વનું યોગદાન આપ્યું હતું. તેમના આ યોગદાનને પરિણામે બેન્ક ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહી હતી. આ પ્રગતિમાં ઉદયભાણસિંહજીનો ફાળો મોટો હતો.

આમ દેશમાં સૌ પ્રથમવાર રાજ્ય સરકારના જમીન સુધારણાના માપદંડો જમીન ગીરો બેન્ક-લેન્ડ મોર્ટગેજ બેન્કના માધ્યમથી સફળતાપૂર્વક અને ઝડપથી અમલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આ બેન્કે વિવિધ કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે ખેડૂતોને લોન આપીને મોર્ગેજ બેંકિંગ પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. ૧૯૬૦માં દ્વિભાષી મુંબઈ રાજ્યનું વિભાજન થતા અલગ ગુજરાત રાજ્યની રચના થઈ હતી. આ સમયે સૌરાષ્ટ્રની લેન્ડ મોર્ગેજ બેન્કે તેના પેટા-નિયમોમાં સુધારા કરી તેનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાતમાં વિસ્તારી દીધું હતું. તે વખતે પણ ગુજરાત લેન્ડ મોર્ગેજ બેન્કના પ્રમુખ યુવરાજ ઉદયભાણસિંહ જ હતા અને તેમની દીર્ઘદ્રષ્ટિ તથા બેન્કના બોર્ડના સાથી સભ્યોના સહયોગના પરિણામે ગુજરાતની લેન્ડ મોર્ગેજ બેન્કેની વિકાસ યાત્રા ચાલુ રહી હતી.

બેન્કનું કાર્યક્ષેત્રમાં સમગ્ર ગુજરાતને આવરી લેવામાં આવ્યું હતું. આ કાર્ય પાર પાડવા માટે યોગ્ય અધિકારક્ષેત્ર આપવા માટે બેંકનું નામ પણ બદલીને ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ લેન્ડ મોર્ટગેજ બેંક લિમિટેડ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, જમીન સુધારણા માટે, મોર્ટગેજ બેંકિંગથી, વિકાસલક્ષી બેંકિંગ સુધીની પ્રવૃત્તિઓને સાંકળી લેવા માટે ૧૯૬૫ માં બેન્કનું નામ બદલવામાં આવ્યું હતું. બેન્કનું નામ બદલવામાં આવ્યું તે મુજબ ૧૯૬૫થી ગુજરાત રાજ્ય સહકારી જમીન વિકાસ બેંક લિમિટેડ નામ અપનાવી લેવામાં આવ્યું હતું. નામ પણ બદલવામાં આવ્યું તેની સાથેસાથે જ બિન-ખેતી ક્ષેત્ર અને ગ્રામીણ વિકાસ સાથે સંકળાયેલી આવી અન્ય પ્રવૃત્તિઓ માટેના ધિરાણ પણ આપવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. બેન્કના બદલાયેલ નામ હવે ધ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લિમિટેડ કરી દેવામાં આવ્યું હતું. આજે આ બેન્ક 'ખેતી બેન્ક' તરીકે પણ ઓળખાય છે.

લેન્ડ મોર્ગેજ બેન્ક ઉપરાંત રિઝર્વ બેન્કની એગ્રિકલ્ચર ક્રેડિટ કમિટીમાં પણ તેમણે સેવાઓ આપી હતી. વ્યાપારી બેન્કો ઉપર સામાજિક અંકુશ લાદવામાં આવ્યો તે સમયે પણ ઉદયભાણસિંહજીએ ક્રેડિટ કમિટિને

- **સ્થપાયેલી સૌરાષ્ટ્ર સેન્ટ્રલ કો-ઓપરેટિવ લેન્ડ મોર્ગેજ બેન્કનું કાર્યક્ષેત્ર માત્ર સૌરાષ્ટ્રના 5 જિલ્લા સુધી સીમિત હતુ તે વિસ્તારીને સમગ્ર ગુજરાતના ખેડૂતોને ધિરાણનો લાભ અપાવવાનું કામ ઉદયભાણસિંહજીએ કર્યું હતું**
- **સૌરાષ્ટ્રના આકાશી ખેતીવાળો વાળા વિસ્તારમાં પિયતની સુવિધા કરવા માટે ખેતરે ખેતરે કૂવા બનાવવા ખેડૂતોને કૂવા બનાવવા ધિરાણ આપી નાની પિયતના સાધનો વધારવા મદદ કરી હતી.**

પોતાની સેવાઓ આપી હતી. આમ કૃષિ ધિરાણ આપનાર બેન્કના સ્થાપક તરીકે ઉદયભાણસિંહજીનું નામ આખા દેશમાં જાણીતું બની ગયું હતું. ૧૯૬૯માં આ બેન્કને વિશ્વ બેન્ક તરફથી ખેત યાંત્રિકરણનો પ્રોજેક્ટના અમલીકરણની જવાબદારી સોંપવામાં આવી હતી. તેમાં ઉદયભાણસિંહજીની ભૂમિકા મહત્વની રહી હતી. લાંબાગાળાના કૃષિ ધિરાણના પ્રશ્નોની અસરકારક રજૂઆત કરવા માટે દેશની તમામ બેન્કોનું એસોસિએશન પણ બનાવવામાં આવ્યું હતું. ઓલ ઈન્ડિયા કોઓપરેટિવ સેન્ટ્રલ લેન્ડ મોર્ટગેજ બેન્કોના કોન્ફરન્સનું આયોજન ૧૪-૧૫ ફેબ્રુઆરી, ૧૯૫૯ના રોજ હૈદરાબાદમાં અનુભવી સહકાર્યકરો અને ગાંધીવાદી વૈકુંઠ મહેતાના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું. આ પરિષદમાં સાત સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી. તેમાં અધ્યક્ષ તરીકે ભોગરાજુ વેંકટરત્નમ, ઉપાધ્યક્ષ તરીકે ઉદયભાણસિંહજી અને સચિવ

- **જમીનદારી નાબૂદી ધારા અન્વયે આ બેન્કે 56,000 ગણોતીયાઓને રૂ. 2.64 કરોડનું શરૂઆતના તબક્કે જ ધિરાણ કરી જમીનના કબજાહક્ક અપાવ્યા હતા.**

તરીકે દત્તાત્રાયુલુની વરણી કરવામાં આવી હતી. આ સમિતિ રાષ્ટ્રીય સ્તરે જમીનગીરો બેન્કોના કાર્યનું સંકલન કરવા અને સરકાર, આરબીઆઈ અને અન્ય એજન્સીઓ સાથે આ ક્ષેત્રની સમસ્યાઓ અંગે રજૂઆત કરવા માટે સંપર્ક સંસ્થા તરીકે પણ તે સક્રિય થઈ હતી. ત્યારબાદ ૧૯૬૪માં ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ સ્ટેટ કો-ઓપરેટિવ લેન્ડ ડેવલપમેન્ટ બેન્કના પ્રમુખપદે ઉદયભાણસિંહજી ચૂંટાઈ આવ્યા હતા. આમ તેમણે સમગ્ર દેશને પણ તેમના નેતૃત્વનો લાભ આપ્યો હતો.

ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર કોઓપરેટિવ લિમિટેડ (ઈફકો)ની રચના ૩ નવેમ્બર, ૧૯૬૭ ના રોજ કરવામાં આવી હતી. ઈફકોની સ્થાપના નો ઉદ્દેશ ખાતરોના ઉત્પાદન અને વિતરણના હતો. આ પ્રાથમિક ઉદ્દેશ્ય સાથે બહુ-એકમ સહકારી મંડળી તરીકે તેની સ્થાપના થઈ હતી. ૧૯૬૭માં એમોનિયા, યુરિયા અને એનપીકે માટે ખાસ કરીને ગુજરાતના કલોલ અને કંડલામાં ઈફકોના પ્લાન્ટની શરૂઆત કરવામાં આવી હતી. ઉદયભાણસિંહજીએ સહકારી ક્ષેત્રમાં આપેલી બહુવિધ સેવોઓને ધ્યાનમાં લઈ ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કો- ઓપરેટિવ (ઈફકો)ના પ્રથમ પ્રમુખ તરીકે તેમની વરણી કરવામાં આવી હતી. ઉદયભાણસિંહજીએ ૧૯૬૮થી ૧૯૭૩ દરમિયાન ઈફકોના સ્થાપક અધ્યક્ષ તરીકે સેવા આપી હતી.



સહકારના ક્ષેત્રમાં તેમના ખાસ કાર્યને કારણે તેમને ૧૯૬૬માં સહકારી કૃષિ ધિરાણ માટેની એનસીડીસી કાર્યાત્મક સમિતિ અને સહકારી જમીન વિકાસ બેંકોની ભારતીય રિઝર્વ બેંક સમિતિના સભ્ય તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. કૃષિ મંત્રાલય દ્વારા "મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટી લેજીસલેશન ૧૯૭૧" માટે રચાયેલ એક્ષપર્ટ કમિટીના ચેરમેન તરીકે પણ ઉદયભાણસિંહજી નિમાયા હતા. સહકારી ક્ષેત્રની તેમની પ્રશંસનીય કામગીરીની સુવાસ સર્વત્ર પ્રસરી હતી. ઉદયભાણસિંહજીએ રાષ્ટ્રીય સ્તરના ઓલ ઈન્ડિયા લેન્ડ ડેવલપમેન્ટ બેન્કસ યુનિયનના ચેરમેનપદે રહી કુશળ નેતૃત્વ પૂરું પાડ્યું હતું. તેમણે એગ્રિકલ્ચરલ ફાઈનાન્સ કોર્પોરેશન, વૈકુંઠ મહેતા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કો-ઓપરેટિવ મેનેજમેન્ટ, પૂના, દેનાબેન્ક વિગેરે સંસ્થાઓમાં માનદ્ સેવાઓ આપી માર્ગદર્શન પૂરા પાડ્યા હતાં. તેમણે વિદેશના પ્રવાસો પણ ખાસ્સા કર્યા હતા. દેશ અને વિદેશમાં સહકારી પ્રવૃત્તિ અંગેની કોન્ફરન્સીસમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી ભારતનું નામ રોશન કર્યું હતું. તેમની પ્રતિભા અને પ્રતિષ્ઠાને સન્માનિત કરવા તેમને વર્ષ ૧૯૭૧માં ભારત સરકાર દ્વારા સહકાર, કૃષિ, વેપાર અને ઉદ્યોગના ક્ષેત્રમાં વિશિષ્ટ કાર્ય બદલ પદ્મશ્રી - ભારતનો ચોથો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત કરી ગૌરવાન્વિત કર્યા હતા.

દેશની સમગ્ર સહકારી પ્રવૃત્તિને માર્ગદર્શન આપનાર ઉદયભાણસિંહજી નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયાના પ્રમુખપદે ૧૯૬૭-૧૯૭૧ સુધી તેઓ ચૂંટાયા હતા. આંતરાષ્ટ્રીય ક્ષેત્રે ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ સાથે સેન્ટ્રલ કમિટીના સભ્ય તરીકે પણ સંકળાયેલા હતા. ઉપરાંત ઉદયભાણસિંહજી હિંદુસ્તાન ઓક્સિજન કંપનીના પણ ચેરમેન તરીકે પણ સેવા આપી રહ્યા હતા. નેશનલ કાઉન્સિલ ફોર કોઓપરેટિવ ટ્રેનિંગ (એનસીસીટી)માં પણ સેવા આપી હતી. એનસીસીટી આજે સહકાર મંત્રાલય, ભારત સરકાર નવી દિલ્હી દ્વારા પ્રમોટ કરવામાં આવેલી એક સ્વાયત્ત સંસ્થા છે. તેણે ૧૯૫૬ માં ભાવનગર ખાતે ઉદયભાણસિંહજી નટવરસિંહજી જેઠવાના નામ પર ઉદયભાણસિંહજી રિજનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોઓપરેટિવ મેનેજમેન્ટ (યુઆરઆઈસીએમ)ની શરૂઆત કરી હતી, જે ત્યારબાદ ગુજરાતના પાટનગર ગાંધીનગરખસેડવામાં આવેલી છે. તેઓનું નામ સહકારી પ્રવૃત્તિ સાથે યાદગાર રહે તે હેતુથી આ કો-ઓપરેટિવ ટ્રેઈનિંગ કોલેજ સાથે તેમનું નામ સાંકળી નામાભિધાન કર્યું છે. આ સંસ્થા દ્વારા સહકારી અધિકારીઓ અને કર્મચારીઓ માટે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો તેમજ રીડીંગ મટીરીઅલ્સ તથા સંશોધન અહેવાલો તૈયાર કરવામાં આવે છે. ગુજરાતની સહકારી પ્રવૃત્તિના વિકાસમાં જેમનું યોગદાન છે તેવા અગ્રગણ્ય સહકારી જ્યોતિર્ધરોમાં આજે ઉદયભાણસિંહજીનું નામ ચિરસ્મરણીય છે અને રહેશે. તેમાંય ખાસ કરીને લાંબી મુદતના કૃષિ ધિરાણ ક્ષેત્રે તેમજ ખેતીના વિકાસ માટે તેમણે આપેલું યોગદાન-પ્રદાન બહુમૂલ્ય છે.

ઉદયભાણસિંહજી પોરબંદરના રાજવી કુટુંબના યુવરાજ હોવા છતાં ખૂબ જ વિનમ્ર તથા મળતાવડા સ્વભાવના તેમજ સૌને સાથે રાખી સહકારી ભાવનાથી કામ કરવાના આગ્રહી હતા. તેમણે ખેતી વિકાસ અને ગ્રામોત્થાનની પ્રવૃત્તિઓમાં ખાસ રસ લીધો હતો. ખેતી બેન્ક પ્રત્યેના તેમના સ્નેહ, સમર્પણ અને સહકારી ભાવનાની શ્રધ્ધાંજલિના પ્રતીક રૂપે ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લિમિટેડ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે તેઓની કાંસ્ય પ્રતિમાનું ૨૮મી માર્ચ 2005 દિવસે અનાવરણ કરી તેઓના જીવન કાર્યની કદર કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સહકારી પ્રવૃત્તિના વિકાસમાં રાજ્ય સ્તરે તેમજ રાષ્ટ્રીય સ્તરે યુવરાજ ઉદયભાણસિંહજીનું બહુમૂલ્ય પ્રદાન હોઈ સહકારી ક્ષેત્રે તેઓના યોગદાનનું સંભારણું કાયમી અને અવિસ્મરણીય છે. રાષ્ટ્રિય સ્તરે સહકારી પ્રવૃત્તિઓનું નેતૃત્વ કરનાર તેઓ ગુજરાતના પ્રથમ હરોળના સહકારી આગેવાન હતા. તેઓ ખેતી બેન્કના સ્થાપક પ્રમુખ હતા. વરસો સુધી ખેતી બેન્કના પ્રમુખ તરીકે ચૂંટાતા રહ્યા હતા. તેમના અવસાન સુધી એટલે કે સતત ૨૫ વર્ષ સુધી તેઓશ્રી આ બેન્કના પ્રમુખપદે રહેલા અને આ બેન્કના ઉત્તરોત્તર વિકાસમાં બહુમૂલ્ય ફાળો આપ્યો હતો અને ખેડૂતોને તેમના અધિકાર અપાવવામાં મદદ કરીને તેમના ઉદ્ધારક તરીકે ઉમદા સેવાઓ આપી હતી.


દશકાઓની પ્રતીક્ષા બાદ જાન્યુઆરીમાં ભક્તો માટે અયોધ્યાનું રામમંદિર ખૂલશે

- **રામલલ્લાના મસ્તક પર સૂર્યકિરણોનો અભિષેક થાય તેવું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વપ્ન મંદિરની અદ્યતન ડિઝાઇનથી સાકાર થશે**
- **1000 વર્ષ સુધી મંદિરના બાંધકામને જરાય આંચ ન આવે તે પ્રકારે તૈયાર કરાયેલી ડિઝાઇન**
- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2024ની ચૂંટણી પહેલા રામ ભક્તોને આપી રામ મંદિરની અમૂલ્ય ભેટ**

જેની દશકાઓથી રાહ જોવાઈ રહી છે તે રામ જન્મ ભૂમિ પર રામ મંદિર બનવાની પ્રક્રિયા હવે પૂર્ણાહૂતિના આરે છે. સરયુ નદીના કિનારે બનાવવામાં આવેલું ભવ્યાતિભવ્ય રામ મંદિર 24 જાન્યુઆરી 2024ના રોજ ખૂલ્લુ મૂકાશે. આ મંદિરનું ઉદઘાટન સ્વયં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદ હસ્તે કરવામાં આવશે. અયોધ્યામાં બનેલા આ રામ મંદિર હિન્દુઓ માટે મહત્વનું તીર્થ સ્થાન બની રહેશે. અયોધ્યાને ભગવાન શ્રી રામની જન્મભૂમિ માનવામાં આવે છે. આ કારણે તે દેશના સૌથી પવિત્ર સ્થળોમાંનું એક સ્થળ છે. આ સાથે જ કેન્દ્રની ભાજપ સરકારે અમે જનતાને જે વચન આપીએ છીએ તે પૂરું કર દેખાડીએ જ છીએ તેવો સ્પષ્ટ મેસેજ પણ આપ્યો છે.

24 જાન્યુઆરી 2024ના રોજ મંદિરનું ઉદઘાટન થાય પછી દર્શનાર્થીઓ રામ મંદિર દર્શન માટે ટિકિટ બૂક કરાવી શકશે. ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રૂ. 18,000 કરોડના ખર્ચે બનેલું રામ મંદિર આધુનિક કળાનું ભવ્યાતિભવ્ય પ્રમાણ બની રહેશે. તેનું બાંધકામ ગુજરાતના પ્રખ્યાત સોમપુરા પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે. રામ મંદિર 2.7 એકર વિસ્તારમાં બાંધવામાં આવેલું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રામ મંદિરમાં ખાસ સૂચન એ કર્યું હતું કે રામલલ્લાના મસ્તક પર સૂર્યની કિરણ પડવા જોઈએ. તેમના આ સ્વપ્નને વાસ્તવિકતામાં સાકાર કરવા માટે CSIR રૂરકીની ટીમે ખાસ રિસર્ચ કરીને ડિઝાઈન તૈયાર કરી છે. એન્જિનિયરિંગ અને વિજ્ઞાનની દૃષ્ટિએ પણ રામમંદિર બેનમૂન પુરવાર થશે. તેનું બાંધકામ ખાસ પ્રકારથી કરવામાં આવ્યું છે અને આ મંદિરની ભવ્યતાને 1000 વર્ષ સુધી કોઈ પ્રાકૃતિક આપદાથી જરાય આંચ ન આવે તેવો પ્રબંધ કરવામાં આવ્યો છે.

મેનિફેસ્ટોમાં વચન આપ્યા મુજબ વર્ષ 2024ની ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રામ મંદિરનું બાંધકામ પૂર્ણ કરાવીને સમગ્ર દેશમાં ઉત્સાહ અને ઉમંગનો માહોલ ફેલાવી દીધો છે. ઉલ્લેખનીય છે કે રામ જન્મભૂમિ ઘણા લાંબા સમય સુધી કાયદાકીય વિખવાદમાં રહી હતી. ભાજપના શાસન વખતે સુપ્રીમ કોર્ટમાં તેનો આખરી ચુકાદો આપવામાં આવ્યો હતો જેમાં વિવાદાસ્પદ જગ્યા પર રામ મંદિર બનાવવાનો ફેંસલો સંભળાવવામાં આવ્યો હતો. 2019થી રામ મંદિર બનવાનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે. કોરોનાના પ્રકોપ વચ્ચે પણ ખૂબ ઝડપથી આ મંદિરના બાંધકામનું કામકાજ ખોરવાયું નહતું. આમ ચૂંટણી પૂર્વે રામ મંદિર પ્રજા માટે ખૂલ્લું મૂકીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીઓએ રામ ભક્તોને ખૂબ મોટી ભેટ આપી દીધી છે. વળી, આ મંદિર એ ભાજપ સરકારની વચન પૂરા કરવાની પ્રતિબદ્ધતાનું ઝળહળતું ઉદાહરણ છે.



22 લાખ દીવા પ્રગટાવી અયોધ્યાએ સ્થાપિત કર્યો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ

અયોધ્યાની સરયૂ નદીના કિનારે વર્ષ 2023ની દિવાળીમાં 22 લાખથી વધારે દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. આ રીતે અયોધ્યાએ એક નવો વિશ્વ વિક્રમ સ્થાપિત કર્યો છે. એવું મનાય છે કે દીવાળીના દિવસે ભગવાન શ્રી રામ લંકાથી સીતા માતા અને ભાઈ લક્ષ્મણ સાથે લંકાથી અયોધ્યા પાછા ફર્યા હતા. રામ પાછા ફરવાની ખુશીમાં અયોધ્યાવાસીઓએ દીવા પ્રગટાવી આખા શહેરને રોશનીથી ભરી દીધું હતું. ત્યારથી ભારતમાં દિવાળીના દિવસોમાં દીવા પ્રગટાવવાની પ્રથા છે. અયોધ્યામાં દીપોત્સવ વધારે ઉત્સાહથી ઉજવવામાં આવે છે. આ વર્ષે સરયૂ નદીના કિનારે રામ કી પૈડીના 51 ઘાટ પર 25,000થી વધુ સ્વયંસેવકોએ 22.23 લાખ દીવા પ્રગટાવ્યા હતા જે ગત વર્ષ કરતા 6.47 લાખ વધારે છે. ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સના પ્રતિનિધિઓએ ડ્રોનનો ઉપયોગ કરીને દીવાની ગણતરી કરી હતી અને એક જ જગ્યાએ સૌથી વધુ દીપ પ્રાગટ્યનો વિક્રમ એનાયત કર્યો હતો. આ સાથે જ સમગ્ર અયોધ્યા જય શ્રી રામના નારાથી ગૂંજી ઊઠ્યું હતું.

તુલસીની ખેતી કરી છ મહિનામાં ૩પિયા 3 લાખની કમાણી કરી શકાય

એક હેક્ટરમાં તુલસીની ખેતી કરવા જરૂરી 500 ગ્રામ બિયારણનો રૂ. 500નો ખર્ચ આવે છે. આ સિવાય ખાતર કે જંતુનાશકોની જરૂર પડતી નથી. તુલસીના છોડ ખુદ ઔષધીય ગુણ ધરાવતો હોવાથી તેને કોઈ રોગ લાગતો હોવાનું બહુધા જોવા મળતું નથી.



ભારતીય સંસ્કૃતિમાં તુલસી એક સદાય પૂજનીય છોડ રહ્યો છે. ઘરના આંગણામાં તુલસીનો છોડ હોવો એ ઘરની પવિત્રતાની નિશાની ગણાય છે. ભારતમાં તુલસીનું ધાર્મિક દ્રષ્ટિએ અને દેશની પરંપરાની દ્રષ્ટિએ પણ અલાયદું મૂલ્ય છે. પૂજાપાઠનો હિસ્સો ગણાતી તુલસી રસોઈ ઘરનો પણ હિસ્સો છે. તેના ઔષધીય ગુણો પણ અનેક છે. આ જ તુલસી કૃષિકારોને એટલે કે ખેડૂતોને બિઝનેસ કરવાની પણ એક સારામાં સારી તક ઊભી કરી આપે છે.

હા, તુલસીને ખેતી પણ એક નફાકારક ખેતી બની શકે છે. ભારતના દરેક વિસ્તારમાં તુલસી થાય જ છે. ભારતની બહાર વાત કરવામાં આવે તો થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા અને નેપાળમાં પણ તુલસીની ખેતી કરવામાં આવે છે. તુલસીનો છોડ સામાન્ય રીતે 30 ડિગ્રીની આસપાસના વાતાવરણમાં સારો ખીલી શકે છે. જોકે વધુ પડતી ઠંડી અને ધુમ્મસના વાતાવરણમાં તુલસીનો છોડ કરમાઈ જવાની દહેશત રહે છે. તુલસીનો પાક પાણીનો પ્રમાણમાં સારો સંચય થાય તેવી અને સારા પ્રમાણમાં ઓર્ગેનિક ઘટકો ધરાવતી જમીનમાં લઈ શકાય છે. વરસાદી પાણીનો ભેજ સાચવી શકતી જમીન તુલસીની ખેતી માટે આદર્શ જમીન ગણાય છે. તુલસીના છોડના સારા વિકાસ માટે પૂરતો સૂર્યપ્રકાશ તેને મળવો પણ

તુલસીની રોપણીના 60 દિવસ બાદ પહેલું કટિંગ કરી શકાય છે, ત્યાર પછી બીજા 60 દિવસે બીજું અને ત્રીજા 60 દિવસ પછી ત્રીજું કટિંગ કરી શકાય છે. ત્રણેય કટિંગ વખતે અનુક્રમે 2000 કિલો, 1800 કિલો અને 1500થી 1600 કિલો તુલસી પાન મળે છે. એક કિલો પાનના રૂ. 40થી 50 મળે છે.

એટલો જ જરૂરી છે. તુલસીના છોડને રોજની છથી આઠ કલાક તડકો મળે તો તેના વિકાસ સારો થાય છે. તુલસીને ઓછું પાણી મળે તો થોડા દિવસો કે બેથી ત્રણ અઠવાડિયા સુધી તે પોતાના અસ્તિત્વને ટકાવી શકે છે. તુલસીનો સારો પાક લેવા માટે તેને નિયમિત પાણી મળે તેવી વ્યવસ્થા કરવી પણ એટલી જ જરૂરી છે. જોકે તુલસીના છોડ ધરાવતી જમીન પાણીથી લદોલદ હોય તે અનુકૂળ ગણાતું નથી. તુલસીના છોડ પર થતાં બીજ આપોઆપ જમીન પર પડીને તેમાંથી નવો છોડ થાય છે. તેમ જ તેના કટિંગને નવેસરથી રોપીને તુલસીના છોડની સંખ્યા વધારી શકાય છે. તુલસીના છોડ પર થતાં બીજનો જ મોટે પાયે તુલસીની ખેતી કરવામાં ઉપયોગમાં લેવામાં આવે છે. માત્ર ઘરમાં કૂંડામાં તુલસી રોપવા માટે છોડનો નાનો હિસ્સો કાપીને લાવીને કૂંડામાં રોપવામાં આવે છે.

ગુજરાતના અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મહાદેવપુરા-કમ્પા ગામના ખેડૂત ગંગારામ પટેલે ચારેક વર્ષથી તુલસીની ખેતી કરે છે. તુલસીનો આયુર્વેદમાં ખાસ્સો ઉપયોગ થાય છે. ગંગારામ પટેલનું કહેવું છે, “તુલસીની ખેતી કરનારા ખેડૂતોએ સૌ પ્રથમ તો 35 ડિગ્રીની આસપાસ તાપમાન હોય ત્યારે જ તેના બીજનું વાવેતર કરવું જોઈએ. તાપમાન તેનાથી વધારે ન હોય તેની કાળજી રાખવી જોઈએ. તેનાથી વધુ તાપમાન હોય તો જર્મિનેશન-બીજ અંકુરિત થતું નથી.”

તુલસીબીજ અંકુરિત થયા બાદ 45 દિવસે તેની

ફેર રોપણી કરવાની હોય છે. આ ફેર રોપણી કરવા માટે હેક્ટરે અંદાજે રૂ. 5000નો મજૂરી ખર્ચ આવે છે. તેમ જ બે ત્રણ વાર નિંદામણ દૂર કરવાની મજૂરીનો થોડો ખર્ચ કરવો પડે છે. એક હેક્ટરમાં તુલસીની ખેતી કરવા માટે માત્ર 500 ગ્રામ બિયારણની જરૂર પડે છે. આ બિયારણનો રૂ. 500નો ખર્ચ આવે છે. આ સિવાય ખાતર કે જંતુનાશકોની કોઈ જ જરૂર પડતી નથી. તુલસીના છોડ ખુદ ઔષધિય ગુણ ધરાવતો હોવાથી તેને કોઈ રોગ લાગતો હોવાનું બહુધા જોવા મળતું નથી."

ગંગારામ પટેલનું કહેવું છે, "તુલસીની રોપણી કર્યાના 60 દિવસે પહેલું કટિંગ આવે છે. ત્યારબાદ બીજા 60 દિવસ બાદ અને ત્રીજા 60 દિવસ બાદ તેનું કટિંગ કરી શકાય છે. આમ ત્રણેય કટિંગ વખતે અનુક્રમે 2000 કિલો, 1800 કિલો અને 1500થી 1600 કિલો તુલસી પાન મળે છે. એક કિલો પાનના રૂ. 40થી 50 મળે છે. ડિમાન્ડ સપ્લાય પર તેના ભાવનો મદાર રહેલો છે. ત્રીજા કટિંગ વખતે તેની સાથે અંદાજે 500 કિલો બિયારણ પણ મળે છે. આ બિયારણ છૂટકમાં કે અન્ય ખેડૂતને વાવણી માટે સીધું વેચવામાં આવે તો કિલોના રૂ. 750ની આસપાસનો ભાવ મળી રહે છે. મધ્ય પ્રદેશના નિમચના આયુર્વેદિક ઓસડિયાના હોલસેલ માર્કેટમાં બિયારણના કિલોદીઠ રૂ. 250 મળે છે. બિયારણનો દવા બનાવવા માટે પણ ઉપયોગ કરવામાં આવે છે. તુલસીના લીલા પાનનો અર્ક કાઢીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. તુલસીના પાન સૂકવીને આપવાના હોય છે. તેનો કિલોદીઠ ભાવ રૂ.250થી 300ની આસપાસનો મળે છે. ડિમાન્ડ અને સપ્લાય પર તેના ભાવનો આધાર રહેલો છે.

- તુલસીના છોડને રોજની છથી આઠ કલાક તડકો મળે તો તેના વિકાસ સારો થાય છે. તુલસીને ઓછું પાણી મળે તો બેથી ત્રણ અઠવાડિયા સુધી તે પોતાના અસ્તિત્વને ટકાવી શકે છે.
- તુલસીની ખેતી કરનારા ખેડૂતોએ સૌ પ્રથમ તો 35 ડિગ્રીની આસપાસ તાપમાન હોય ત્યારે જ તેના બીજનું વાવેતર કરવું જોઈએ. તાપમાન તેનાથી વધારે ન હોય તેની કાળજી રાખવી જોઈએ. તેનાથી વધુ તાપમાન હોય તો જર્મિનેશન-બીજ અંકુરિત થતું નથી

તુલસીની ખેતી કરીને ખેડૂતો આવક પણ સારી કરી શકે છે. જોકે ખેડૂતની આવકનો આધાર તુલસીની ઉપજ પર નિર્ભર છે. તેમ જ તુલસીના પાનના બજારમાં કેટલા ભાવ મળે છે તેના પર પણ તેના થકી થનારી આવકનો આધાર રહેલો છે. તેની સાથેસાથે જ તુલસીની ખેતી કરવા માટે કેટલો ખર્ચ કરવો પડે છે તેના પર પણ તેનો આધાર રહેલો છે. જમીનની ફળદ્રુપતા પર પણ તુલસીના છોડની ઉપજનો આધાર રહેલો છે. તેમ જ આબોહવાની અસર પણ તેની ઉપજના જથ્થા માટે જવાબદાર ગણાય છે. હા, જેટલી વધુ કાળજી લેવામાં આવે તેટલી વધુ ઉપજ મળી શકે છે. એક એકર જમીનમાં તુલસીની ખેતી કરવામાં આવે તો 2000થી 2500 કિલો તુલસીના સૂકા પાનનો ઉતારો મળી શકે તેવો અંદાજ બાંધી શકાય છે. તુલસીના સૂકા પાનના જથ્થાનો કિલોદીઠ ભાવ રૂ. 60થી 80 સુધી મળી શકે છે. એક એકર જમીનમાં તુલસીની ખેતી કરવા માટે અંદાજે રૂ. 2500થી 30,000નો ખર્ચ આવી શકે છે. આ ખર્ચમાં તુલસીના બીજનો, બીજ રોપવાનો, ખાતરનો, જંતુનાશક દવાઓના, સિંચાઈના પાણીના અને મજૂરીના ખર્ચનો સમાવેશ થાય છે. તુલસીના છોડની રોપણી કર્યા પછી અંદાજે 60 દિવસે તેનો પહેલો ઉતારો મળે છે. ત્યારબાદ દર 45થી 60 દિવસે તેનો ઉતારો લઈ શકાય છે. તુલસીના સૂકા પાન વેચવા ઉપરાંત ખેડૂતો તુલસીના લીલા પાન પણ વેચી શકાય છે. તેના કિલોદીઠ રૂ. 30થી 40 મળે છે. એક એકર જમીનમાં લીલા પાનનો ઉતારો અંદાજે 5500થી 6000 કિલો આવે છે.

ડાયાબિટીસમાં અસરકારક છે તુલસી

મોઢામાં ચાંદી પડવાની સમસ્યામાં પણ તુલસી અર્ક અકસીર ગણાય છે. તુલસીનો અર્ક આંતરડાંમાંનો એસિડ ઘટાડીને, મ્યુકસના સ્રાવમાં વધારો કરીને, મ્યુકસ સેલ્સમાં વધારો કરીને, મ્યુકસ સેલનું આયુષ્ય વધારીને આંતરડાંના અલ્સરની સમસ્યમાં રાહત આપે છે. પેપ્ટિક અલ્સરથી ઘણાં દરદીઓ ખૂબ જ પરેશાન થાય છે. માત્ર 200 એમ.એલ. જેટલો તુલસીનો ઉકાળો પીવાથી અલ્સરમાં ખાસ્સી રાહત મળતી હોવાનું જોવા મળે છે. પ્રાણીઓ પર કરવામાં આવેલા અખતરામાં અલ્સરની સંખ્યામાં 65થી 70 ટકાનો ઘટાડો થઈ ગયો હતો. અલ્સરની દવાઓ લેવાથી શરીરમાં સાઈડ ઈફેક્ટ્સ જોવા મળે છે. તુલસી અર્ક લેવામાં સાઈડ ઈફેક્ટ્સ જોવા મળતી નથી.

ચહેરા પર થયેલા ખીલ દૂર કરવા માટે પણ તુલસી અર્ક અસરકારક ગણાય છે. બ્લડ સુગર ઘટાડવામાં પણ તુલસી મોટો ફાળો આપે છે. ટાઈપ-ટુ ડાયાબિટીસમાં તુલસી પાન સુગર ઓછી કરવામાં મદદ કરી શકે છે. ડાયાબિટીસના ચિહ્નોને ઓછા કરવામાં પણ તુલસી મદદરૂપ થતી હોવાનું માનવામાં આવે છે. લોહીમાં વધારે પડતું ઈન્સ્યુલીન હોય તો તે ઓછું કરવામાં પણ તુલસી મદદરૂપ બને છે. લસીના અર્કનો રસ આપવાથી હાઈબ્લડસુગર ધરાવતા ઉંદરના શરીરમાંથી 30 દિવસમાં બ્લડ સુગરમાં 26.4 ટકાનો ઘટાડો થયો હોવાનું અખતરા દરમિયાન બહાર આયું છે. લૉ સુગરની સમસ્યા ધરાવનારાઓએ તુલસીના પાન કે તેનો અર્ક લેતા પૂર્વે ડૉક્ટરને કન્સલ્ટ કરી લેવા જોઈએ. ડાયાબિટીસની તકલીફ ધરાવતા અને ડાયાબિટીસ ન ધરાવતા ઉંદરો પર કરવામાં આવેલા તુલસી અર્કના અખતરાઓમાં દરમિયાન કીડની, લીવર અને હાર્ટમાંના કોલેસ્ટરોલના લેવલમાં ઘટાડો આવ્યો છે. તેમને તુલસી પાનનો પાવડર આપવામાં આવ્યો હતો. તેમ જ માનવ શરીરમાં કોલેસ્ટરોલ વધી જાય તો તેને ઓછું કરવામાં પણ તુલસી અકસીર ગણાય છે. તુલસીના પાનનો અર્ક લેવાથી લૉ ડેન્સિટી લિપોપ્રોટીન એટલે કે શરીરને માટે હાનિકારક ગણાતા અથવા તો હાર્ટ એટેક માટે જવાબદાર બનતા કોલેસ્ટરોલના લેવલમાં ઘટાડો થાય છે. તેને સ્થાને એચડીએલ-હાઈ ડેન્સિટી લિપોપ્રોટીનમાં વધારો થાય છે. હાઈડેન્સિટી લિપોપ્રોટીન હાર્ટએટેક સામે રક્ષણ આપે છે. નિયમિત તુલસીનો અર્ક લેવાથી વજન પણ ઘટાડી શકાય છે. હાઈપર ટેન્શન ઓછું કરવામાં પણ તુલસી અર્ક અસરકારક ગણાય છે. તુલસી પાનનો અર્ક શરીરના અવયવો પરના સોજા ઘટાડવામાં મદદ કરે છે. તુલસી પાનને ઉકાળીને પાણી પી લેવાથી સોજા ઘટાડી શકાય છે. તેમ જ માનસિક તાણ અને ચિંતામાં પણ ઘટાડો કરી શકાય છે. સાંધાના દુ:ખાવાને દૂર કરવામાં અને આર્થ્રાઈટિસની સમસ્યામાં રાહત આપવામાં તુલસી અકસીર ગણાય છે.

તુલસીના પાનને પીલીને કાઢવામાં આવતું તેલ પણ વેચી શકે છે. એક એકર જમીનમાંથી અંદાજે 2500 કિલો સૂકા તુલસી પાનનો ઉતારો મળશે તેવો અંદાજ માંડીને તેના કિલોદીઠ ભાવ રૂ. 60થી 80નો ગણીને ત્રિરાશી માંડવામાં આવે તો પણ ત્રણ જ મહિનાના ગાળામાં રૂ. 1.5 લાખથી માંડીને રૂ. 2 લાખ સુધીની આવક થઈ શકે છે. તુલસીના લીલાં પાનના કિલોદીઠ રૂ. 30થી 40ના ભાવ મળી શકે છે. સૂકા પાનની તુલનાએ લીલા પાનનું વજન વધારે આવે છે. ત્યારબાદના 45 અને 60 દિવસે લેવાતા ઉતારાને ગણતરીમાં લેવામાં આવે તો છ મહિને ત્રણ ઉતારા આવે છે. આમ ત્રણ ઉતારામાં અંદાજે 5500થી 6000 કિલો તુલસી પાન નીકળે છે. તેના થકી અંદાજે 2.40 લાખની આવક થઈ શકે



છે. તેમાંય ભારે સુગંધીદાર જાતની તુલસી પાનના બીજ રોપીને તેની ખેતી કરવામાં આવે તો તેના થકી પ્રીમિયમ પ્રાઈસ મેળવી શકાય છે. તુલસીનું તેલ કાઢીને અને તેમાંથી કોસ્મેટિક પ્રોડક્ટ્સ એટલે કે સૌંદર્ય પ્રસાધન તરીકે વપરાતા ઉત્પાદનો બનાવવામાં આવે તો આવકનું સ્તર વધુ ઉપર જઈ શકે છે. તેમ કરવાથી ખેડૂતની નફાકારકતામાં વધારો થાય છે. આમ તુલસીની ખેતી કરવામાં સારી આવક કરવાનો ખાસ્સો અવકાશ છે. નેચરલ કે ઓર્ગેનિક પ્રોડક્ટ્સ બનાવીને તેનું વેચાણ કરવાથી તેના થકી સારી આવક થઈ શકે છે. બજારમાં તુલસીના કેવા ઉત્પાદનોની જરૂર વધારે છે તેનો અભ્યાસ કરીને તે પ્રમાણે કસ્ટમર્સની ચોઈસના પ્રોડક્ટ્સ બનાવીને વધુ સારી આવક કરી શકાય છે.

રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે તુલસી



ભારતીય ઔષધોપચાર શાસ્ત્રમાં તુલસીનું ખાસ્સું મહત્ત્વ છે. તુલસીના પાન અને તુલસીના પાનનો રસ મનુષ્યની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. માનસિક તાણ ઓછી કરે છે. શ્વસનતંત્રની કામગીરીને વધુ સંગીન બનાવે છે. પાચન તંત્રના કાર્યમાં સુધારો લાવી તેને મદદરૂપ થાય છે. શરીરના કોઈપણ અવયવ પર સોજો આવ્યો હોય તો તેને ઘટાડવામાં કે ઓછો કરવામાં મદદરૂપ બને છે. તેમ જ શરીરમાં પ્રવેશી ગયેલા કે શરીરને નુકસાનકારક ઘટકોને શરીરમાંથી બહાર કાઢી નાખવાની કામગીરી એટલે કે એન્ટિ ઓક્સિડન્ટ તરીકેની કામગીરી તુલસીના પાન કે તુલસીના પાનનો રસ કરે છે. તુલસીના પાનનો રસ મોઢાની ચામડી પર લગાડવામાં આવે તો તેને પરિણામે ચામડી પરના બ્લેક હેડ્સ પણ ઓછા થઈ જાય છે. ચામડી પરના બ્લેક હેડ્સ દૂર કરવાની કામગીરી પણ તુલસીરસ અસરકારક રીતે કરી શકે છે. આમ તુલસીનો એક છોડ અનેક રીતે ઉપયોગી સાબિત થાય છે. તુલસીના રસને આંખમાં નાખીને આંખના રોગોનો ઉપચાર કરી શકાય છે. તેમ જ દરાજ જેવા ચામડીના રોગનો ઈલાજ પણ તેનાથી કરી શકાય છે. તુલસીના પાન માનવ શરીર અને મગજ માટે ટોનિકનું કામ કરે છે. તુલસીના બીજ અને મરીનો પાવડર સાથે લેવાથી મલેરિયાની બીમારીમાં રાહત મળી શકે છે. ઉબકાં આવવાની, ઉલટી થવાની કે પછી ઝાડાં થઈ જવાની તકલીફ હોય તેને તુલસીના છોડનો હિસ્સો આપીને ચાવીને ખાઈ જવાનું જણાવીને તેમાંથી રાહત અપાવી શકાય છે.

ડિપ્રેશનમાં તુલસી અકસીર ઈલાજઃ

શરીરની ચામડી સૂકાઈ જવાની, ચામડી પર ખંજવાળ આવવાની, ચામડી પર ચકામા પડી જવાની કે પછી તેના પર સોજો આવી જવાની સમસ્યાનો ઈલાજ તુલસીના પાન અને છોડના અર્કથી કરી શકાય છે. શરીરના કોઈ હિસ્સા પર મચ્છર કરડી ગયું હોય અને ઢીમચું ઉપસી આવ્યું હોય તેવા કેસમાં તુલસીનો રસ કે તુલસીના પાન ચાવી જવાથી ખાસ્સી રાહત મળી જાય છે. આંતરડાંમાં અલ્સર થયા હોય તો તેની સારવાર માટે પણ તુલસિના પાનનો રસ અકસીર ગણાય છે. તુલસીના ઔષધીય ગુણ તો છે જ છે. તુલસીમાં માનવ શરીર માટે પોષક ઘટકો પણ ઘણા છે. તુલસીના પાનમાંથી વિટામિન એ અને સી, કેલ્શિયમ, ઝિન્ક, આયર્ન અને ક્લોરોફિલ મળે છે. તેનો ઉપયોગ માનવ શરીરને પોષણ આપનારા પૂરક તત્વ તરીકે કરી શકાય છે. વિટામિન એ અને સીની અછત સહિતની સમસ્યા માટે લેવાતી દવાની સાથોસાથ જ તુલસીના પાન કે તેનો અર્ક લેવામાં આવે તો તે પૂરક બનીને મનુષ્યને ઝડપથી સાજો થવામાં મદદ કરે છે. તુલસીના પાનનો અર્ક માનસિક તાણ અને ચિંતા ઓછી કરવામાં મદદ કરે છે. મગજ કે મનને સ્વસ્થ રહી કામ કરવામાં મદદ કરે છે. શારીરિક તાણ અનુભવવામાં આવતી હોય તો તુલસી સહનશીલતા વધારવામાં મદદરૂપ થાય છે. તુલસીના પાનનો અર્ક મેટાબોલિઝમ-ચયાપચયની ક્રિયાને વેગ આપે છે. તરવૈયાઓના સ્વિમિંગ ટાઈમમાં સુધારો કરવામાં મદદ કરે છે. તેમ જ માનવ શરીરના સ્નાયુઓને કોઈ નુકસાન થયું હોય તો તે નુકસાન રિપેર કરવાની ક્ષમતા તુલસીના છોડના અર્કમાં છે. તુલસી મનુષ્યને ડિપ્રેશનમાંથી બહાર કાઢવામાં પણ મદદ કરે છે. તુલસીમાં ડાયઝેપામ નામની એન્ટિડિપ્રેશનની દવા જેવા ઘટકો મોજૂદ છે. તેનાથી ડિપ્રેશન અને ચિંતાની સમસ્યા દૂર થાય છે. રોજના 5 મિલીલિટર તુલસીનો અર્ક લેનારાઓથી ડિપ્રેશન અને ચિંતા જોજનો દૂર રહે છે તેવું અખતરાઓમાં સાબિત થયું છે. તુલસી પાનનો ઉપયોગ કરનારાઓ ડિપ્રેશનમાંથી બહાર આવીને સહુની સાથે હળતા, મળતા અને ભળતા થઈ જતાં હોવાનું જોવા મળે છે. તુલસી પાનનો રસ રોજ રોજ લઈ શકાય છે. તેનાથી માનવ શરીરમાંના વિષારી અને હાનિકારક રસાયણો દૂર થાય છે. તુલસીના પાનનો અર્ક કેન્સરના કોશોના વિકાસ પર બ્રેક લગાવવાને સમર્થ છે. શરીર પરના ઘાવ રૂઝવવામાં મદદ કરે છે. ચેપ સામે માનવ શરીરને રક્ષણ આપે છે. તુલસીનો અર્ક ઘાવ રૂઝવવાની પ્રક્રિયાને વેગ આપે છે. શસ્ત્રક્રિયા કરવાને કારણે પડેલા ઘાવને રૂઝવવા માટે પણ કેટલાક લોકો તુલસી પાનના અર્કનો ઉપયોગ કરે છે. તુલસીમાં એન્ટિબેક્ટેરિયલ, એન્ટીવાયર, એન્ટિ ફંગલ, એન્ટિઈન્ફ્લેમેટરી ગુણો છે. પેઈનકીલર તરીકે પણ તુલસીનો અર્ક અકસીર છે.



ઓર્ગેનિક ખેતીથી ઉત્પાદન દોઢું કરી બતાવ્યું

- જૂનાગઢમાં નારિયેળીની સજીવ ખેતી કરીને જેઠાભાઇ વર્ષે ૩. 13 લાખનો ચોખ્ખો નફો કમાય છે.

ખેડૂતોમાં સામાન્ય માન્યતા એવી છે કે ઓર્ગેનિક ખેતી કરવાથી ઉત્પાદન ઘટી જાય છે. પરંતુ જૂનાગઢના માળીયા તાલુકાના શાંતિપરા ગામમાં રહેતા જેઠાભાઈ જોટવાએ ખેડૂતોની આ માન્યતા ખોટી પાડી છે. સંપૂર્ણ ઓર્ગેનિક પદ્ધતિથી નારિયેળીની ખેતી કરીને તેમણે ન માત્ર ઉત્પાદન વધાર્યું છે, પરંતુ સાથે સાથે આસપાસના ખેડૂતોને પણ ઓર્ગેનિક ખેતી તરફ વળવાની પ્રેરણા આપી છે. સજીવ ખેતીમાં તેમની આવડત અને કુનેહ જોઈને દેશના ગૃહ મંત્રી અમિત શાહે પણ ઓર્ગેનિક ખેતી અંગે તેમના મંતવ્ય મંગાવ્યા હતા.

ભણતર કરતા ગણતર વ્યક્તિને તારે છે એ કહેવત જેઠાભાઈના કિસ્સામાં સો ટકા લાગુ પડે છે. ખેડૂત પરિવારમાં જ જન્મેલા અને ઉછરેલા 57 વર્ષના જેઠાભાઈ છેલ્લા 40 વર્ષથી કૃષિ ક્ષેત્રે સક્રિય છે. શાંતિપરામાં 20 વીઘા જમીનમાં તેઓ નારિયેળીની ખેતી કરે છે. તેમણે 15 વર્ષ પૂર્વે માંગરોળ રાણીબાગ અને અમૃતબાગમાંથી નારિયેળીના રોપા ખરીદ્યા હતા. તેની માવજત કરીને તેમણે આજે નારિયેળીનું વિશાળ વન વિસ્તાર્યું છે. એટલું જ નહિ, આજે તે જે નારિયેળીના રોપા બનાવે છે તે ખરીદવા માટે ખેડૂતો બબ્બે વર્ષનું એડવાન્સ બુકિંગ કરાવી રહ્યા છે. ખેતી સાથે જ જોડાયેલા હોવાથી જેઠાભાઈ જોટવાને અહેસાસ થયો કે છૂટી ખેતી કરવા કરતા બાગાયતી ખેતી કરવામાં આવે તો તેમાં ઓછી મહેનત અને ઓછી મજૂરી સાથે વધારે નફો રળી શકાય છે. આથી તેઓ નારિયેળીની



જેઠાભાઈ જોટવા

ખેતી તરફ વળ્યા. વર્ષ 2000થી તે પાંડુરંગ શાસ્ત્રીના સ્વાધ્યાય પરિવાર સાથે પણ જોડાયેલા હતા. પરિવાર દ્વારા કર્મ કુશળતાના કાર્યક્રમ દરમિયાન તેમને વનસ્પતિને રોગ-જીવાતથી બચાવવા કેવા દેશી ઉપચાર કરવા તે અંગે ઘણું જાણવા મળ્યું. આ ઉપરાંત શીખવાની ધગશને કારણે તે આત્મા પ્રોજેક્ટ સાથે પણ સંકળાયા. આ સંસ્થાઓ સાથે જોડાઈને તેમણે રાસાયણોના બદલે જીવામૃત, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર જેવા દેશી ઉપચારોથી નારિયેળીને પોષણ આપવાની અને તેને રોગો-જીવાતોથી બચાવવાની કુશળતા કેળવી લીધી. આ સાથે સાથે ઓછી મહેનતે, ઓછા ખર્ચે વધુ ઉત્પાદન કેવી રીતે મળવી શકાય તેની આવડત તેમણે કેળવી. સુભાષ પાલેકરની શિબિરોએ પણ તેમનું ઘડતર કર્યું. જૂનાગઢ યુનિવર્સિટીમાં ટેક્નિકલ શિક્ષણને લગતી શિબિરોમાં જવાનું જેઠાભાઈ ચૂકતા નહિ. આમ તાલીમ અને શિક્ષણ દ્વારા તે ઊંડાણપૂર્વક ઓર્ગેનિક ખેતીને સમજી શક્યા. આજે તેઓ જીવામૃત, ખાટી છાશ અને અગ્નિઅસ્ત્ર જેવી ઓર્ગેનિક જંતુનાશક દવાની મદદથી નારિયેળીનું પોષણ અને રક્ષણ કરે છે. તેઓ કહે છે, "જૂનાગઢમાં વ્યાપક રીતે સફેદ માખી જોવા મળે છે. આ માખીને નિયંત્રમાં લેવામાં ન આવે તો તે નારિયેળીને સૂકવી નાંખે છે. હું દવા છાંટવાને બદલે સાદા પાણી અને નિરમા પાવડરનું પાણી ભેગું કરીને નારિયેળીને નિયમિત ધોઉ છું. તેના કારણે માખી નારિયેળીને નુકસાન કરી શકતી નથી. આ ઉપરાંત અગ્નિઅસ્ત્રનો ઉપયોગ પણ



કરું છું." આ સાથે તેમણે જીવામૃત, અગ્નિઅસ્ત્ર, દશપર્ણીઅર્ક બનાવવાની પદ્ધતિ અંગે પણ જાણકારી આપી હતી. જેઠાભાઈ જણાવે છે, "ઓર્ગેનિક ખેતી પદ્ધતિસર કરવામાં આવે તો તેમાં ઉત્પાદન ઘટવાનો સવાલ જ નથી. ઉલ્ટું તેનાથી ઉત્પાદન દોઢ ગણું કરી શકાય છે. તેના ફળ વધારે મોટા, વધુ મીઠા અને વધુ સ્વાદિષ્ટ હોય છે. તેને કારણે તેના ભાવ પણ સારા ઉપજે છે. ઓર્ગેનિક ખેતી માટે ખેડૂતે આગોતરું આયોજન કરવું જરૂરી છે. જેમ કે, દશપર્ણીઅર્ક બનાવવા માટે 45 દિવસનો સમય લાગે છે. આથી તમે પાક લેવા માંગતા હોવ તેના દોઢ મહિના પહેલેથી તેની તૈયારી શરૂ કરી દેવી જરૂરી છે. ઘણા ખેડૂતો એવું માને છે કે ફક્ત જીવામૃત આપવાથી પાક સારો થશે, પરંતુ એ વાત સાચી નથી. તેની સાથે ઘન જીવામૃત, અગ્નિઅસ્ત્ર, કે દશપર્ણીઅર્કનો ઉપયોગ પણ કરવો પડે છે. આ પદ્ધતિસરની ખેતીથી



દશપર્ણી અર્ક કેવી રીતે બનાવવો?

દશપર્ણીઅર્ક બનાવવાની પ્રક્રિયા થોડી લાંબી છે. તેમાં આથો આવતા 45 દિવસ જેટલો સમય લાગે છે. પરંતુ તે વનસ્પતિ માટે ખૂબ જ અસરકારક છે. આ અર્ક બનાવવા માટે 16 લિટર પાણીમાં 10 પ્રકારની વનસ્પતિના અર્ક ઉમેરવાના રહે છે. તમે લીમડા, સીતાફળી, તુલસી, આંબો, ધતુરો, દાડમી, જાસુદ, કારેલા, અર્જુન, કરેણ, હળદર, પપૈયા, કરંજ સહિત સ્થાનિક વનસ્પતિઓના અર્ક લઈ શકો છો. તેના બે-બે કિલો પાન લઈને ઉપયોગમાં લઈ શકો છો. 20 લિટર દેશી ગાયના ગૌમૂત્ર અને 2 કિલો દેશી ગાય છાણમાં તમાકુ, લીલા મરચાની ચટણી, ગાંગડા હીંગ પાવડર, દેશી લસણની ચટણી, આદુની ચટણી, હળદર પાવડર વગેરે ઉમેરીને તેને મિક્સ કરવાનું રહે છે અને 45 દિવસ સુધી તેને સવાર-સાંજ હલાવવું પડે છે અને ઢાંકીને રાખવું પડે છે. 45 દિવસે તેમાં જરૂરી બેક્ટેરિયા વિકસવા માંડે છે. પછી તેને ગાળીને વાપરી શકાય છે.

અગ્નિઅસ્ત્ર કેવી રીતે બનાવી શકાય?

2 કિલો કડવા લીમડાના પાન, 500 ગ્રામ તમાકુ પત્તી, 500 ગ્રામ દેશી લસણ અને 500 ગ્રામ અતિ તીખા મરચાંને 10 લિટર ગૌમૂત્રમાં મિક્સ કરીને ઉકાળવામાં આવે છે. તેને ત્રણ ઊભરા આવે એટલે તેને ઢાંકી દેવાનું રહે છે. આ દરમિયાન સમયાંતરે ઉકાળાને હલાવતા રહેવું પડે છે. 48 કલાકમાં આ દવા તૈયાર થઈ જાય છે અને 6 મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય છે. આ લિક્વિડ લીલી ઈયળ, મસી, થ્રિપ્સ વગેરે જીવાતોમાં રામબાણ ઈલાજ છે.



રસાયણો કરતા દોઢ ગણું ઉત્પાદન મેળવી શકાય છે."

આ જ રીતે ખેતી કરીને જેઠાભાઈ વર્ષે 13 લાખની આવક મેળવે છે. તેમના નારિયેળ સીધા દિલ્હીના વેપારીઓ પાસે પહોંચે છે. હવે તે લોટણ નાળિયેરી અને દેશી નાળિયેરીની પરાગરજ ભેગી કરીને તેમાંથી ડિટી બનાવે છે. તેમના આ રોપાની આસપાસના ખેડૂતોમાં ખૂબ માંગ છે

- જીવામૃત, ખાટી છાશ અને અગ્નિઅસ્ત્ર જેવી ઓર્ગેનિક જંતુનાશક દવાની મદદથી નારિયેળીનું પોષણ અને રક્ષણ કરે છે.

અને બબ્બે વર્ષ સુધી તેમની પાસે રોપાના બુકિંગ ફૂલ છે. આ ડિટી નાળિયેરી ચાર વર્ષમાં ફળ આપતી થઈ જાય છે. તેના નાળિયેરની ગુણવત્તા વધારે સારી હોય છે, તેમાં પાણી પણ વધારે મીઠું મળે છે અને બજારમાં ભાવ ઉત્તમ મળે છે. જેઠાભાઈ જોટવાએ પુરવાર કરી દીધું છે કે કોઈપણ વિષયમાં ઊંડા ઉતરીએ તો શ્રેષ્ઠ પરિણામ મેળવી જ શકાય છે. તેમણે સજીવ ખેતીનો નિર્ણય કર્યો તો તે વિષયમાં પણ તે એટલા ઊંડા ઉતર્યા કે આજે ઓર્ગેનિક ફાર્મિંગ ક્ષેત્રે તેમના મંતવ્ય કેન્દ્ર સરકાર પણ મંગાવે છે. જૂનાગઢની મુલાકાતે આવેલા ગૃહ મંત્રી અમિત શાહને તેમણે જૂનાગઢમાં કેરળની જેમ કોકોનટ બોર્ટડની સત્તાવાર સ્થાપના કરવાની ભલામણ કરી હતી અને તે વિષયે તેમને સકારાત્મક પ્રતિસાદ પણ મળ્યો હતો.

જીવામૃત કેવી રીતે બનાવી શકાય?



જીવામૃત એ ઓર્ગેનિક ખેતીમાં વ્યાપક રીતે વપરાય છે. તે જીવાત નિયંત્રણમાં મદદ કરવાની સાથે સાથે દેશી ખાતરનું પણ કામ કરે છે. તે બનાવવાની પ્રક્રિયા સમજાવતા જેઠાભાઈ જણાવે છે, "200 લિટરના ડ્રમમાં 10 કિલો દેશી ગાયનું છાણ, 10 લિટર દેશી ગાયનું ગૌમૂત્ર, 1 કિલો દેશી ગોળ, 1 કિલો ચણા કે કઠોળ (મગ, અડદ, ચોળી વગેરે)નો લોટ, 500 ગ્રામ કાળી જંગલની માટી લેવાની રહે છે. આ માટે જંગલમાં થતા વડ કે પીપળા જેવા વિશાળ વૃક્ષ નીચેથી લઈ શકાય. હા, બળદ અને માણસ ન જતા હોય તેવા વિસ્તારની માટી પસંદ કરવી જોઈએ કારણ કે એવી માટીમાં બેક્ટેરિયા વધારે માત્રામાં હોય છે. તેને બેરલમાં નાંખીને 180 લિટર પાણી ઉમેરવાનું રહે છે. કોથળાથી ડ્રમને ઢાંકી રાખી સવાર અને સાંજ ઘડિયાળના કાંટાની દિશામાં 1 મિનિટ સુધી લાકડાના દંડાથી ફેરવવાનું હોય છે. શિયાળામાં 1 અઠવાડિયામાં બેક્ટેરિયા વિકસે છે. જ્યારે ઉનાળામાં તો ત્રીજા દિવસે બેક્ટેરિયા તરત થઈ જાય છે. 1 એકરમાં 1 બેરલ પાણી સાથે જીવામૃત આપી શકાય છે. ડ્રિપ મારફતે પણ તે છોડ કે વૃક્ષ સુધી પહોંચાડી શકાય. જીવામૃતમાં રહેલા બેક્ટેરિયા દેશી ખાતરનું કામ કરે છે અને સાથે સાથે જીવાત નિયંત્રણમાં પણ મદદ કરે છે."



પરિવારની બીમારીએ પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું

હવે તેના પ્રચારક બની ગયા છે નારવણસિંહ ગોહિલ

શાકભાજીની ખેતીમાં અનેક પડકારો અને મુશ્કેલી છતાં પ્રાકૃતિક ખેતીને વળગી રહીને ખેડૂતો માટે પ્રેરણાસ્રોત બન્યા ભાવનગરના નારવણસિંહ ગોહિલ

ખેતરમાં બેફામ કેમિકલ અને પેસ્ટિસાઈડ્સનો ઉપયોગ કરતા ખેડૂતોને પોતાની ભૂલનો અહેસાસ ક્યારેક ત્યારે જ થાય છે જ્યારે પોતાના કોઈ સગાવહાલા કેન્સર કે હૃદય સંબંધિત બીમારીઓથી ગ્રસિત થઈને હોસ્પિટલના બિછાને પડ્યા હોય. ભાવનગરના જેસર તાલુકાના જુના પાદર ગામના નારવણસિંહ ખાટાભાઈ ગોહિલે જ્યારે નજીકના સાવ નજીકના સ્વજનોને મોટી મોટી બીમારીઓની સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લાવવા પડ્યા, અને 10 વર્ષ આ માહોલમાં વ્યતીત કરવા પડ્યા ત્યારે તેમને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાયું. છેલ્લા સાત વર્ષથી તેઓ સંપૂર્ણપણે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરે છે અને FPOના માધ્યમથી તેઓ પોતાના ઉત્પાદનું વેચાણ કરે છે. હાલ સુધી તે પાંચ વખત ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે પ્રાકૃતિક ખેતી માટે એવોર્ડ મેળવી ચૂક્યા છે. ખેતી બેન્કની વાર્ષિક સાધારણ સભામાં પણ તેમને પ્રાકૃતિક ખેતી માટે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.



નારવણસિંહ ખાટાભાઈ ગોહિલ તેમની પ્રાકૃતિક ખેતીની પદ્ધતિ અંગે વાત કરતા જણાવે છે, "હું છેલ્લા સાત વર્ષથી પ્રાકૃતિક ખેતી કરું છું. ઘણા ખેડૂતોને જૈવિક, પ્રાકૃતિક અને ઓર્ગેનિક ખેતીમાં ફરક જ નથી ખબર. ખાતર કે જંતુનાશક દવા બનાવવાની રીત કંપનીઓ કેમિકલનું પ્રમાણ ઘટાડીને જૈવિકના નામે વેચે છે. ઓર્ગેનિક ખેતીમાં પણ ખેડૂતો યુનિવર્સિટી કે પછી કિસાન વિકાસ કેન્દ્ર (KVK) માંથી બેક્ટેરિયા, સ્પ્રે કરવાની દવા કે ખાતર મેળવે છે. તેમાં રાઈઝોબિયમ કે એઝોબેક્ટર જેવા બેક્ટેરિયાથી બનેલી પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે. તેની સામે પ્રાકૃતિક ખેતી ગૌમૂત્ર, દૂધ, છાશ, ગોબર કે પંચગવ્યમાંથી બનેલી પ્રોડક્ટ્સથી થાય છે. પ્રાકૃતિક ખેતીમાં તમામ પ્રોડક્ટ ખેડૂતે જાતે જ બનાવવાની રહે છે. તેમાં જીવામૃત, અગ્નિઅસ્ત્ર વગેરેનો સમાવેશ થાય છે."

પ્રાકૃતિક ખેતી કરનારા ખેડૂતો જીવામૃતનો વ્યાપક ઉપયોગ કરે છે. તેમાંથી છોડને પૂરતી માત્રામાં ખનીજતત્વો મળી રહે છે. આ ઉપરાંત જમીનમાં ખાતર તરીકે નાંખવા માટે ઘનજીવામૃત પણ બનાવાય છે. ઘનજીવામૃત બનાવવાની પદ્ધતિ અંગે વાત કરતા નારવણસિંહ ગોહિલે જણાવ્યું, "દેશી માલઢોરનું ખાતર સૂકાઈ જાય પછી તેમાંથી પાવડર બનાવાય છે. તેના ઉપર લિક્વિડ જીવામૃત છાંટીને તેને સૂકવવામાં આવે છે. આ પ્રક્રિયા બે વખત કર્યા બાદ જે પાવડર તૈયાર થાય તેને ઘન જીવામૃત કહેવામાં આવે છે. તેને બોરીની અંદર ભરીને રાખી શકાય છે." બી ઉપર કેમિકલનું કોટિંગ કરવાને બદલે નારવણસિંહ ગોહિલ બીજામૃતનો ઉપયોગ કરે છે. તેની રીત સમજાવતા તેઓ કહે છે, "ગૌમૂત્ર, છાણ, ચૂનો આ બધું જ મિક્સ કરીને તેમાં 50થી 100 ગ્રામ માટી નાંખવામાં આવે છે. બીના જથ્થા મુજબ પાણી ઉમેરવામાં આવે છે. ત્યાર બાદ તેનું બી ઉપર કોટિંગ કરીને વાવણી કરવામાં આવે છે. કોબી, મરચી, રીંગણના ધરૂ માટે પણ બીજામૃતનો ઉપયોગ કરી શકાય છે."

ખેડૂતો સામાન્ય રીતે યુરિયા કે મેગ્નેશિયમ ખાતરનો ઉપયોગ કરતા હોય છે તે સમસ્યાઓ માટે પ્રાકૃતિક ખેતી પાસે જીવામૃત, અગ્નિઅસ્ત્ર, દશપર્ણીઅર્ક સહિતના અનેક સચોટ ઉકેલ ઉપલબ્ધ છે. મરચી, કપાસ, ભીંડો, ટામેટી, ડુંગળી વગેરેમાં લાગતી થ્રિપ્સનો ઉકેલ તો કોઈ રાસાયણિક જંતુનાશક દવામાં મળ્યો નથી, પરંતુ પ્રાકૃતિક પદ્ધતિથી બનતા અગ્નિઅસ્ત્રથી તેને કાબુમાં લઈ શકાય છે. પ્રાકૃતિક ખેતીમાં બનતી દવાઓની



પ્રાકૃતિક ખેતીમાં તમામ પ્રોડક્ટ ખેડૂતે જાતે જ બનાવવાની રહે છે. તેમાં જીવામૃત, અગ્નિઅસ્ત્રનો સમાવેશ થાય છે.





ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે પ્રાકૃતિક ખેતી માટે પાંચ વખત એવોર્ડ મેળવી ચૂક્યા છે. ખેતી બેન્કની વાર્ષિક સાધારણ સભામાં પણ તેમને પ્રાકૃતિક ખેતી માટે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

અસરકારકતા જાળવવા માટે તેને તડકા અને વરસાદથી દૂર રાખવાની સલાહ આપવામાં આવે છે. આ પાછળનું વિજ્ઞાન સમજાવતા નારવણસિંહ ગોહિલ જણાવે છે, "પ્રાકૃતિક ખેતીમાં તૈયાર કરાતા બધા જ સંયોજનોથી અમુક પ્રકારના વિશેષ બેક્ટેરિયા વિકસે છે જે છોડની રોગપ્રતિકારક ક્ષમતા વધારે છે અને તેની વૃદ્ધિ ઝડપી બનાવે છે. આથી જ તમે દવા-ખાતર બનાવો તે ડ્રમ કે વાસણને ખૂલામાં રાખવાનું ટાળવું જોઈએ. સૂર્યના તડકાથી તેમાં વિકસતા બેક્ટેરિયા મરણ પામે તેવી સંભાવના છે. બીજી બાજુ, વરસાદનું પાણી અમૃત હોય છે પરંતુ તેને કારણે દ્રાવણ ક્ષમતા ઘટી જતા દવા અસરકારક રહેતી નથી. આ સંયોજનને ખાસ ઢાંકીને પણ રાખવું જોઈએ. ખૂલ્લું રાખવામાં આવે તો તેમાં કોઈ જીવાત પડે કે તેના ઈંડા વિકસે તો મુશ્કેલી સર્જાઈ શકે છે."જેમ ઋતુ બદલાય અને માણસો બીમાર પડે તેમ ઋતુપરિવર્તનની અસર છોડ પર પણ પડે છે. ચોમાસામાંથી શિયાળો બેસવાનો હોય, શિયાળામાંથી ઉનાળો શરૂ થતો હોય ત્યારે છોડ તે પરિવર્તન સામે અસ્તિત્વ ટકાવવા ઝઝૂમે છે. આવા સમયે જીવામૃત કે પ્રાકૃતિક ખેતીમાં વપરાતા અન્ય ઘટકો છોડની રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને તેને વિકસવાનું બળ આપે છે. ખેડૂતે આ અંગે પહેલેથી જ સાવધાની રાખીને પગલા ભરવા જોઈએ જેથી પાકને સમયસર જરૂરી સપોર્ટ મળી રહે. નારવણસિંહ જણાવે છે, "હું શાકભાજીની ખેતી કરું છું અને તેમાં રોગજીવાતનું પ્રમાણ ખૂબ જ વધારે હોય છે. પ્રાકૃતિક પદ્ધતિથી શાકભાજીની ખેતીમાં ધ્યાન ખૂબ વધારે રાખવું પડે છે અને તેમાં મહેનત પણ ઘણી છે. મેં ડીશામાં સુભાષ પાલેકરની શિબિરમાં ભાગ લીધો ત્યારથી મને સમજાયું કે ઘણા ખરા રોગોનું મૂળ ખેડૂતો જ છે. પેસ્ટિસાઈડ અને રસાયણોથી જમીન બંજર બને છે અને શાકભાજી થકી કેમિકલ્સ શરીરમાં જાય છે. આથી મહેનત વધારે પડે છતાંય હું પ્રાકૃતિક ખેતીને વળગી રહું છું. " જો કે પ્રાકૃતિક ખેતીથી શાકભાજી ઉગાડવાના પડકારો ઘણા છે. શાકભાજીમાં ચાર ચાર મહિને ખેડ કરવી પડે છે. તેને કારણે કાર્બન જમીનમાં વધુ જળવાતો નથી. આથી જમીનને ફળદ્રુપ રાખવા ઘણી વધારે મહેનત કરવી પડે છે. બીજું, બાગાયતી ખેતીમાં શરૂઆતના બે-ત્રણ વર્ષ મહેનત કર્યા પછી ઉત્પાદન લાંબો સમય મળ્યા જ કરે છે. પરંતુ શાકભાજીમાં એવું નથી. તેમાં દર ચાર મહિને ફરીથી ખેડ કરવી જ પડે છે. આ ઉપરાંત શાકભાજી બગડી ન જાય તેની વિશેષ કાળજી રાખવી પડે છે. અમદાવાદ જેવા માર્કેટમાં તેને વેચવા માટે ટ્રાન્સપોર્ટેશનનો પણ વધારે ખર્ચ આવતો હોય છે. આ જ કારણે પ્રાકૃતિક ખેતીથી ઉગાડેલા શાકભાજી માર્કેટમાં લગભગ બમણા ભાવે મળે છે. પરંતુ તેનો સ્વાદ અને સ્વાસ્થ્ય માટે તેના ફાયદા જાણી ગયેલા લોકો પ્રાકૃતિક પદ્ધતિથી ઉગાડેલું શાકભાજી ખરીદવા માટે વધારે પૈસા ખર્ચ કરતા ખચકાતા નથી. ગૂજરાત વિદ્યાપીઠમાં દર રવિવારે સવારે ઓર્ગેનિક શાકભાજી, ફળ તથા પ્રોડક્ટ્સનું માર્કેટ ભરાય છે. નારવણસિંહજી ગૌસત્વ નેચરલ ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની અને શેત્રુંજય ફાર્મર પ્રોડ્યુસર કંપનીનું નેતૃત્વ કરીને આ માર્કેટમાં ભાગ પણ લે છે. અહીંથી મળતા પ્રતિસાદથી તે ખૂબ સંતુષ્ટ છે. પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજી ગયેલા નારવણસિંહ ભારતભરના ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની ટ્રેનિંગ આપે છે. અત્યાર સુધી ભારતના 22 રાજ્યમાંથી 50,000થી વધુ ખેડૂતો તેમના ખેતરની મુલાકાત લઈ ચૂક્યા છે. શાકભાજી ઉપરાંત તેમણે મગફળી, તલના કાચી ઘાણીના તેલના વ્યવસાયમાં પણ ઝંપલાવ્યું છે. તેમાં પણ તે પ્રાકૃતિક પદ્ધતિથી પકવેલી મગફળી કે તલનું શુદ્ધ તેલ કાઢીને ગ્રાહકોને પહોંચાડે છે.



ગાય આધારિત ખેતી કરીને પુરવાર કર્યું કે પ્રાકૃતિક ખેતી રસાયણિક ખેતી કરતા ઉત્તમ પરિણામ આપી શકે છે.

ખાતર કે જંતુનાશક દવા બનાવનારી કંપનીઓ કેમિકલનું પ્રમાણ ઘટાડીને જૈવિકના નામે વેચે છે

ખેડૂતને જગતના તાતનું બિરૂદ આપવામાં આવ્યું છે, કારણ કે ખેડૂત સૌનું પોષણ કરવા સક્ષમ છે. પરંતુ જે તારતો તે મારતો એ ન્યાયે ખેડૂતો દ્વારા બેફામ પેસ્ટિસાઈડ અને રાસાયણિક ખાતરના ઉપયોગથી લોકોના શરીરમાં અનેકવિધ રોગ ઘર કરી રહ્યા છે. આવા સમયમાં ભારતને અને વિશ્વને પ્રાકૃતિક ખેતીના રસ્તે ચાલતા નારવણસિંહ ગોહિલ જેવા વધુને વધુ ખેડૂતોની જરૂર છે.

ખેતીથી એક ડગ આગળ

બાગાયતી પાકોમાંથી મૂલ્યવર્ધન ચીજો બનાવી આવક વૃદ્ધિ કરી

રસાયણિક ખેતીને કારણે લોકોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચતું હોવાથી અને રોગપ્રતિકારક શક્તિ નબળી પડતી હોવાથી હું સજીવ ખેતી તરફ વળ્યો : હરિસિંહ જાડેજા

ખેડૂતો સામાન્ય રીતે પાક ઉગાડીને તેને APMCમાં વેચીને જે રકમ પ્રાપ્ત થાય તેમાં સંતુષ્ટ હોય છે. પરંતુ કચ્છના હરિસિંહ રાજકિશોરસિંહજી જાડેજાની વિચારસરણી કંઈક અલગ જ છે. કચ્છના નખત્રાણાના કોટડા રોહામાં સજીવ ખેતી કરનારા હરિસિંહજી કહે છે, "છેલ્લા ચોવીસ-પચ્ચીસ વર્ષમાં ખેડૂત જે ઉત્પાદન કરે છે તેના ભાવમાં સાવ નજીવો વધારો થયો છે. તેની સરખામણીએ બીજી વસ્તુઓ પાંચથી દસ ગણી મોંઘી થઈ ગઈ છે. વચેટિયાઓ ખેડૂત પાસેથી માલ ખરીદે છે અને વગર રોકાણે કે ટેન્શન લીધા વિના સારા એવા પૈસા કમાય છે. બીજી બાજુ, ખેતરમાં મજૂરી કરતા ખેડૂતના હાથમાં ખાસ કશું આવતું નથી અને તે આર્થિક બોજ નીચે દબાતો જ જાય છે. આ પરિસ્થિતિ જોઈને મને થયું કે આપણી વસ્તુના ભાવ બીજા કોઈ શું કામ નક્કી કરે? ખેતીમાં દલાલો ભાવ નક્કી કરે છે. પરંતુ મને એ મંજૂર નહતું. એટલે મેં બાગાયતી ખેતી અને તેની ઉપજમાંથી પ્રોડક્ટ્સ બનાવવાનો અલગ જ રસ્તો અપનાવ્યો."



કેરીની સીઝન શરૂ થાય અને પૂરી થવા આવે ત્યારે કેરીના ભાવ વધારે હોય છે. પરંતુ મધ્ય ગાળામાં જ્યારે કેરીનો માલ માર્કેટમાં પુષ્કળ પ્રમાણમાં ઠલવાયો હોય ત્યારે કેરીના ભાવ આપોઆપ નીચા જવા માંડે છે. પરંતુ કચ્છના રેતાળ વિસ્તારમાં ઓર્ગેનિક પદ્ધતિથી હરિસિંહજી એવી કેવી ઉગાડે છે કે તે આખી સીઝન દરમિયાન રૂ. 300 પ્રતિ કિલોના તોતિંગ ભાવે વેચાય છે. તેઓ કહે છે, "હું પ્રોડક્ટના પૈસા મારી રીતે વસૂલુ છું, પરંતુ સામે ક્વોલિટી પણ એવી જ આપું છું. શરૂઆતમાં ગ્રાહકને તેની કિંમત વધારે લાગી શકે છે પરંતુ તે ઉપજની ક્વોલિટી જોય પછી તેમના માટે પૈસા સેકન્ડરી બની જાય છે."

ઉત્તમ ગુણવત્તાને કારણે માર્કેટ કરતા વધારે ભાવ હોવા છતાંય હરિસિંહજીની કેરી ચપોચપ વેચાઈ જાય છે. તેનાથી એક ડગલું આગળ વધીને તે આ કેરીમાંથી પ્યોર પલ્પ બનાવી ટિનમાં પેક કરીને પણ વેચે છે. આ આઈટમ 850 ગ્રામના રૂ. 400ના ભાવે માર્કેટમાં વેચાય છે. પરંતુ તેની ખાસિયત એ છે કે તેમાં બિલકુલ પ્રિઝર્વેટિવ, શુગર, કેમિકલ કે કલર ઉમેરવામાં આવતા નથી. કેમિકલ મુક્ત જમીન અને વાતાવરણમાં ઉછરેલી કેરીનો સ્વાદ જ ગ્રાહકોના મન મોહી લે છે. આ ઉપરાંત કેરીમાંથી તેઓ 10 પ્રકારના પાપડ, જેલી, ફુલ્ફી, મિલ્કશેક, કેસર પેંડા, જ્યુસ અને ગોટલીના મુખવાસ જેવી વિવિધ આઈટમ્સ બનાવે છે. આમ કેરીનું મૂલ્યવર્ધન કરીને તેઓ મા આશાપુરા ઓર્ગેનિક ફાર્મના બ્રાન્ડ નેમથી





ઉત્તમ ગુણવત્તાને કારણે માર્કેટ કરતા વધારે ભાવ હોવા છતાંય હરિસિંહજીની કેરી ચપોચપ વેચાઇ જાય છે. તેનાથી એક ડગલું આગળ વધીને તે આ કેરીમાંથી પ્યોર પલ્પ બનાવી ટિનમાં પેક કરીને પણ વેચે છે.

- કેરીમાંથી તેઓ 10 પ્રકારના પાપડ, જેલી, કુલ્ફી, મિલ્કશેક, કેસર પેંડા, જ્યુસ અને ગોટલીના મુખવાસ બનાવે છે
- કચ્છના રેતાળ વિસ્તારમાં ઓર્ગેનિક પદ્ધતિથી ઉત્તમ પ્રકારની કેરી ઉગાડી, રૂ. 3000ના ભાવે પેટી વેચાય છે.
- બાગાયતી પાકોનું મૂલ્યવર્ધન કરીને અથાણું, જ્યુસ, પાપડ, મીઠાઈ બનાવે છે.

માર્કેટમાં અનેક પ્રોડક્ટ્સ વેચે છે. સાત વર્ષના ટૂંકા ગાળામાં તેમનું ટર્નઓવર રૂ. 12 લાખને આંબી ગયું છે.

વાસ્તવમાં હરિસિંહજીનો પરિવાર ખેતી સાથે સંકળાયેલો નથી. પરંતુ તેઓ સમજણા થયા ત્યારથી જ ગૌસંવર્ધન અને ઓર્ગેનિક ફાર્મિંગ પ્રત્યે તેમને વિશેષ લગાવ હતો. તેઓ કહે છે, "મોટા થતા સમજાયું કે ખેડૂતને જગતના તાતની ઉપાધિ આપવામાં આવી છે પરંતુ ખેડૂત તેનાથી વિપરીત જઈને અનેક કામ કરે છે. રસાયણિક ખેતીને કારણે લોકોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચી રહ્યું છે, રોગપ્રતિકારક શક્તિ નબળી પડી રહી છે અને લોકોના શરીરમાં બીમારી ઘર કરી રહી છે. જો કે તેમાં ખેડૂતનો પણ વાંક નથી. લોકોને સસ્તી વસ્તુઓ જોઈએ છે. મારે આ પરિસ્થિતિ અને માનસિકતામાં સુધાર લાવવો હતો. આથી જ હું સજીવ ખેતી તરફ વળ્યો."



આજે 12થી 13 એકર જમીનમાં તેઓ આંબા, દેશી નારિયેળી, મોસંબી, લીંબુ, રાયણ, ચીકુ, સીતાફળ, ગોખરુ, ગુંદા, કંકોડા, બીજોરા વગેરે ઉગાડે છે. પોતે ખાવાના શોખીન હોવાથી આ બાગાયતી પાકોમાંથી જાતજાતની મૂલ્યવર્ધન ચીજો જેમ કે અથાણું, જ્યુસ, પાપડ, મીઠાઈ, મુખવાસ વગેરે પણ તે બનાવ્યા કરે છે. પોતાના ખેતરમાં થયેલા કે અન્ય વિશ્વાસુ મિત્રના ખેતરમાં ઓર્ગેનિક પદ્ધતિથી ઉગાડેલા કાળા અને સફેદ તલમાંથી તે શિયાળામાં કચરિયું પણ બનાવે છે. આ જ રીતે મગ અને ચણાની દાળમાંથી મગસ જેવી મીઠાઈ બનાવીને તેનું વેચાણ પણ કરે છે.

હરિસિંહજી જણાવે છે, "અમારી પ્રોડક્ટ પાંચ વર્ષ પહેલાથી જર્મનીમાં એક્સપોર્ટ થાય છે. જર્મનીના ઓર્ગેનિક પ્રોડક્ટના ધારાધોરણો ખૂબ જ કડક છે. અમારી પ્રોડક્ટને એ માર્કેટમાં સ્વીકૃતિ મળી તેનો અર્થ એ છે કે આ પ્રોડક્ટ્સ સમગ્ર વિશ્વમાં ઓર્ગેનિક પ્રોડક્ટ તરીકે વેચી શકાય તેટલી સક્ષમ છે. અમારો એક જ સિદ્ધાંત છે કે ગ્રાહકને 100 ટકા ઓર્ગેનિક, કુદરતી, યુનિક અને ઉચ્ચ ગુણવત્તાની ચીજો આપવી."તેઓ ભવિષ્યમાં આંબાના 550માંથી 1500 ઝાડ કરવાનું લક્ષ્ય ધરાવે છે. આ ઉપરાંત સ્વાસ્થ્ય માટે ઉત્તમ ગણાતા બીજોરાની ખેતીમાં પણ તે આગળ વધવાની નેમ ધરાવે છે. તેમના આ ઈન્નોવેટિવ અભિગમ બદલ તેમને ખેતી બેન્કની 2023ની વાર્ષિક સાધારણ સભામાં એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો.



કમલમ ફળની ખેતી કરી વિઘે 2.5 લાખનો નફો કમાઈ શકાય

- કમલમના પ્લાન્ટ રોપ્યા પછી બીજા વરસે તેમાં થોડા ગણા ફળ બેસવા માંડે છે, ત્રીજા વર્ષથી નિયમિત પાક લઈ શકાય છે
- પહેલા બજારમાં તેના વધુ ભાવ ઉપજતા હતા, આજે તેના સરેરાશ ભાવ રૂ. 120ની આસપાસના મળે છે.



એક વિઘા જમીનમાં કમલમના 800 રોપા નાખી શકાય છે અને તેમાં જૂનથી ડિસેમ્બર સુધીની છ માસની સીઝનમાં અઢીથી ત્રણ ટન એટલે કે 2500-3000 કિલો ફળનો ઉતારો મળે છે

શ્રમ કરવાની સાથે સાથે ખેડૂત વધુ સંગીન રીતે દિમાગ દોડાવે તો તેની આવક બમણી કે ચાર ગણી થઈ જ શકે છે. ખેતીની આવક વધારવા માટે નવતર આયોજન જ એક મોટી જરૂરિયાત છે. જૂનાગઢ જિલ્લાના માળીયા તાલુકાના અવાણીયા ગામના ખેડૂત દિલીપ પટેલે(અઘેરાએ) નવતર આયોજન કરીને ખેતીની આવકમાં જબરદસ્ત વધારો કરી દેખાડ્યો છે. કમલમ એક ઝાડ પણ નથી અને વેલો પણ નથી. તેને એક પ્લાન્ટ તરીકે ગણાવી શકાય. કમલમ ફળ એ થોરની જાતનો એક પ્લાન્ટ છે. કમલમની ખેતી કરવા માટે દ્રાક્ષની ખેતી માટે લગાવવામાં આવતા થાંભલા લગાડવા પડે છે. તેના પર કમલમના પ્લાન્ટને ઉપર ચઢાવવા પડે છે.

આમ તો ડ્રેગન-કમલમ ફ્રુટની ત્રણ જાતો છે. એકમાં ગુલાબી છાલ અને સફેદ માવો નીકળે છે. બીજામાં ગુલાબી છાલ અને લાલ માવો નકળે છે. ત્રીજું પીળી છાલ અને સફેદ માવો નીકળે છે. ભારતમાં ડ્રેગન ફ્રુટની ત્રણેય જાતનું વાવેતર થાય છે. જોકે ભારતમાં કમલમ-ડ્રેગન ફ્રૂટની ખેતી બાળ અવસ્થામાં છે. ડ્રેગન ફ્રૂડની ડિમાન્ડ વધી રહી છે. તેની ડિમાન્ડના માંડ 25 ટકા ઉત્પાદન ભારતમાં થાય છે. ડ્રેગન ફળ માનવની તન્દુરસ્તી માટે ઉત્તમ છે. દિલીપ પટેલ કહે છે, “પહેલા અમારે ગ્રાહકો શોધીને થાકી જતાં હતા. હવે ગ્રાહકોને ફ્રુટની ગુણવત્તાની ખબર હોવાથી તે લેવા માટે દોડધામ કરવી પડતી નથી. આ ફળ 8થી 10 દસ દિવસ સુધી ખરાબ પણ થતું નથી. રાજકોટથી સોમનાથના પટ્ટામાં જ અમારો આ પાક વેચાઈ જાય છે. તેથી હાલના તબક્કે આશ્ર તેની નિકાસની સારી તક છે. કોમર્શિયલ ખેતી માટે આ એક ઉત્તમ પાક છે. 25થી 40 ડિગ્રી તાપમાન વચ્ચે તેનો પાક સરળતાથી થઈ જાય છે. 45થી 48 ડિગ્રી ટેમ્પરેચરમાં પણ તેની આંતર મિશ્ર પાક તરીકે તેની ખેતી કરી શકાય છે. જામ, જેલી, કોસ્મેટિક પ્રોડક્ટ, જ્યુસ-ડ્રિન્ક્સ અને આઈસક્રીમ બનાવવા માટે પણ ડ્રેગન ફ્રૂટનો ઉપયોગ કરી શકાય છે. આમ વેલ્યુ એડિશન માટે તે એક ઉત્તમ પાક છે. પાંચથી આઠ પીએચ વાળી જમીનમાં ડ્રાયગન ફ્રુટનો પાક લઈ શકાય છે. 3000 ટીડીએસ વાળું પાણી પણ તેને માટે યોગ્ય ગણાય છે.

આજે રોપણી કર્યા પછી 18 મહિને ફળ બેસવાના ચાલુ થઈ જાય છે. તેનું એક ફળ 150થી 650 ગ્રામ વજનનુ હોય છે, આ ફળને જીવાત પણ નહિવત જ લાગે છે. ડેન્ગ્યુ જેવી બીમારીમાં માનવ શરીરના પ્લેટ્સની ઉણપ સર્જાય છે. આ ઉણપને ઝડપથી દૂર કરી આપવાની કામગીરી ડ્રેગન ફ્રુટ કરે છે. હાઈ બ્લડપ્રેશરને કંટ્રોલ કરવામાં તે મદદ કરે છે. ડાયબિટીસના દરદીઓના શરીરમાં સુગરના પ્રમાણને સમતોલ કરવામાં ડ્રેગન ફ્રૂટ મદદ કરે છે. તેનાથી રોગપ્રતિકારક શક્તિ પણ વધે જ છે. તેથી દરદીઓને આ ફ્રુટ લેવાની ખાસ ભલામણ પણ કરવામાં આવે છે. ગુજરાતમાં પણ તેની ખેતી વ

માલ લેવા તરફ દ” થાઈલેન્ડ, મલેશિયા અને વિયેટનામમાં તેની મોટી ખેતી થાય છે. ભારતના બજારમાં આ ત્રણ દેશોમાંથી ડ્રેગન ફ્રુટ-કમલમની આયાત પણ કરવામાં આવે છે.

સાત સાડાસાત વર્ષ પૂર્વે રાજકોટના કૃષિ મેળામાં દિલીપ

કમલમ ફળ માટે પોષણ આપવા જીવામૃત કેવી રીતે બનાવશો

કમલમના પ્લાન્ટને જીવામૃતથી પોષણ આપીને સાચવવામાં આવે છે. 200 લિટરના ડ્રમમાં 180 પાણી લેવાનું રહે છે. તેમાં 10 લિટર ગૌમૂત્ર ભેળવવાનું હોય છે. તેમાં 10 કિલો ગાયનું ગોબર ઉમેરવાનું હોય છે. તદુપરાંત અડદ સિવાયના કોઈપણ કઠોળનો એક કિલો લોટ ઉમેરવાનો હોય છે. તેમાં એક કિલો દેશી ગોળ ઉમેરવાનો આવે છે. સૌથી મહત્વની વાત તો એ છે કે જંગલના કોઈ વૃક્ષ કે વડલા નીચેની માટી તેમાં નાખવી પડે છે. માત્ર એક જ મુઠ્ઠી માટી તેમાં નાંખવી પડે છે. તેમાં નેચરલ બેક્ટેરિયા મળવા જરૂરી છે. કીડીના રાફડાંની માટી પણ લાવી શકાય છે. વડલાની નીચેની માટી લાવવી પડે છે. આ મિશ્રણ છાયડામાં રાખવાની રહે છે. ઉનાળાની ગરમીમાં 4થી 5 દિવસમાં અને શિયાળામાં 7થી 8 દિવસમાં જીવામૃત તૈયાર થઈ જાય છે. પંદર પંદર દિવસે પ્લાન્ટને આ જીવામૃત ખાતર તરીકે આપવામાં આવે છે. તેમ જ તેના પર દવા તરીકે છંટકાવ પણ જીવામૃતનો જ કરવામાં આવે છે.



પટેલને એક વ્યક્તિ તેમને ભેટી ગઈ હતી. તેમની સાથે વાતચીત કરવામાં જ તેમને કમલમ-ડ્રેગન ફ્રૂટની ખેતી કરવાનું સૂઝ્યું. ત્યારબાદ તેમણે મહારાષ્ટ્રમાં ડ્રેગન ફ્રૂટની ખેતી કરતાં એક ખેડૂતના ખેતરની મુલાકાત લીધી હતી. તેમ જ ગુજરાતના જામનગરમાં જિલ્લાના એક ખેડૂતના ખેતરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત લીધા પછી તેમણે ડ્રેગન ફ્રૂટની ખેતી કરવાનું મન બનાવી લીધું. તેની ખેતી કરવા માટે તેમણે પહેલા રોપા મેળવવા શોધ કરી. નવસારી જિલ્લામાં ચીખલી તરફ જતાં રસ્તા પર આવેલી જલારામ નર્સરીમાંથી તેના રોપા મેળવ્યા. એક વિઘામાં ખેતી કરવા માટે તેમણે 800 રોપા લીધા હતા. આ રોપાની હોમ ડિલીવરીનો રોપાદીઠ રૂ. 55નો ખર્ચ આવ્યો હતો. રોપા માટે કુલ રૂ. 40,000થી 45,000નો ખર્ચ થયો હતો.આ



રોપાને રોજનું બે લિટર પાણીની જરૂર પડે છે. ડ્રીપ ઈરિગેશનથી તેને પાણી આપવામાં આવે છે. (ડ્રીપ ઈરિગેશન માટે વિઘે થતાં ખર્ચનો અંદાજ લેવો.)

આમ રોજના માત્ર 1500થી 1600 લિટર પાણીની જરૂર પડે છે. જૂનથી ડિસેમ્બર સુધીમાં જ તેના પર ફળ બેસતા હોવાથી જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસમાં તો તેને ડ્રિપથી પાણી આપવાની ઓછી જરૂર પડે છે. ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બરમાં તેને પાણી નિયમિત મળે તેવી વ્યવસ્થા કરવી પડે છે. પ્રાકૃતિક ખેતી કરતાં હોવાથી ગાય ગોબર અને ગૌમૂત્રમાંથી જ તેના ખાતર તૈયાર કરવામાં આવતા હોવાથી તેને માટે ખાસ કોઈ વિશેષ ખર્ચ કરવો પડતો નથી. આ રોપા નાખ્યા પછી બીજા વરસે તેના ઉત્પાદનનો ધીમો ધીમો આરંભ થાય છે. ત્રીજા વર્ષથી બરાબર ફળ ઉતરવા માંડે છે. દિલીપ પટેલ-અઘેરા કહે છે, "ત્રીજા વર્ષથી એક વિઘા જમીનમાં 2500થી 3000 કિલો કમલમની ઉપજ મળે છે. આ ફ્રૂટના કિલોદીઠ સરેરાશ ભાવ રૂ. 120ની આસપાસના મળે છે. હા, આરંભમાં તેનું બજાર મેળવવા માટે જફા કરવી પડી હતી. પહેલા લોકોને આ ફળ અંગેની અને તેનો ઉપયોગ કરવાથી થતાં લાભની માહિતી જ નહોતી. તેથી તેમને માર્કેટ મેળવવામાં તકલીફ પડતી હતી. જોકે આજે રાજકોટથી માંડીને સોમનાથના પટ્ટામાં તેમના ફળ વેચાઈ જાય છે. વ્યક્તિગત ગ્રાહકો કે પછી ફળના વેપારીઓ તેમનો સંપર્ક કરી લે છે. કમલમનો ભાવ રૂ.120થી પણ ઓછો એટલે કે કિલોદીઠ રૂ. 100નો ભાવ મળવાના ગણિતો સાથે ત્રિરાશી માંડીએ તો વરસે ત્રણ લાખની આવક તો થઈ જ જાય છે. જૂનથી ડિસેમ્બર સુધીની છ માસની સીઝનમાં અંદાજે રૂ. 3થી 3.60 લાખ જેટલી આવક કરી આપે છે." કમલમની ખેતી બાગાયતી ખેતી ગણાય છે. નાયબ ખેતી નિયામક કહે છે કે તેમણે ડ્રેગન ફ્રૂટની ખેતી સાથે મિશ્ર પાક પણ લીધા જ છે. દિલીપ અઘેરા અવનવી ખેતી કરતા આવ્યા છે.

ભારતમાં તેનું બજાર વધવા માંડ્યું છે. આજે ભારતના બજારમાં તેનું કુલ વેચાણ રૂ. 125થી 150 કરોડનું હોવાનો અંદાજ છે.

દિલીપ અઘેરા કમલમની ખેતી પ્રાકૃતિક ખેતીની પદ્ધતિથી કરતાં હોવાથી તેમને તેની ખેતી કરવા માટે દર વરસે બહુ જ નજીવું ઇન્વેસ્ટમેન્ટ કરવું પડે છે. તેઓ કહે છે, "એક વિઘામાં મજૂરી ખર્ચ વરસે રૂ.15000-20,000ની આસપાસનો આવે છે. તદુપરાંત પેકિંગનો બીજો 15000થી 20000નો ખર્ચ આવે છે. રૂ. 50,000ના વાર્ષિક જાળવણી ખર્ચ સામે સાડા ત્રણ લાખ સુધીની આવક થવાની સંભાવના છે. ખેતીની અનિશ્ચિતતાને જોતાં અને ફળના ભાવની અનિશ્ચિતતાને જોતાં વરસે તેના થકી વિઘે ઓછામાં ઓછી રૂ. 2.5 લાખની ચોખ્ખી આવક (સાચવણી, ખાતર, પેકિંગના ખર્ચ બાદ કર્યા પછીની આવક) થાય છે."



ભારતમાં કેવું છે કાર્બન ક્રેડિટનું ભવિષ્ય? ખેડૂતો માટે પુષ્કળ આવકની તક

ક્લાઈમેટ ચેન્જને લડત આપવા માટે ભારત સરકાર અનેક પગલા ભરી રહી છે. તેમાં એક અગત્યનું પગલું કાર્બન માર્કેટને આકાર આપવાનું છે. ભારતમાં થોડા વર્ષો પહેલા કાર્બન માર્કેટ શબ્દ પણ સૌના માટે નવો હતો. પરંતુ સરકારના અથાગ પ્રયત્નોના પગલે ઈન્ડસ્ટ્રીઝ અને ખેડૂતોમાં પણ કાર્બન માર્કેટ અંગે જાગૃતિ વધી રહી છે. ઉદ્યોગ અને કૃષિ ક્ષેત્રે સસ્ટેનેબલ પ્રેક્ટિસને પ્રોત્સાહન આપવા માટે સરકારે ગ્રીન ક્રેડિટ સ્કીમ પણ લોન્ચ કરી છે. આ સ્કીમ અંગે હાલ પ્રાથમિક માહિતી જ ઉપલબ્ધ છે. જો કે તેને કારણે ભારતમાં કૃષિ ક્ષેત્રથી કાર્બન ક્રેડિટનું ટ્રેડિંગ કરવાની શક્યતા બળવત્તર બની છે. ભારત સરકારે કૃષિ ક્ષેત્રને કેન્દ્રમાં રાખીને ગ્રીન ક્રેડિટ સ્કીમ તૈયાર કરી છે.

કૃષિ ક્ષેત્રમાંથી કાર્બન ક્રેડિટ ઊભી કરવાનો વિચાર ક્લાઈમેટ ચેન્જનો સામનો કરવા માટે ઉત્તમ વિકલ્પ બની શકે છે. કાર્બન ક્રેડિટ ત્યારે જનરેટ થાય છે જ્યારે ખેડૂતો સસ્ટેનેબલ-ટકાઉ ખેતીની પદ્ધતિઓ અપનાવે. જમીન ખેડ્યા વિના ખેતી કરવી, પશુઓને સમતોલિત ચારો આપવો, ખાતર તથા બાહ્ય પોષકતત્વોનો સમતોલ અને સમજપૂર્વક ઉપયોગ વગેરેથી ખેડૂતો કાર્બન ક્રેડિટ જનરેટ કરી શકે છે. આમ કરવાથી વાતાવરણમાંથી નોંધપાત્ર પ્રમાણમાં કાર્બનમાં ઘટાડો કરી શકાય છે. એગ્રીટેક સ્ટાર્ટઅપ આ ક્રેડિટ વિકસિત દેશોની કોર્પોરેટ કંપનીઓને વેચે છે અને તેમાંથી મળતી આવકનો 55થી 75 ટકા હિસ્સો ખેડૂતો સાથે શેર કરે છે. આ આવકથી ખેડૂતોને પણ પર્યાવરણને લાભકારક પદ્ધતિઓથી ખેતી કરવાનું પ્રોત્સાહન મળે છે. હાલ ભારતમાં 40થી વધુ કાર્બન ક્રેડિટ પ્રોગ્રામ્સ ચાલી રહ્યા છે.

કાર્બન પોલિસી હાલ ઘણા પ્રારંભિક તબક્કે છે. આથી તેમાં સુધારાને ખાસ્સો અવકાશ છે. આમ છતાં, ખેડૂતો આ દિશામાં પહેલ કરીને આવકનો વધારાનો સ્રોત ઊભો કરી જ શકે છે. કૃષિ ક્ષેત્રે મહત્તમ કાર્બન ક્રેડિટ કેવી રીતે જનરેટ કરી શકાય તે માટે વિશેષ સંશોધનની આવશ્યકતા છે. કાર્બન ક્રેડિટના કોન્સેપ્ટને નકારવા કરતા તેના પડકારોને સમજીને તેના યોગ્ય વિકલ્પો શોધવા જરૂરી બની જાય છે. CIMMYT દ્વારા મધ્યપ્રદેશ અને હરિયાણામાં આ પ્રકારના સાત પ્રોજેક્ટનું આકલન કરવામાં આવ્યું હતું. તેમાં જાણવા મળ્યું કે ખેડૂતોમાં ખેતીની ટકાઉ પદ્ધતિ અંગે તાલીમનો અભાવ છે. આ ઉપરાંત તેઓ એક વખત કાર્બન ક્રેડિટ માટે નામ નોંધાવે પછી ઘણા કેસમાં કંપનીઓ તેમનો સામેથી સંપર્ક પણ નથી કરતી. ઘણા કિસ્સામાં તેમને પેમેન્ટ મેળવવામાં પણ મુશ્કેલી પડે છે. આ ઉપરાંત કંપની અને ખેડૂતો વચ્ચે કોન્ટ્રેક્ટની શરતો અંગે જાગૃતિનો પણ અભાવ જોવા મળે છે. તેને કારણે ઘણા ખેડૂતો કાર્બન ક્રેડિટ જનરેટ કરવાની દિશામાં શરૂઆત કર્યા પછી પણ પાછા પડે છે.

આ પડકારો ભલે મોટા છે પરંતુ તેમનો ઉકેલ મેળવી શકાય છે. ખેડૂતોના દૃષ્ટિકોણથી સૌથી મોટી સમસ્યા કાર્બન ક્રેડિટનું પેમેન્ટ ન મેળવવાની છે. તેના માટે ખેડૂતો કાર્બન ક્રેડિટ જ્યારે વેચે ત્યારે તરત જ તેમને પેમેન્ટ આપીને ઉકેલ મેળવી શકાય છે. આ ઉપરાંત કંપનીઓ NGO મારફતે ખેડૂતો સાથે સારા સંબંધો સ્થાપીને, નિયમિત રૂપે તેમની સાથએ સંપર્ક સાધીને કાર્બન ક્રેડિટ્સને આગળ ધપાવી શકે છે. કૃષિ ક્ષેત્રમાંથી જનરેટ થતી કાર્બન ક્રેડિટ ક્લાઈમેટ ચેન્જને લગતી સમસ્યાનો ઉકેલ મેળવવા સક્ષમ છે. આ ઉપરાંત તેમાંથી થતી આવકથી ખેડૂતનું જીવનધોરણ પણ સુધરી શકે છે. જો કે તે માટે હાલ જે પ્રક્રિયા છે, તેમાં ફેરફાર કરવા જરૂરી છે અને આ દિશામાં દરેક પગલું ખૂબ સમજી વિચારીને લેવાવું જોઈએ.

કાર્બન ક્રેડિટ એટલે શું?

સમગ્ર વિશ્વ હવે વાતાવરણમાં વધુ કાર્બન ઠલવાતો અટકાવવા માંગે છે. ભારતે વર્ષ 2070 સુધીમાં નેટ ઝીરો કાર્બન એમિશનનું ધ્યેય ધરાવે છે. અર્થાત સમગ્ર દેશ દ્વારા એવી સસ્ટેનેબલ અને ઈકો ફ્રેન્ડલી પદ્ધતિ અપનાવવામાં આવશે જેનાથી વાતાવરણમાં કાર્બનનું ઉત્સર્જન શૂન્ય થઈ જશે. આમ એક ઉજળા ભવિષ્ય તરફ સમગ્ર વિશ્વ ડગ ભરવા માંગે છે. આ દિશામાં કાર્બન ક્રેડિટ એક સંનિષ્ઠ પ્રયાસ છે. 1 ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન બચાવો ત્યારે તમને 1 કાર્બન ક્રેડિટ મળે છે. નજીકના ભવિષ્યમાં દરેક ઉદ્યોગોને કાર્બન ઉત્સર્જનની મર્યાદા ફાળવી દેવાશે. અર્થાત્ તેઓ તે મર્યાદા કરતા વધારે કાર્બન ઉત્સર્જન કરી શકશે નહિ. જો તેઓ મર્યાદા કરતા ઓછું ઉત્સર્જન કરશે તો તેમને કાર્બન ક્રેડિટ્સ મળસે. પરંતુ જો લિમિટ કરતા વધારે ઉત્સર્જન થશે તો તેમણે અન્ય પાસેથી કાર્બન ક્રેડિટ ખરીદવી પડશે. આમ સરવાળે વાતાવરણમાં ઠલવાતા કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ નિયંત્રિત રહેશે. આ સમયે ખેડૂતો પાસે કાર્બન ક્રેડિટ્સ હશે તો ભારતની અને વિદેશી કંપનીઓ તેમની પાસે ક્રેડિટ્સ ખરીદવા આપશે. જો માંગ અને પુરવઠાના નિયમ આધારે ખરીદ-વેચાણ થશે તો ખેડૂતો કાર્બન ક્રેડિટ્સ વેચીને ઘણી સારી આવક ઊભી કરી શકશે.





• એક કાર્બન ક્રેડિટના રૂ. 150થી માંડીને રૂ. 820 સુધી મળી શકે છે

કાર્બન ક્રેડિટ એટલે શું? તેનું ટ્રેડિંગ કેવી રીતે થાય?

કાર્બન ક્રેડિટ એક પ્રકારની પરમિટ છે. તેમાં 1 ક્રેડિટ દીઠ 1 ટન ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન કરવાની પરવાનગી આપવામાં આવે છે. સિમેન્ટ, એલ્યુમિનિયમ, સ્ટીલ, પેટ્રોલિયમ સહિતની અનેક ઈન્ડસ્ટ્રીઝ એવી છે જેમાં મોટા પાયે કાર્બનનું ઉત્સર્જન થાય છે. આ ઉત્સર્જનને નિયંત્રિત કરવા માટે સરકાર કાર્બન ક્રેડિટનો કોન્સેપ્ટ લઈને આવી છે. દરેક કંપનીને તેમની ઈન્ડસ્ટ્રી પ્રમાણે અમુક કાર્બન ક્રેડિટ્સ ફાળવવામાં આવે છે. કંપની તેનાથી વધારે માત્રામાં કાર્બનનું ઉત્સર્જન કરી શકતી નથી. જો કરવું હોય તો તેણે બીજી કંપની પાસેથી પૈસા આપીને કાર્બન ક્રેડિટ ખરીદવી પડે છે. આ કાર્બન ક્રેડિટનું હવે ભારતમાં શેરબજારની જેમ ટ્રેડિંગ કરવાનું સરકારનું આયોજન છે. અર્થાત્, ઈન્ડિયન કાર્બન માર્કેટ પર સ્ટોક માર્કેટની જેમ કઈ કંપની ક્રેડિટ ખરીદવા માંગે છે, કઈ વેચવા માંગે છે તેનું લિસ્ટિંગ થશે. ડિમાન્ડ-સપ્લાય આધારે કાર્બન ક્રેડિટના ભાવ નિશ્ચિત કરવામાં આવશે. જો ખેડૂત કાર્બન ક્રેડિટ ભેગી કરવા માંડે તો તેમને આ માર્કેટથી મોટો ફાયદો થઈ શકે તેમ છે.



ભારતમાં કાર્બન માર્કેટનું ભવિષ્ય કેવું છે?

ભારતના ઉર્જામંત્રીએ કરેલી જાહેરાત માટે ભારત હવે કાર્બન ક્રેડિટની નિકાસ માટે સજ્જ છે. તેમણે વધુમાં એ પણ જણાવ્યું કે કાર્બન ક્રેડિટનું ટ્રેડિંગ એ દેશો સાથે કરવામાં આવશે જે ભારત પાસેથી ગ્રીન હાઈડ્રોજન ખરીદે છે. ભારતના કુલ 1451 જેટલા પ્રોજેક્ટ વિશ્વના ટોચના બે કાર્બન ક્રેડિટ પ્રોગ્રામ વેરા અને ગોલ્ડ સ્ટાન્ડર્ડમાં માન્યતા મેળવવાના જુદા જુદા તબક્કે છે. આ બંને પ્રોગ્રામ ક્રેડિટ મેળવવા માટે કંપનીઓને સર્ટિફિકેશન આપે છે. આમ કાર્બન ક્રેડિટ્સની સંખ્યા જોતા ભારત એ વૈશ્વિક સ્તરે મોટું પ્લેયર છે. વિશ્વની 20 ટકા એટલે કે લગભગ 2.98 કરોડ જેટલી ક્રેડિટ ભારતીય કંપનીઓને આપવામાં આવી છે. દરેક ક્રેડિટ 1 ટન કાર્બન ડાયોક્સાઈડ કે તેટલા જ પ્રમાણમાં અન્ય ગ્રીન હાઉસ ગેસનો ઘટાડો સૂચવે છે. ભારતની કંપનીઓને હાલ જેટલી કાર્બન ક્રેડિટ એલોટ કરાઈ છે તે દેશના 2020ના વાર્ષિક ગ્રીન હાઉસ ગેસ એમિશનના 10 ટકા જેટલી છે. ભારતીય કંપનીઓ તેમાંથી 1.63 કરોડ ક્રેડિટ કાં તો અન્ય કંપનીઓને વેચી ચૂકી છે અથવા તો તે ક્રેડિટનો ઉપયોગ કરી ચૂકી છે. અર્થાત્ કંપની 1 કાર્બન ક્રેડિટ વટાવીને 1 ટન સુધી કાર્બન ડાયોક્સાઈડ ઉત્પન્ન કરી શકે છે. ભારતીય કંપનીઓની કાર્બન ક્રેડિટ્સ આંતરરાષ્ટ્રીય કંપનીઓ જેવી કે સિંગાપોરની વિટોલ એશિયા પીટીઈ લિ, ફ્રાન્સના મિશલિન ગ્રુપ, બ્રિટનની શેલ કંપની દ્વારા ખરીદવામાં આવી છે.

કાર્બન ક્રેડિટ વેચીને કેટલી આવક મેળવી શકાય?

કાર્બન ક્રેડિટના માર્કેટમાં હાલ સંપૂર્ણ પારદર્શકતા નથી આવી. કાર્બન ક્રેડિટ્સ કયા ભાવે વેચાય છે તે અંગે પણ હાલ સુધી કોઈ સ્પષ્ટતા કરાઈ નથી જો કે એક સંશોધન મુજબ વર્ષ 2021માં 4.93 કરોડ ક્રેડિટ રૂ. 16,132 કરડમાં ખરીદવામાં આવી હતી અથવા વાપરવામાં આવી છે. આ આધારે ગણતરી માંડતા 1 કાર્બન ક્રેડિટની કિંમત રૂ. 165થી રૂ. 824 સુધી હોવાનો અંદાજ માંડી શકાય છે. વૈશ્વિક સ્તરે કાર્બન ક્રેડિટની સરેરાશ કિંમત અંદાજે રૂ. 350 જેટલી છે. આકારણી માંડતા ભારતમાં અત્યાર સુધી કાર્બન ક્રેડિટ્સ વેચનારાઓને રૂ. 376 કરોડની આવક થઈ હોવાનો અંદાજ છે. ભવિષ્યમાં ક્રેડિટ્સના ભાવ અને ડિમાન્ડમાં વધારો જોતા કાર્બન ક્રેડિટ ઉત્પન્ન કરતા ખેડૂતોને સારી આવક થવાની પ્રબળ શક્યતા છે.

- **ખેડૂતો ખેતી, ખાતર બનાવવાની અને સિંચાઈની પદ્ધતિમાં પરિવર્તન કરીને કાર્બન ક્રેડિટ મેળવી શકે છે.**



જમીનમાં કાર્બનની માત્રા વધારવા મિનરલ્સનો ઉપયોગ કરી શકાય

જમીનમાં કાર્બનનું પ્રમાણ જાળવી રાખવા માટે ફરતા પાક લેવાની શીખામણ આપવામાં આવે છે કારણ કે અમુક પાક જમીનમાંથી આલ્કલી વધારે માત્રામાં ખેંચે છે. આવા પાક લીધા પછી જમીન એસિડિક થઈ જાય છે. જમીનમાં એસિડની માત્રા ઘટાડવા ખેડૂતો ઓલિવિન કે ડુનાઈટ જેવા મિનરલ્સનો ઉપયોગ કરી શકે છે. આમ કરવાથી જમીનમાં આલ્કલાઈનની માત્રા ફરી વધે છે અને જમીનની ફળદ્રુપતામાં વધારો થાય છે. આ ઉપરાંત આ મિનરલ્સના





ઉપયોગથી જમીનની કાર્બન શોષવાની ક્ષમતા વધારી શકાય છે. તેનાથી કાર્બન હવામાં ભળવાને બદલે જમીનમાં સંચિત રહે છે. વૈજ્ઞાનિક ભાષામાં આ પદ્ધતિને રિજનરેટિવ એગ્રીકલ્ચર પ્રેક્ટિસ તરીકે ઓળખવામાં આવે છે. FPO ખેડૂતોને આ અંગે માર્ગદર્શન આપીને કાર્બન ક્રેડિટ્સ મેળવવામાં મદદ કરી શકે છે.

કાર્બન ક્રેડિટ ક્યાં, કોને વેચી શકાય?

ખેડૂતો FPO મારફતે કાર્બન ક્રેડિટ સ્કીમમાં રજિસ્ટર કરાવી શકે છે. આ સંસ્થા શરૂઆતમાં ખેડૂતને જમીનમાં કાર્બનનું પ્રમાણ વધારવા અને કાર્બન ક્રેડિટ જનરેટ કરવા માટે માર્ગદર્શન આપે છે. થોડા સમય બાદ આ સૂચનાઓનું પાલન કરનારા ખેડૂતોનું આકલન કરીને તેમને કાર્બન ક્રેડિટ માટે લિસ્ટ કરવામાં આવે છે. આ પ્રોજેક્ટની ખરાઈ માટે થર્ડ પાર્ટી એજન્સીની નિમણૂંક પણ કરવામાં આવે છે. તેમના દ્વારા ખરાઈ થાય પછી ખેડૂત કાર્બન ક્રેડિટ મેળવી શકે છે. આમાં ખેડૂત અને FPO બંનેને ઈન્સેન્ટિવ મળે છે. પ્રોજેક્ટ લિસ્ટિંગ માટે 8થી 12 મહિના સુધી સૂચનાઓનું કડકાઈથી પાલન કરવું પડે છે.

ભારત સરકાર ભવિષ્યમાં સ્ટોક માર્કેટની જેમ કાર્બન ક્રેડિટ એક્સચેન્જ ઊભું કરવા માંગે છે. તેમાં ડિમાન્ડ-સપ્લાય આધારે રોજેરોજ કાર્બન ક્રેડિટના ભાવ નક્કી થાય અને લે-વેચ થાય તેવી શક્યતા છે. આગામી બેથી ત્રણ વર્ષમાં ભારતમાં બૃહદ કાર્બન ક્રેડિટ માર્કેટ આકાર લેવા માંડશે. તેનો લાભ લેવા માંગતા ખેડૂતોએ આજથી જ કમર કસવી જરૂરી છે.



કૃષિ ક્ષેત્રે કાર્બન ક્રેડિટ કેવી રીતે મેળવી શકાય?

કૃષિ ક્ષેત્રે મિથેન ઘટે તેવી દરેક પ્રવૃત્તિ તમને કાર્બન ક્રેડિટ્સ મેળવવામાં મદદ કરી શકે છે. દાખલા તરીકે સિંચાઈની પદ્ધતિ, ડાંગરની ખેતીની ઢબ સુધારીને તમે મિથેનનું ઉત્પાદન ઘટાડી કાર્બન ક્રેડિટ્સ મેળવી શકો છો. એ રીતે ખાતર બનાવવાની પ્રક્રિયામાં મોટા પાયે મિથેન ઉત્પન્ન થાય છે. તેને કાબુમાં લઈને કાર્બન ક્રેડિટ મેળવી શકાય છે. ૭૦ ટકા કાર્બન ક્રેડિટ પુનઃપ્રાપ્ય ઉર્જા સ્રોતોમાંથી વીજળી ઉત્પન્ન કરીને મેળવવામાં આવે છે. કોલસા જેવા પરંપરાગત સ્રોત કરતા જળ, પવન અને સૌર ઉર્જાથી વીજળી ઉત્પન્ન કરીને કાર્બન ક્રેડિટ્સ મેળવી શકાય છે.

કાર્બન ક્રેડિટ મેળવીને ખેડૂત એક તીરથી બે નિશાન તાકી શકે છે. ભારતમાં હાલ કુલ જમીનમાંથી ૩૦ ટકા જમીનની ગુણવત્તા સાવ કથળી ગઈ છે જેમાંથી અડધો અડધ જમીન ખેતી લાયક છે. તેનો અર્થ એ પણ થાય કે આગામી સમયમાં ખેડૂતો સામે નવા પડકારો ઊભા થશે. જમીનમાં કાર્બન, નાઈટ્રોજન, ફોસ્ફરસ સહિતના અનેક તત્વો હોય છે પરંતુ જમીનની ફળદ્રુપતા જાળવવામાં કાર્બન મહત્વની ભૂમિકા ભજવે છે. જમીનમાં કાર્બનનું પ્રમાણ સૌથી વધારે ૫૦ ટકા જેટલું હોય છે. કાર્બન ઘટે તે જમીનની પાણીનો સંગ્રહ કરવાની અને ભેજ જાળવી રાખવાની ક્ષમતા ઘટી જાય છે. વૈજ્ઞાનિકો જમીનને ફળદ્રુપ રાખવા કાર્બન સેક્વેસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરવાનું સૂચન કરે છે. તેનાથી બે ફાયદા થાય છે- વાતાવરણમાંથી હાનિકારક કાર્બન ઘટે છે અને તે જ કાર્બન જમીનની ફળદ્રુપતા વધારવામાં મદદ કરે છે.

કાર્બન ઘટતા જમીનના બાયોમાસમાં ઘટાડો થાય છે અને આવી જમીન વહેલી ધોવાઈ જાય છે. આ ઉપરાંત જમીનને વધારે પડતી ખેડવામાં



આવે તો જમીનમાં સંચિત કાર્બન CO_2 (કાર્બન ડાયોક્સાઈડ)ના સ્વરૂપમાં વાતાવરણમાં ફેંકાઈ જાય છે. કાર્બન સેક્વેસ્ટ્રેશનથી વાતાવરણના કાર્બનને જમીનના કાર્બન પૂલમાં સંચિત કરી શકાય છે. આ પ્રક્રિયા વનસ્પતિ દ્વારા સરળતાથી થાય છે. વનસ્પતિને જીવિત રહેવા અને પોષણ મેળવવા માટે પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયા કરવી પડે છે. આ પ્રક્રિયામાં વનસ્પતિ વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડ અને પાણી શોષીને તેને ઓક્સિજન, શુગર, કાર્બનથી સમૃદ્ધ વિવિધ તત્વોમાં પરિવર્તિત કરે છે. આ તત્વો વનસ્પતિના મૂલ મારફતે જમીનમાં પહોંચે છે. આમ વનસ્પતિ પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયા મારફતે જમીનને પોષણ આપે છે.

આમ જમીનની ગુણવત્તા જાળવીને ખેડૂત કાર્બન ક્રેડિટ્સ મેળવી શકે છે. જમીનમાં કાર્બનનું પ્રમાણ અને બાયોમાસ વધારવા માટે ખેડૂત જમીન પર વિવિધ પાક ઉગાડવા, બાયોવેસ્ટ રિસાઈકલ કરી જમીનમાં નાંખવો, જૈવિક ખાતરનો ઉપયોગ, ફરતા પાક લેવા, રાસાયણિક ખાતર અને જંતુનાશકોનો ઉપયોગ ઘટાડવો વગેરે પગલા ભરી શકે છે. થોડી સીઝન સુધી આટલું ધ્યાન રાખી ખેડૂત જમીનમાં કાર્બનનું પ્રમાણ વધારી શકે છે. આ પદ્ધતિ થોડી સમય માંગે તેવી છે. શરૂઆતના તબક્કામાં ખેડૂતને ઉત્પાદનમાં થોડો ઘટાડો પણ જણાઈ શકે છે પરંતુ લાંબા ગાળે તેનાથી ખેડૂતોને મોટો લાભ થઈ શકે છે. આ રીતે કાર્બન ક્રેડિટ્સ મેળવી, તેને કંપનીઓને વેચીને ખેડૂતો પડતર આવક ઊભી કરી શકે છે.



બાજરીની ખેતી કરી, મૂલ્યવૃદ્ધિ કરોઃ તગડી કમાણી થશે

સંયુક્ત રાષ્ટ્રસંઘે 2023ના વર્ષને ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ જાહેર કર્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મિલેટ્સ યર જાહેર કરવાની દરખાસ્ત મૂકી હતી અને તે માન્ય રાખી હતી.. સંયુક્ત રાષ્ટ્રસંઘના કૃષિ વિભાગનું કહેવું છે કે વિશ્વની વધી રહેલી વસતીને પોષણ આપવા માટે બાજરી પરવડે તેવો અને પોષણયુક્ત વિકલ્પ છે. તેથી બાજરી, જુવાર અને રાગી સહિતના જાડાં ધાન્યની ખેતી વધારવી જરૂરી છે. માનવ પેટની ભૂખ ઠારવા અને શરીરને પોષણ આપવા માટે તે અંત્યંત ઉપયોગી છે. બાજરી, જુવાર અને રાગી નાના ખેડૂતોને પણ સદ્ધર બનાવવાને પણ વધુ સક્ષમ છે. વર્તમાન સંજોગોમાં તેમની આવક વધારી શકે છે. ખેડૂતોનો સમુહ સાથે મળીને જુવાર, મોતી બાજરી, નાની બાજરી, મોટી બાજરી, રાગી, મકાઈ, જવની ખેતી કરી શકે છે.


બાજરી, જુવાર અને રાગી તન્દુરસ્ત આહાર ગણાય છે. અત્યાર સુધી તેને ગરીબોના ધાન તરીકે ઓળખાવવામાં આવતું હતું. હવે તેના પોષક ઘટકો અને માનવ શરીરને થતાં લાભની વિગતો બહાર આવતા શ્રીમંતોનો શોખ બન્યો છે. તેમાંય વળી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેને પ્રમોટ કરવા માંડ્યા તે પછી તેનું વિશેષ આકર્ષણ વધ્યું છે. ગરીબો ઉપરાંત મધ્યમ વર્ગ અને શ્રીમંત વર્ગમાં પણ તેના વપરાશનું ચલણ વધી રહ્યું છે. કારણ કે દરેક અનાજમાં કાર્બોહાઈડ્રેટ છે. પરંતુ બાજરી, જુવાર, રાગીમાં પ્રોટીન, ડાયટરી ફાઈબર, આયર્ન, કેલ્સિયમનું પ્રમાણ ચોખા અને ઘઉં કરતાંય ઘણું વધારે છે. ભારત સરકારે કરેલી જાહેરાત મુજબ તો ડાયાબિટીસના રોગનો પ્રતિકાર કરવા માટે બાજરી અકસીર છે. ભારત ડાયાબિટીસના દર્દીઓથી છલકાઈ રહ્યું છે. તેથી પણ તેનો આહાર તરીકે ઉપયોગ કરનારા વધી રહ્યા છે. હજીય તેમાં વધારો થશે, થતો રહેશે. બાજરી, જુવાર અને રાગીમાં સુગરનું પ્રમાણ ઘઉં અને ચોખા કરતાં ખાસ્સું ઓછું છે. તેથી જ સરકારે તેને જાડાં ધાન તરીકે ઓળખાવવાને બદલે પોષક અનાજ તરીકે ઓળખાવવા માંડ્યું છે.

સરકારે મિલેટ્સ આધારિત પ્રોડક્શન તૈયાર કરવા માટે 2022-23થી 2026-27ના વર્ષ સુધીના ગાળા માટે પ્રોડક્શન લિન્ક ઇન્સેન્ટિવ સ્કીમ મૂકી છે. મિલેટ્સના પ્રાઇમરી પ્રોસેસિંગ યુનિટ્સ નાખવા માટે ૩. 2 કરોડની લોન પર ચૂકવવાના થતાં વ્યાજમાં માફી આપી છે.

બાજરી, જુવાર, જવ, મકાઈ રાગી, નાગલી અને નાચણીની ખેતી પર્યાવરણ માટે પણ લાભદાયી છે. બાજરીની ખેતીમાં ડાંગરની ખેતી કરતાં 70 ટકા ઓછું પાણી વપરાય છે. ઘઉંનો પાક લેવા માટે લાગતા સમય કરતાં અડધા સમયમાં જ બાજરીનો પાક તૈયાર થઈ જાય છે. ભારે ગરમી વચ્ચે પણ બાજરી અને જુવારનો પાક ટકી રહે છે. તેનો છોડ કરમાઈ જવાની શક્યતા અન્ય છોડની તુલનાએ ઓછી છે. બાજરીને પ્રોસેસ કરવા માટે 40 ટકા ઓછી ઉર્જા ખર્ચવી પડે છે.

જોકે હરિયાળી ક્રાન્તિનો આરંભ ઘઉં અને





ડાંગરની ખેતી વધારવાની સાથે જ કરવામાં આવ્યો હતો. તે પૂર્વે ઘઉં, જવ અને મકાઈના કુલ પાક કરતાંય વધારે પાક તો બાજરીનો પાક લેવાતો હતો, પરંતુ હરિયાળી ક્રાન્તિ પછી બાજરીનો વપરાશ ઘટતો ગયો અને દરેક ઘરમાં ખવાતી બાજરી માત્ર પશુઓનો ઘાસચારો જ બની ગઈ. 1965-70ની સાલ સુધી બાજરીનો પાક કુલ પાકના 20 ટકા જેટલો લેવાતો હતો, આજે તે ઘટીને માત્ર 6 ટકા થઈ ગયો છે. આ જ ગાળામાં જુવારનો પાક કુલ પાકના 12 ટકા હતો તે ઘટીને 3.1 ટકા થઈ ગયો છે. બીજીતરફ ઘઉંનો પાક કુલ પાકના 7.6 ટકા થતો હતો તે આજે વધીને કુલ 16.2 ટકા થઈ ગયો છે.

મોતી બાજરીનો વાવેતર વિસ્તાર મોટો છે. ગુજરાતમાં સૌથી વધુ ખેતી કરવામાં આવતી જાત મોતી બાજરીની જ છે. 1995-96માં 10.86 લાખ હેક્ટરથી ઘટીને 2005-06માં 9.15 લાખ હેક્ટર થઈ ગઈ છે. 2015-16 સુધીમાં તે ઘટીને 3.9 લાખ હેક્ટર થઈ ગઈ હતી. 2022-23માં બાજરીનો કુલ વિસ્તાર 4.63 લાખ હેક્ટર થયો છે. બાજરીનું ઉત્પાદન સરેરાશ 1 મિલિયન ટનના સ્તરે સ્થિર રહ્યું છે. હવે તેનો વાવેતર વિસ્તાર પણ વધી રહ્યો છે. બાજરીનું ઉત્પાદન પણ વધશે, કારણ કે ડિમાન્ડ વધી રહી છે. સારા ભાવ મળી રહ્યા છે. મૂલ્ય વર્ધિત પ્રોડક્ટ્સ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

ગુજરાત બાજરી અને જુવારનું મુખ્ય ઉત્પાદક છે. રાજ્ય સરકારના ડેટા અનુસાર, ખેડૂતોએ 2022ની ખરીફ સિઝનમાં 1.85 લાખ હેક્ટરમાં અને 2023ની ઉનાળામાં 2.79 લાખ હેક્ટરમાં બાજરીનું વાવેતર કર્યું હતું, જેનું કુલ ઉત્પાદન 1.14 મિલિયન ટન થવાનું અનુમાન છે. ઈન્ટરનેશનલ મિલેટ યરની ઉજવણી કરવા માટે ગુજરાતમાં પ્રથમ વખત બાજરી, જુવાર (સંકર), જુવાર (માલદાંડી), રાગી (ઝીણી બાજરી) અને મકાઈ એમએસપી પર ખેડૂતો પાસેથી ખરીદવાનું નક્કી કર્યું હતું. સરકારે તેના ટેકાના ભાવમાં ખાસ્સો વધારો કર્યો છે.



મિલેટ્સની ખેતી કરનારને કેન્દ્ર અને ગુજરાત સરકારની સહાય

કેન્દ્ર સરકારે મિલેટ્સ આધારિત પ્રોડક્શન તૈયાર કરવા માટે 2022-23થી 2026-27ના વર્ષ સુધીના ગાળા માટે પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમ પણ મૂકી છે. મિલેટ્સના પ્રાઈમરી પ્રોસેસિંગ યુનિટ્સ નાખવા માટે રૂ. 2 કરોડની લોન પર ચૂકવવાના થતાં વ્યાજમાં માફી આપી છે. ગુજરાત સરકાર પછાત વર્ગના લોકોને બાજરી, જુવાર, રાગીની ખેતી કરવા માટે કરવા પડતાં ખર્ચના 50 ટકા રકમની સબસિડી આપે છે. તેને માટે મહત્તમ સબસિડી રૂ.10,000ની





મિલેટ્સ અને તેના પ્રોડક્ટ્સનું વર્તમાન વૈશ્વિક બજાર 2023માં 900 કરોડ ડૉલરનું છે તે 2025માં વધીને 2500 કરોડ ડૉલર થઈ જવાનો અંદાજ છે

રાખવામાં આવેલી છે. અન્ય ખેડૂતોને મિલેટ્સની ખેતી કરવા માટે કરવા પડતા કુલ ખર્ચના 40 ટકા રકમ સબસિડી પેટે આપે છે. તેને માટે મહત્તમ સહાયની રકમ રૂ. 8000ની રાખી છે. તદુપરાંત રાસાયણિક ખાતર પર, સિંચાઈના ખર્ચમાં પણ સરકાર સહાય કરે છે.

સૌથી વધુ પોષક ગણાતી બાજરીમાં મૂલ્યવૃદ્ધિ કરીને તગડી કમાણી કરવાની તક છે. બાજરીમાં મૂલ્યવૃદ્ધિ કરીને તેના પ્રોડક્ટ્સ વેચનારા સ્ટાર્ટઅપ્સની સંખ્યા વધી રહી છે. નાસ્તા અને ખાખરાનું વેચાણ કરતાં એકમો હવે બાજરીના ખાખરા વેચતા થઈ ગયા છે.

બાજરીના બિસ્કિટ્સ બજારમાં આવી ગયા છે અને તેનું માર્કેટ વધી રહ્યું છે. બાજરીની નુડલ્સ પણ તૈયાર થઈ ચૂક્યા છે. જુવારના પોપકોર્ન બનવા માંડ્યા છે. જુવારના ફ્લેક્સ તૈયાર કરી શકાય છે. જુવારના ફ્લેક્સ પણ બજારમાં આવી ચૂક્યા છે. ફણગાવેલા મિલેટ્સ ખાવાનો ટ્રેન્ડ પણ વધી રહ્યો છે. મિલેટ્સ કેકનું બજાર પણ કૂદકેને ભૂસકે વધી રહ્યું છે. તેનું બજાર ધીમી પણ મક્કમ ગતિએ વધી રહ્યું છે. બાજરીના પાસ્તા પણ તૈયાર થવા માંડ્યા છે. મિલેટ્સમાંથી ઢોસા બનવા માંડ્યા છે. તેની ખીર બનાવીને ખાવાની શરૂઆત થઈ ચૂકી છે. મિલેટ્સના પૌઆ બનાવીને માર્કેટમાં લોન્ચ કરવામાં આવ્યા છે. મિલેટ્સનો ઉપમાં પણ બને છે. તેમાંથી ટેસ્ટી પુલાવ પણ બનાવીને ખાવાની શરૂઆત થઈ ચૂકી છે. મિલેટ્સમાંથી શીશુંઓનો પોષક આહાર પણ તૈયાર કરીને માર્કેટિંગ કરવામાં આવી રહ્યું છે. આજના યુવાનો બાજરીના રોટલાનું નામ સાંભળીને મોં મચકોડી શકે છે. પરંતુ મિલેટ્સના પ્રોડક્ટ્સ હેલ્થ કોન્સિયસ લોકોમાં ખાસ્સા વપરાઈ રહ્યા છે. આમ મિલેટ્સના પ્રોડક્ટ્સ આવનારા દિવસોના સ્માર્ટ પ્રોડક્ટ્સ છે. તેથી જ તેમાં જંપલાવીને કમાણી કરવાની તગડી તક છે.

બાજરી અને તેના ઉત્પાદનનું બજાર અત્યારે 900 કરોડ ડૉલરનું છે. 2025 સુધીમાં તેનું બજાર વધીને 2500 કરોડ ડૉલરની સપાટીને વળોટી જાય તેવી સંભાવના છે. આજે બાજરી-જાડાં ધાન્યો પશુઓનો ખોરાક નહિ, પરંતુ માનવ માટેનો સૌથી વધુ પોષક આહાર ગણાવા માંડ્યો છે. તેથી જ તેનું મૂલ્ય વધી રહ્યું છે. તેમાં ગ્લુટેન નથી. તેનાથી વજન ઘટી શકે છે. તેથી તેની ડિમાન્ડ વધી રહી છે. ઈન્ટરનેશનલ મિલેટ યર હોવાથી પણ તેને માટેનો કેઝ વધી રહ્યો છે. અત્યારે ભારતમાંથી ઓસ્ટ્રેલિયા,

બાજરીના વધુ ઉત્પાદન માટેની ખેત પદ્ધતિ

ધાન્ય પાકોમાં બાજરાએ ગુજરાતમાં સૌથી અગત્યનો ધાન્ય પાક છે. ગુજરાત રાજયમાં હાલમાં મોટા ભાગના વિસ્તારમાં હાઈબ્રીડ બાજરાનું વાવેતર કરવામાં આવે છે. સૌરાષ્ટ્રના જુનાગઢ, અમરેલી, જામનગર અને ભાવનગર જિલ્લાનાં દરીયા કાંઠા વિસ્તારમાં પુર્વ-શિયાળુ ઋતુમાં બાજરીનું વાવેતર કરવામાં આવે છે. બીજા ધાન્યપાકોની સરખામણી માં સૌથી વધારે દુષ્કાળની પરિસ્થતિનો બાજરી પ્રતિકાર કરી શકે છે. ગુજરાતના સુકા અને અર્ધસુકા વિસ્તારોમાં અન્ય પાકોની સરખામણીમાં સારું અને સ્થાયી ઉત્પાદન આપે છે. ગુજરાત રાજય બાજરીના વાવેતરને મોરચે રાજસ્થાન અને મહારાષ્ટ્ર પછી ગુજરાત ભારતનું ત્રીજા નંબરનું રાજય છે. ગુજરાતમાં વર્ષ ખરિફ ઋતુમાં બાજરીના દાણાની ઉત્પાદકતા અંદાજે ૧૧૦૦ થી ૧૨૦૦ કિલોગ્રામ પ્રતિ હેકટર જયારે ઉનાળુ ઋતુમાં બાજરીના દાણાની ઉત્પાદકતા અંદાજે ૨૫૦૦ થી ૨૬૦૦ કિલોગ્રામ પ્રતિ હેકટર છે. આમ સરેરાશ ઉત્પાદકતા ૧૭૦૦ થી ૧૮૦૦ કિલોગ્રામ પ્રતિ હેકટર જેટલી છે. બાજરાના પાકમાં દાણા તેમજ ચારાનું વધુ ઉત્પાદન મેળવવા માટે બાજરાનો પાક રેતાળ જમીન થી માંડી કાળી જમીનમાં લઈ શકાય છે. બાજરાના પાકને મધ્યમ કાળી, ગોરાળુ અને રેતાળ જમીન વધુ માફક આવે છે. ઉનાળુ બાજરીનું વાવેતર ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, પાટણ અને કચ્છ જીલ્લાઓમાં પિયતની સગવડતાવાળા વિસ્તારમાં થાય છે. આ ઉપરાંત મધ્ય ગુજરાતમાં ખેડા અને આણંદ જીલ્લામાં અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારના જૂનાગઢ, પોરબંદર અને અમરેલી જીલ્લાઓમાં ઉનાળુ તથા પૂર્વ શિયાળુ ઋતુમાં પણ બાજરીનું વાવેતર થાય છે.ઉનાળુ ઋતુમાં બાજરીનું ઉત્પાદન ચોમાસાની સરખામણીમાં વાતાવરણના સાનુકૂળ પરિબળોને લીધે બમણું ઉત્પાદન મળે છે. ચોમાસાની ઋતુની સરખામણીમાં ઉનાળાની ઋતુમાં રોગ જીવાતનો ઉદભવ નહિવત રહેતો હોય છે વળી ઉનાળાની ઋતુમાં દિવસ દરમ્યાન સૂર્યપ્રકાશના કલાકો ચોમાસાની ઋતુ કરતાં વધારે હોવાથી પ્રકાશસંશ્લેષણના દર ઊંચો રહે છે. ગુજરાતમાં વર્ષે ત્રણવાર બાજરાનો પાક લેવાયા છે. બાજરાનું વાવેતર ખરીફ મોસમમાં, ઉનાળામાં અને શિયાળા પૂર્વે ત્રણવાર લેવાય છે. ખરીફ ઋતુમાં વાવેતર પછી તેનો વિકાસ થવા માટે મધ્યમ તાપમાનની જરૂર પડે છે. કુલ આવવાના સમયે વધુ વરસાદની પરિસ્થતિ હોય તો પરાગનયન અને ફલીનીકરણની પ્રક્રિય પર અવળી અસર પડે છે. તેમ થાય તો દાણા ઓછા ઉગે છે અને ઉત્પાદનમાં ઘટાડો થાય છે.



બ્રિટન, અમેરિકા, જર્મનીમાં વેલ્યુ એડેડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ થઈ રહ્યું છે. અમેરિકામાં મેકડોનાલ્ડ મિલેટ્સના જુદાં જુદાં પ્રોડક્ટ્સ તૈયાર કરીને બજારમાં આવી રહ્યું છે.

બાજરીના મૂલ્યવર્ધિત પ્રોડક્ટ્સની ડીમાન્ડને ધ્યાનમા લેતાં ખેડૂતો સહકારી ધોરણે બાજરીના મૂલ્યવૃદ્ધિ કરતાં પ્રોડક્ટ્સનો પ્લાન્ટ નાખીને પોતાના જ પ્રોડક્ટ્સ તૈયાર કરીને પોતાની અલગ બ્રાન્ડ ઊભી કરીને સતત વધી વિકસી રહેલા માર્કેટમાં એન્ટ્રી લઈ શકે છે. પ્રોડક્ટ્સના આકર્ષક પેકિંગનો આ જમાનો છે. ખેડૂતો પણ આધુનિક પેકિંગ કરીને તેમના મૂલ્યવર્ધિત પ્રોડક્ટ્સના તેના ઊંચા દામ પણ મેળવીને તગડી કમાણી કરી જ શકે છે. ખેડૂતો સાથે મળીને સામુદાયિક ખેતી કરવા માટે એલએલપી-લિમિટેડ લાયેબિલિટી પાર્ટનરશીપ કંપની બનાવીને કે પછી સહકારી સોસાયટી બનાવીને બાજરી સહિતના જાડાં ધાન્યનો સામુહિક પાક લઈને ઉપજ વધારી શકે છે. ખેતી કરવાનો ખર્ચ ઘટાડી શકે છે. તેનાથી એક કદમ આગળ વધીને તેઓ તેમાંથી મૂલ્યવર્ધિત

વાવેતર ક્યારે કેવી રીતે કરવુંપદ્ધતિ

વાવેતર માટેનો યોગ્ય સમય ચોમાસાની સીઝન છે. વાવણી લાયક વરસાદ થયા બાદ તરત જ બાજરીને વાવેતર કરવું જોઈએ. વાવેતર કરવાનો સમય જાળવવો જરૂરી છે. સમયસરનું વહેલુ વાવેતર વધુ ઉત્પાદન આપે છે અને પાકમાં રોગ-જીવાતનો ઉપદ્રવ ઓછો રહે છે. તેમજ બાજરી પછીનો પાક લેવા માટે જમીન સમયસર ખાલી કરી શકાય છે. જો વાવણી લાયક વરસાદ ૧૫ જુલાઇ પછી થાય તો વહેલી પાકતી જાત GHB-538 ની પસંદગી કરવી જોઈએ. ઉનાળુ બાજરીનું વાવેતર ફેબ્રુઆરીના પ્રથમ અથવા બીજા અઠવાડીયામાં ઠંડી ઓછી થયા બાદ જ કરવું જોઈએ. વાતાવરણમાં વધુ ઠંડી હોય અને વાવેતર કરે બીજ અંકુરિત થવાની પ્રક્રિયા બહુ જ ધીમી થાય છે. મોડું વાવેતર કરવામાં આવે અને ગરમી વધી જાય તો દાણા ઓછા બેસે છે. તેમ જ પાક તૈયાર થાય ત્યાં સુધીમાં ચોમાસું બેસી જવાનું જોખમ રહેલું છે. તેથી ઉનાળુ બાજરીનું વાવેતર ૧૫ ફેબ્રુઆરી થી ૧૦ માર્ચ સુધી કરવું હિતાવહ છે. ત્યારબાદ વાવેતર કરવામાં આવે તો ઉત્પાદન ઘટે છે. શિયાળા પૂર્વે લેવાતા બાજરીના પાક માટે વાવેતર ૧૫ સપ્ટેમ્બર થી ૧૦ ઓકટોબરના ગાળામાં કરવું જોઈએ. તેનાથી મોડુ વાવેતર કરવાથી દાણા બેસવાના સમયે તાપમાન નીચુ જવાથી ડૂંડામાં દાણા ઓછા બેસે છે. જે ને કારણે ઉત્પાદન પર માઠી અસર પડે છે. ગુજરાતમાં વધુ ઉત્પાદન મેળવવા હાઈબ્રીડ બાજરાનું વાવેતર ખાસ્સું થાય છે. હાઈબ્રિડ જાતોમાં ગુજરાત હાઈબ્રીડ બાજરા-૫૫૮ (જીએચબી-૫૫૮), ગુજરાત હાઈબ્રીડ બાજરા-૫૩૮ (જીએચબી-૫૩૮), ગુજરાત હાઈબ્રીડ બાજરા-૭૧૯ (જીએચબી-૭૧૯), ગુજરાત હાઈબ્રીડ બાજરા-૭૪૪ (જીએચબી-૭૪૪) ગુજરાત હાઈબ્રીડ બાજરા-૭૩૨ (જીએચબી-૭૩૨), ગુજરાત હાઈબ્રીડ બાજરા-૯૦૫ (જીએચબી-૯૦૫), જેવી અનેક જાતોનું વાવેતર કરી શકાય છે. આ જાતોનું વાવેતર કરીને સારુ ઉત્પાદન મેળવી શકાય છે.



મિલેટ્સમાંથી બિસ્કિટ્સ, નુડલ્સ, પોપકોર્ન, પાસ્તા ફ્લેક્સ, ફણગાવેલા મિલેટ્સ ઉપરાંત મિલેટ્સ કેકનું બજાર પણ ફૂદકેને ભૂસકે વધી રહ્યું હોવાની મૂલ્ય વૃદ્ધિ કરીને કમાવાની તગડી તક છ

મિલેટ્સ અને તેના પ્રોડક્ટ્સનું વર્તમાન વૈશ્વિક બજાર 2023માં 900 કરોડ ડૉલરનું છે તે 2025માં વધીને 2500 કરોડ ડૉલર થઈ જવાનો અંદાજ છે

પ્રોડક્ટ્સ તૈયાર કરવાનું આયોજન કરે તો મોટી કંપનીઓને પણ હંફાવી શકે છે. તે માટે ચાલો, દરેકે ખેડૂતમાં 'આપણે સહુ સાથે મળીને સમૃદ્ધ થઈએ'ની માનસિકતાને વેગ આપવો જરૂરી છે. ખેડૂતો માટે સહકારી સંસ્થા સ્થાપીને તેના થકી આ તમામ કામગીરી કરવી વધુ લાભદાયી સાબિત થશે. આ પદ્ધતિએ ખેડૂતો આગળ આવશે તો સહકાર મંત્રી અમિત શાહ પણ તેમાં નવતર પગલાં લઈને તેમનો માર્ગ સરળ બનાવી આપવા સક્ષમ છે. અમિત શાહ પણ ખેડૂતોની આવકમાં વધારો થાય તે માટે સતત પ્રયત્નશીલ છે જ છે.

પ્રધાનમંત્રી બાજરી, જુવાર સહિતના જાડાં ધાન્યના બ્રાન્ડ એમ્બેસેડર હોવાથી તેનો લાભ દરેક સ્ટાર્ટઅપ્સ કે નવ સાહસિક લઈ જ શકશે. સરકારે પણ તેના 60થી 75 જેટલા સ્ટાર્ટ અપ્સને ફંડિંગ આપ્યું જ છે. સરકારે ડીમાન્ડ ઊભી કરવાનું અને આ ડીમાન્ડનો લાભ લેવા માટે સહુ આગળ આવે તે માટે પ્રોત્સાહન આપવાની બેવડી જવાબદારી અદા કરવાની છે. આ જ હેતુ પાર પાડવા માટે સરકારે રાગી, બાજરા અને જુવારના ટેકાના ભાવમાં છેલ્લા આઠથી નવ વર્ષમાં 80 ટકાથી માંડીને 125 ટકાનો વધારો કરવાની જાહેરાત કરી દીધી છે.

બાજરીને ખૂબ ઓછી સિંચાઈની જરૂર પડે છે, તે આબોહવા પરિવર્તન સામે પ્રતિરોધક છે અને સૂકી જમીનમાં પણ તેની ખેતી કરી શકાય છે. વિશ્વમાં બાજરીના સૌથી મોટા ઉત્પાદક ભારતે 2018ને બાજરા વર્ષ તરીકે ઉજવ્યું. 2020 માં, ભારતમાં બાજરી (બાજરા) અને જુવાર (જુવાર)નું ઉત્પાદન અનુક્રમે 124.88 મિલિયન ટન (MT) અને 34.75 મિલિયન ટન હતું. તેઓ વૈશ્વિક ઉત્પાદનમાં અનુક્રમે 40.51 ટકા અને 7.58 ટકા હિસ્સો ધરાવે છે. રાજસ્થાન, કર્ણાટક, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને ગુજરાત બાજરીના કુલ ઉત્પાદનમાં 83 ટકાથી વધુ હિસ્સો ધરાવે છે.

બાજરીના વધુ ઉત્પાદન માટેની ખેત પદ્ધતિ

ધાન્ય પાકોમાં બાજરાએ ગુજરાતમાં સૌથી અગત્યનો ધાન્ય પાક છે. ગુજરાત રાજયમાં હાલમાં મોટા ભાગના વિસ્તારમાં હાઈબ્રીડ બાજરાનું વાવેતર કરવામાં આવે છે. સૌરાષ્ટ્રના જુનાગઢ, અમરેલી, જામનગર અને ભાવનગર જિલ્લાનાં દરીયા કાંઠા વિસ્તારમાં પુર્વ-શિયાળુ ઋતુમાં બાજરીનું વાવેતર કરવામાં આવે છે. બીજા ધાન્યપાકોની સરખામણી માં સૌથી વધારે દુષ્કાળની પરિસ્થતિનો બાજરી પ્રતિકાર કરી શકે છે. ગુજરાતના સુકા અને અર્ધસુકા વિસ્તારોમાં અન્ય પાકોની સરખામણીમાં સારું અને સ્થાયી ઉત્પાદન આપે છે. ગુજરાત રાજય બાજરીના વાવેતરને મોરચે રાજસ્થાન અને મહારાષ્ટ્ર પછી ગુજરાત ભારતનું ત્રીજા નંબરનું રાજય છે. ગુજરાતમાં વર્ષ ખરિફ ઋતુમાં બાજરીના દાણાની ઉત્પાદકતા અંદાજે ૧૧૦૦ થી ૧૨૦૦ કિલોગ્રામ પ્રતિ હેકટર જયારે ઉનાળુ ઋતુમાં બાજરીના દાણાની ઉત્પાદકતા અંદાજે ૨૫૦૦ થી ૨૬૦૦ કિલોગ્રામ પ્રતિ હેકટર છે. આમ સરેરાશ ઉત્પાદકતા ૧૭૦૦ થી ૧૮૦૦ કિલોગ્રામ પ્રતિ હેકટર જેટલી છે. બાજરાના પાકમાં દાણા તેમજ ચારાનું વધુ ઉત્પાદન મેળવવા માટે બાજરાનો પાક રેતાળ જમીન થી માંડી કાળી જમીનમાં લઇ શકાય છે. બાજરાના પાકને મધ્યમ કાળી, ગોરાળુ અને રેતાળ જમીન વધુ માફક આવે છે. ઉનાળુ બાજરીનું વાવેતર ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, પાટણ અને કચ્છ જીલ્લાઓમાં પિયતની સગવડતાવાળા વિસ્તારમાં થાય છે. આ ઉપરાંત મધ્ય ગુજરાતમાં ખેડા અને આણંદ જીલ્લામાં અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારના જૂનાગઢ, પોરબંદર અને અમરેલી જીલ્લાઓમાં ઉનાળુ તથા પૂર્વ શિયાળુ ઋતુમાં પણ બાજરીનું વાવેતર થાય છે.ઉનાળુ ઋતુમાં બાજરીનું ઉત્પાદન ચોમાસાની સરખામણીમાં વાતાવરણના સાનુકૂળ પરિબળોને લીધે બમણું ઉત્પાદન મળે છે. ચોમાસાની ઋતુની સરખામણીમાં ઉનાળાની ઋતુમાં રોગ જીવાતનો ઉદભવ નહિવત રહેતો હોય છે વળી ઉનાળાની ઋતુમાં દિવસ દરમ્યાન સૂર્યપ્રકાશના કલાકો ચોમાસાની ઋતુ કરતાં વધારે હોવાથી પ્રકાશસંશ્લેષણના દર ઊંચો રહે છે. ગુજરાતમાં વર્ષે ત્રણવાર બાજરાનો પાક લેવાયા છે. બાજરાનું વાવેતર ખરીફ મોસમમાં, ઉનાળામાં અને શિયાળા પૂર્વે ત્રણવાર લેવાય છે. ખરીફ ઋતુમાં વાવેતર પછી તેનો વિકાસ થવા માટે મધ્યમ તાપમાનની જરૂર પડે છે. ફુલ આવવાના સમયે વધુ વરસાદની પરિસ્થતિ હોય તો પરાગનયન અને ફલીનીકરણની પ્રક્રિયા પર અવળી અસર પડે છે. તેમ થાય તો દાણા ઓછા ઉગે છે અને ઉત્પાદનમાં ઘટાડો થાય છે.



બાજરીથી થતાં ફાયદા

બાજરી પણ એક અગત્યનું અનાજ છે . બાજરીનો ઉપયોગ ખાધાન્ન અને પશુના ખોરાક માટે ઉપયોગમાં આવે છે. બાજરી ખૂબ જ બળ આપનાર અનાજ છે. બાજરી વજન વધવા દેતી નથી . કોલેસ્ટ્રોલ વધારતી નથી . ભારતના કુલ વાવેતર વિસ્તારના 7 % જમીનમાં બાજરી નો પાક લેવામાં આવે છે . ગુજરાતમાં બનાસકાંઠા જીલ્લો બાજરીના ઉત્પાદનમાં મોખરાનું સ્થાન ધરાવે છે. બાજરી ગરમ પ્રકૃતિ ધરાવતું અનાજ છે. બાજરી ખાવાથી ગરમી અને શક્તિ મળે છે, બાજરી આરોગ્ય માટે ઉત્તમ છે . બાજરી કોલેસ્ટ્રોલને નિયંત્રણ માં રાખી ડાયાબીટીસ અને હૃદય રોગને દૂર રાખે છે . બાજરીમાં રહેલા પોટેશિયમ અને મેગ્નેશિયમ જેવા તત્વો બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખે છે.

દેશી મકાઈથી થતાં ફાયદા

મકાઈ પણ એક અગત્યનું અનાજ છે. ગુજરાત રાજસ્થાન પંજાબ અને બિહાર ઉપરાંત દક્ષિણ ભારત માં મકાઈ નો પાક લેવામાં આવે છે . મકાઈમાં ગ્લુકોઝ નું પ્રમાણ વધુ હોવાથી પશુના ખોરાકમાં વધુ પ્રમાણમાં ઉપયોગ લેવામાં આવે છે. મકાઈ પોષણયુક્ત અને આરોગ્યવર્ધક અનાજ છે. મકાઈમાં રહેલું ફાઈબર કોલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખી હૃદય રોગને દૂર રાખે છે. કબજીયાત દૂર કરે છે. પાચન તંત્રને સુધારી વજનને નિયંત્રણમાં રાખે છે. મકાઈમાં રહેલ એન્ટી ઓક્સીડંટ શરીરમાં રહેલાં ઝેરી તત્વોને દૂર કરે છે .

જવથી મળતા ફાયદા

માણસો અનાજ તરીકે જવ પણ ખાય છે. ખાવામાં અને પશુઓના ખોરાકમાં ઉપયોગ કરવામાં આવે છે . ભારતમાં જવનું ઉત્પાદન ઓછું કરવામાં આવે છે. માત્ર 2% જમીનમાં જ જવનો પાક લેવામાં આવે છે . જવના પાકને વધુ ઉષ્ણતામાન માફક આવતું નથી . જવના ઉત્પાદનમાં ઉત્તરપ્રદેશ અને રાજસ્થાન મોખરે છે. જવમાં ભરપૂર માત્રામાં રહેલું ફાઈબર કબજીયાત દૂર કરી પાચન તંત્ર સુધારે છે . જવમાં રહેલું ફાઈબર ધમનીઓની દીવાલો માં જામેલા ખરાબ કોલેસ્ટરોલ ને દૂર કરી હૃદય રોગને દૂર રાખવામાં મદદરૂપ બને છે .જવ ડાયાબીટીશ ને નિયંત્રણમાં રાખે છે. આ સિવાય તેમાંનું વિટામીન બી શરીરના આરોગ્ય માટે અને ખાસ કરીને માનસિક સ્વાસ્થય માટે ખૂબ જરૂરી છે . જવ પથરી દૂર કરવા માટે પણ ખૂબ ઉપયોગી છે . એકલા જવની રોટલી ફાઈબર વધુ હોવાથી પાચન તંત્રને નુકસાન પહોચાડી શકે છે .તેથી જવ નાં ઉપરનાં છોતરાં કાઢી નાખી ઉપયોગ કરવો જોઈએ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય મિલેટ્સ યર ઉજવવાની મંજૂરી મેળવી આપે તે પછી જાડાં ધાન્યોની ખેતી વધી અને તેના વેલ્યુ એડેડ પ્રોડક્ટ્સના માર્કેટમાં જબરદસ્ત વધારો આવ્યો

નાગલી અથવા રાગી (Ragi)

નાગલી એક પ્રકારનું હલકું અનાજ છે . નાગલી અથવા રાગી ચોમાસા દરમ્યાન લેવામાં આવતો વરસાદ આધારીત ખરીફ પાક છે.ઓછી ફળદ્રુપ અને ઢોળાવવાળી જમીનમાં, ગોરાડું અને કાળી જમીનમાં પણ નાગલીનો પાક લઈ શકાય છે . ભેજવાળું હવામાન માફક આવે છે . ગુજરાતના વલસાડ ,ડાંગ અને અન્ય વિસ્તારો ઉપરાંત દક્ષિણ ભારતમાં નાગલીનું ઉત્પાદન લેવામાં આવે છે નાગલી પોષક તત્વોથી ભરપુર હોઈ ,શરીર માટે ખૂબ ગુણકારી છે . નાગલીમાં ફાઈબર ,પ્રોટીન અને આર્યનનું પ્રમાણ વધુ માત્રામાં હોય નાના બાળકો અને સ્તનપાન કરાવતી માતાઓ માટે નાગલી ખૂબ મહત્વપૂર્ણ ખોરાક છે. આજકાલ વજન વધવાની અને હિમોગ્લોબીન ની ઉણપ બધુ હોવાની તકલીફો ઘણા લોકોને હોય છે .તેમના માટે હિમોગ્લોબીન વધારી વજનને નિયંત્રણ કરનાર રાગી એક ઉત્તમ અનાજ છે . ફાઈબરનું પ્રમાણ વધુ હોવાથી કબજીયાત ને દૂર કરે છે . ડાયાબીટીશ ,રક્તચાપ ,કોલેસ્ટ્રોલ જેવી અનેક બીમારીઓને દૂર કરી શરીરને સ્વસ્થ રાખનાર નાગલી એક ઉત્તમ આહાર છે . નાગલીમાંથી અવનવી પુલાવ ,ઈડલી ,શીરો, વગેરે વાનગીઓ પણ બને છે . આ ઉપરાંત બેકરીની આઈટમો જેવીકે બિસ્કિટ ,ટોસ ,નાનખટાઈ પણ બનાવી શકાય .

ગુજરાતમાં જાડાં ધાનનો લેવાતો પાક

પાક	વર્ષ 2020-21		વર્ષ 2021-22		વર્ષ 2022-23	
	વિસ્તાર હે.	ઉત્પાદન-ટન	વિસ્તાર હે.	ઉત્પાદન-ટન	વિસ્તાર હે.	ઉત્પાદન ટન
જુવાર	41100	57400 ટન	42800	57500	31699	46100
બાજરી	4603	1049800	445200	10875	10200	8300
મકાઈ	388900	667500	390500	816100	400700	857300
રાગીખરીફ	10470	12620	10000	9000	10200	8300

જાડાં ધાન્યના ટેકાના ભાવ


ધાન	વર્ષ	ભાવ-ક્વિન્ટલના	વર્ષ	ભાવક્વિન્ટલના
હાઈબ્રિડ જુવાર	2018-19	રૂ.2430	2023-24	રૂ.3180
જુવાર માલદંડી	2018-19	રૂ.2450	2023-24	રૂ.3225
બાજરી	2018-19	રૂ. 1950	2023-24	રૂ.3225
રાગી	2018-19	રૂ.2897	2023-24	રૂ. 3846
મકાઈ	2018-19	રૂ.1700	2023-24	રૂ.2090

ખેત ઉપજની ડિમાન્ડ હોય તેની જ ખેતી કરીને નિકાસ વધારો

છેલ્લા છ માસમાં ભારતમાં કઠોળની આયાતમાં ખાસ્સો વધારો થયો છે. ભારતનું મોટું વિદેશી હૂંડિયામણ તેને માટે ખર્ચાઈ રહ્યું છે. કેન્દ્રના સહકાર મંત્રી અમિત શાહ કહે છે, "જે ઉત્પાદનોની ડિમાન્ડ હોય તેની ખેતી કરવી જોઈએ અને તેનું ઉત્પાદન વધારવું જોઈએ. આજે ઓર્ગેનિક પ્રોડક્ટ્સના નિકાસની મોટી તક છે. આ તકને ઝડપી લઈને ખેડૂતોએ તે પ્રમાણએ ખેતી કરવી જોઈએ."

કઠોળ તેનું મોટું ઉદાહરણ છે. સપ્ટેમ્બર 2023માં પૂરા થયેલા છ માસના ગાળામાં ભારતમાં પરદેશમાંથી કરાતી કઠોળની આયાત બમણી થઈ ગઈ છે. અડદ, તુવેર અને મસૂરની વ્યાપક ખરીદી થઈ હોવાથી આયાતમાં વધારો થયો છે. 2023-24ના નાણાંકીય વર્ષના એપ્રિલ-સપ્ટેમ્બરના ગાળામાં કઠોળની આયાતમાં 113 ટકાના વધારા સાથે કુલ આયાત 14.85 લાખ ટનની થઈ છે. 2022-23ના પહેલા છ માસમાં કઠોળની આયાત માત્ર 6.98 લાખ ટનની હતી. આમ આ વરસે સપ્ટેમ્બર સુધીમાં કઠોળની આયાત કરવા પાછળ અંદાજે રૂ. 10,440 કરોડનો ખર્ચ થયો છે. ગત વર્ષે આ જ સમયગાળામાં રૂ.4695 કરોડનો ખર્ચ કરી કઠોળની આયાત કરવામાં આવી હતી. આમ આયાત માટે વપરાયેલા વિદેશી હૂંડિયામણના ખર્ચમાં 122 ટકાનો વધારો થયો છે. પહેલા છ માસમાં મસૂરની આયાત 184 ટકાના વધારા સાથે 8.02 લાખ ટન થઈ હતી. ગયા વર્ષના સપ્ટેમ્બર સુધીના ગાળામાં મસૂરની આયાત માત્ર 2.81 લાખ ટનની જ થઈ હતી. તુવેરની આયાત ગયા વર્ષે 1.56 લાખ ટનની હતી. આ વરસે તે વધીને 2.74 લાખ ટન થઈ છે. તેમ જ અડદની આયાત ગયા વર્ષના પહેલા છ માસમાં અડદની આયાત 1.72 લાખ ટનની હતી તે વધીને આ વરસે 2.40 લાખ ટન થઈ ગઈ છે.

તેથી જ સારા ભાવ મળવાની આશાએ ભારતના ખેડૂતોએ નવેમ્બરના છેલ્લા સપ્તાહ સુધીમાં 12.03 લાખ હેક્ટર જમીનમાં મસૂરનું વાવેતર કર્યું હતું. અમિત શાહે કહ્યું હતું કે, "કઠોળના ઉત્પાદનમાં વધારો કરવા માટે સરકાર નાફેડ અને એનસીસીએફના માધ્યમથી એક પાઈલોટ પ્રોજેક્ટ ચાલુ કરશે. જે ખેડૂતો કઠોળની ખેતી કરશે તેમના નામ રજિસ્ટર કરવાનું કામ એજન્સીઓ ચાલુ કરી દેશે." આ વરસે સાઉથ-વેસ્ટ મોનસૂમાં ખાસ્સી વધઘટ થઈ હોવાથી કઠોળની ખેતી કરતાં વિસ્તારોમાં પૂરતો વરસાદ પડ્યો નથી. પરિણામે કઠોળની ઉપજ પૂરતી ન થઈ હોવાથી તેની આયાત કરવાની ફરજ પડી છે. પરિણામે 2023-24ના વર્ષમાં કઠોળની આયાતમાં 10 લાખ ટનનો વધારો થઈ જવાની શક્યતા છે.



ભારતનું 2022-23ના વર્ષમાં તુવેરનું ઉત્પાદન 34.21 લાખ ટન હતું. આ વરસે પણ તેનું ઉત્પાદન તેની આસપાસનું જ રહેવાની ધારણા છે. જોકે ભારતની પ્રજાની કઠોળની ડિમાન્ડની તુલનાએ તેનું ઉત્પાદન ઓછું છે. તેથી જ અમિત શાહ કહે છે, "જે પ્રોડક્ટ્સની ડિમાન્ડ હોય તેની જ ખેતી કરવી જોઈએ. તેમ થશે તો જ કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો સમૃદ્ધ બનશે. આ રીતે જ કૃષિ ઉપજોની નિકાસ વધારી શકાશે. તેની સાથે સાથે જ ઓર્ગેનિક પ્રોડક્ટ્સ તૈયાર કરીને તેની નિકાસ કરવાનું પણ આયોજન કરી શકે છે." ખેડૂતોની આવક વધારવા માટે બાયોફ્યુઅલ બનાવવા અને તેની નિકાસ કરવાનો પણ એક સારો વિકલ્પ છે. કૃષિ ઉપજોની નિકાસ વધારવા માટે નેશનલ કોઓપરેટીવ એક્સપોર્ટ લિમિટેડની સ્થાપના કરવામાં આવી છે. અમિત શાહનું માનવું છે કે ખેડૂત સમૃદ્ધ બનશે તો જ સહકારી ક્ષેત્ર સક્ષમ બનશે.

દેશની કુલ રાષ્ટ્રીય ઉપજ-જીડીપીમાં કૃષિ ક્ષેત્રનો ફાળો 15 ટકા જેટલો છે. પરંતુ દેશના 60 ટકા લોકો કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. આ 60 ટકા વસતિને અવગણીને કોઈ પણ દેશનું અર્થતંત્ર મજબૂત બની શકે જ નહિ. તેથી જ 60 ટકા લોકોને રોજગારીની તક પૂરી પાડવી જ પડશે. તેને માટે પણ સહકારી ચળવળને વધુ મજબૂત બનાવવી પડશે.

નેશનલ કોઓપરેટીવ એક્સપોર્ટ લિમિટેડ સહકારી સંસ્થાઓના માધ્યમથી ખેડૂત અને વિદેશના બજારને જોડતી કડીની ભૂમિકા અદા કરશે. વિદેશના બજારમાં દૂધના ઉત્પાદનો, જીરુ, ઈસબગુલ, મસાલા અને ઈથેનોલની ખાસ્સી ડિમાન્ડ છે. એનસીઈએલને અત્યાર સુધીમાં રૂ. 7000 કરોડના નિકાસના ઓર્ડર મળી ચૂક્યા છે. આ ઓર્ડર બુકમાં બીજો રૂ. 15000 કરોડનો વધારો કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. એનસીઈએલ નોન બાસમતી રાઈસની નિકાસ પર ફોકસ કરી રહ્યું છે. આ કામકાજ થકી થનારા નફાના 50 ટકા સીધા ખેડૂતોના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરી દેવામાં આવશે. આ રીતે જે પ્રોડક્ટની ડીમાન્ડ છે તેની જ ખેતી કરવા તરફ ખેડૂત વળશે. ખેડૂતો પાસેથી મિનિમમ સપોર્ટ પ્રાઈસથી જ તેમના ઉત્પાદનો કરીદવામાં આવશે. કૃષિ ઉપજની ડિમાન્ડમાં આવતા બદલાવ પ્રમાણે પાક લેવામાં પણ પરિવર્તન આવતું જાય તેની કાળજી એનસીઈએલ-નેશનલ કોઓપરેટીવ એક્સપોર્ટ લિમિટેડ રાખશે. તેની સાથે બ્રાન્ડ બિલ્ડિંગનું, પેકેજિંગનું અને માર્કેટની જરૂરિયાત સંતોષવાનું કામ કરશે.

સહકાર મંત્રીએ અમિત શાહે ભારત અને ગુજરાતના ખેડૂતોની આવક વધારવા માટે સૂચન કર્યું

વિશ્વના બજારમાં ઇથેનોલની મોટી ડિમાન્ડ હોવાથી બાયોફ્યુઅલ તૈયાર કરવા પર પણ ફોકસ કરી શકાશે

કઠોળની આયાતમાં છ જ માસમાં સો ટકાનો વધારો થઈ જતાં કઠોળની ખેતી તરફ વળશે તો તેમના પ્રોડક્ટ્સને ખરીદનારા આસાનીથી મળી રહેશે

ખેતી બેન્કના બાકીદારો માટે ખાસ સેટલમેન્ટ યોજના લાવવામાં આવી

મોટી રકમના બાકીદારોને લોનની બાકી રકમ ભરવા હપ્તાની સગવડ

પહેલા 15થી 17 ટકા વ્યાજે ધિરાણ અપાતું હોવાથી કુદરતી આફત આવતા ખેડૂતો દેવાદાર બની જતાં હતા.

સેટલમેન્ટ યોજનાને 2895 ખેડૂતોએ લાભ લેતા બેન્કને રૂ. 57 કરોડની રિકવરી આવી


ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને સહકારી અને ગ્રામીણ વિકાસ બેન્કે ખેડૂતો માટે ખાસ દેવા મુક્તિ યોજના જાહેર કરી છે. ખેડૂતોને દેવામુક્ત કરવા માટે હપ્તા સિસ્ટમ સાથેની માફી યોજના આપવામાં આવેલી છે. હા, આ યોજનાનો લાભ લેવા માટે બાકીદાર ખેડૂતોએ પહેલા બાકી રકમના 10 ટકા રકમ જમા કરાવવાની રહેશે. તેમણે તેના પર ચૂકવવાનું થતું વ્યાજ આપવું પડશે નહિ. તેમ જ ચૂકવવાની બાકી રકમ પણ એકથી ત્રણ વર્ષના ગાળામાં હપ્તામાં ચૂકવવાની છૂટ આપવામાં આવી છે. આમ વ્યાજ વગર મૂડી ચૂકવવાની તક આપવામાં આવી છે.

રૂ. 5 લાખ સુધીના બાકીદારને દસ ટકા રકમ પહેલા ભર્યા પછી બાકીના રૂ.4.50 લાખ છ છ માસના ચાર હપ્તામાં જમા કરાવવાની છૂટ આપવામાં આવી છે. આમ માત્ર મુદ્દલ ચૂકવીને ખેડૂત બે વર્ષમાં દેવામુક્ત થઈ શકશે.

રૂ. 5 લાખથી વધુ અને 10 લાખથી ઓછી રકમના બાકીદારના 10 ટકા પહેલા ભર્યા પછીની બાકીના નાણાં ભરવા માટે ત્રણ વર્ષનો સમય આપવામાં આવે છે. અઢી વર્ષમાં નિયમિત માસિક હપ્તામાં આ રકમ ચૂકવી આપવાની તેમને છૂટ આપવામાં આવેલી છે. 10 લાખથી વધુ રકમના બાકીદારને ત્રણ વર્ષમાં માત્ર મુદ્દલ રકમ ચૂકવવાની છૂટ આપવામાં આવી છે.

ખાસ કેસમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત રાજ્યના ભાજપના વડા સી.આર. પાટિલના સહયોગથી આ યોજના લાવી શકાઈ છે. ડૉલર કોટેચાએ આ પ્રકારની યોજના લાવવા માટે બંને મહાનુભાવોને વિનંતી કરી હતી. આ વિનંતીના પરિણામે સ્વરૂપે ગયા વખતની માફી યોજના કરતાંય વિશે, તાકાતવેર માફી યોજના લાવવામાં આવી છે. ખેતી બેન્કના ચેરમેન ડૉલર કોટેચાનું કહેવું છે, "ખેડૂતોને લાંબા ગાળાનું ધિરાણ આપતી ખેતી બેન્ક ભૂતકાળમાં ખેડૂતોને 17 ટકાથી 20 ટકાના વ્યાજદરે ધિરાણ આપતી હતી. આ ખેડૂતોને કુદરતી આફત કે સામાજિક કે કૌટુંબિક સમસ્યા આવી જતાં તેઓ તેમના બેન્કના બાકી નાણાં ચૂકવી શકતા નહોતા. વ્યાજનું પણ વ્યાજ લેવાતું હતું. તેથી ખેડૂતો તેમની જમીન વેચી દે તો પણ તેમના બાકી નાણાં ચૂકવી શકે તેમ નહોતા. તેથી તેમને રાહત આપવા માટે આ સેટલમેન્ટ યોજના લાવવામાં આવી છે. ખેડૂતોની પણ લાગણી હતી કે તેમને વ્યાજમાં રાહત આપતી કોઈ વિશેષ યોજના લાવવામાં આવે, તેમની આ લાગણીને માન આપીને સેટલમેન્ટ યોજના લાવવામાં આવી છે." ખેતી બેન્કે અંદાજે 60,000 ખેડૂતોને ધિરાણ આપેલું છે. ખેડૂતોને રૂ.650 કરોડનું ધિરાણ આપેલું છે. આ ખેડૂતોમાંથી બાકીદાર બનેલા ખેડૂતોએ સેટલમેન્ટ યોજનાનો લાભ લેવાની શરૂઆત કરી દીધી છે. જોકે સેટલમેન્ટ યોજના હેઠળ ખેડૂતો પાસેથી નાણાં આવવા માડ્યા છે. સેટલમેન્ટ યોજનાનો અત્યાર સુધીમાં 2895 ખેડૂતોએ લાભ લીધો છે. તેમના થકી બેન્કને રૂ. 57 કરોડની આવક થઈ છે. તેને કારણે ખેડૂતોને પણ ફાયદો થયો છે. ખેડૂતોએ તેમની ચૂકવવાના થતાં નાણાંથી રૂ. 35.63 કરોડની વ્યાજ માફી મળી છે.

ડૉલર કોટેચાનું કહેવું છે, "બેન્કને વરસોથી દબાયેલા રૂ. 57 કરોડ ફરીથી રોટેશનમાં આવતા બેન્કની આર્થિક સ્થિતિ વધુ સંગીન થઈ છે." કારણ કે સરકારે ગયા વખતની માફી યોજના કરતાંય વધુ સારી અને આકર્ષક યોજના તૈયાર કરી આપેલી છે.



सत्यमेव जयते

प्रधान मंत्री
Prime Minister

નવી દિલ્હી
૦૭ અગ્રહાયણ, શક સંવત ૧૯૪૫
૨૮ નવેમ્બર, ૨૦૨૩

સ્નેહીશ્રી ડોલરભાઈ,

દિવાળી અને વિક્રમ સંવત ૨૦૮૦ની શુભેચ્છાઓ માટે ધન્યવાદ. દીપોત્સવની આપ સૌને હાર્દિક મંગલકામના. આ પાવન પર્વ નિમિત્તે સૌના જીવનમાં સુખ,સમૃદ્ધિ અને તંદુરસ્તી માટે હું પ્રાર્થના કરું છું.

આ તહેવારોની ઊર્જાથી પ્રેરણા લઈ અમૃત કાળમાં દેશ વિકાસને નવી દિશા તરફ આગળ વધી રહ્યો છે. મને ખાતરી છે કે સામુહિકતાની શક્તિથી ઊર્જિત રાષ્ટ્ર પ્રગતિની નવી ઊંચાઈઓ સર કરશે.

ફરી એકવાર આપને અને આપના પરિવારને બેસતા વર્ષને શુભેચ્છાઓ.

આપનો,

(નરેન્દ્ર મોદી)

Shri Dolar Kotecha
Kheti Bank
489, Ashram Road
Navrangpura, Ahmedabad
Gujarat -380009

ખેડૂતોનો ઉદ્ધાર એ જ ભારત સરકારનો મંત્રઃ નરેન્દ્ર મોદી

નરેન્દ્ર મોદી હવે સહકારી-FPOના માધ્યમથી ખેડૂતોને ઉદ્યોગપતિ અને ઉદ્યોગસાહસિક બનાવવાની દિશામાં આગળ વધવા માગે છે

ખેડૂતોની આવકમાં વધારો થાય તે માટે કૃષિ ઉપજના લઘુતમ ટેકાના ભાવ દસ વર્ષમાં લગભગ બમણા કરી દીધા



ભારતમાં લગભગ 65 કરોડ લોકો ખેતી સાથે સંકળાયેલા છે. તેથી જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારે સહકારી ચળવળને પુનર્જીવિત કરવી છે. સહકારી પ્રવૃત્તિને આધુનિક ઓપ આપવો છે. તેમાં પારદર્શિતા લાવવી છે. તેના માધ્યમથી સહકારી ક્ષેત્રને નવી ઊંચાઈએ લઈ જવું છે. તેમ કરીને નાની મૂડી ધરાવતી સહકારી સંસ્થાઓને જોડીને મોટી મૂડીમાં ફેરવીને ખેડૂતોને સમૃદ્ધ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે એમ તેઓ માને છે. આ માન્યતાને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરવા માટે જ કેન્દ્રની ભાજપ સરકાર ખેડૂતોને માટે સતત નવા નવા પગલાં લેતી આવી છે. ભાજપ સરકાર માને છે કે કૃષિ અને ગ્રામીણ વિકાસના ક્ષેત્રમાં સહકારી ચળવળ દ્વારા દરેક વ્યક્તિને સમૃદ્ધ બનાવી શકાય છે. જે ખેડૂતો પાસે મૂડી નથી તેમને સમૃદ્ધ બનાવવા માટે તે એક મહાન માધ્યમ બની શકે છે. આજે ભારતના 86 ટકા ખેડૂતો નાના અને સીમાંત ખેડૂતો છે. તેમની પાસે એક હેક્ટરથી ઓછી જમીન છે. સમગ્ર વિશ્વમાં ભારત એકમાત્ર એવો દેશ છે જેણે નાના ખેડૂતોને મજૂર બનવા દીધા નથી. આજે પણ તેઓ તેમની જમીનના માલિક છે.

ભાજપની સરકાર ખેતીને આધુનિક બનાવવા, ખેત પેદાશોના સારા ભાવો મેળવી આપવા અને ખેતીને નફાકારક બનાવવા પરંપરાગત પદ્ધતિઓમાંથી દેશને બહાર કાઢીને નવી પદ્ધતિઓ અપનાવી રહી છે. સહકારી સંસ્થાઓના માધ્યમથી સરકાર કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગને મજબૂત કરવાનો પ્રયાસ કરી રહી છે. આ ક્ષેત્રો મજબૂત થશે તો જીડીપીમાં તેમનો ફાળો વધશે. જીડીપીમાં તેમનો ફાળો વધવાની સાથે રોજગારીની તકો પણ વધશે. કૃષિ, પશુપાલન અને મત્સ્યપાલન ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. આ ત્રણેય ક્ષેત્ર મળીને ભારતના જીડીપીનો 18% હિસ્સો ધરાવે છે, તેમને મજબૂત કરવાનો અર્થ છે દેશની અર્થવ્યવસ્થાને મજબૂત કરવા સમાન છે. તેથી જ આ ત્રણેય સેક્ટર માટે ભાજપ સરકાર સતત નવી યોજનાઓ મૂકી રહી છે.

સહકારી ક્ષેત્રમાં પ્રાથમિક કૃષિ સહકારી સોસાયટીઓના માધ્યમથી 1100 નવા એફપીઓ-ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન-એફપીઓની સ્થાપના કરવાની યોજના સહકાર મંત્રી અમિત શાહે શરૂ કરી હતી. એફપીઓ ખેડૂતોની સ્પર્ધાત્મકતા વધારવાની કામગીરી કરે છે. બજારમાં નવી તક નિર્માણ થાય તેનો એડવાન્ટેજ લેવાની ખેડૂતોને તક પૂરી પાડે છે. એફપીઓ મુખ્યત્વે બિયારણનો, રાસાયણિક ખાતરનો તથા ખેડૂતોને જોઈતી મશીનરીનો સપ્લાય આપે છે. PACS દ્વારા બનેલા FPOમાં ખેડૂતોને સમૃદ્ધ બનાવવાની સર્વોચ્ચ ક્ષમતા છે, કૃષિ મંત્રાલય અને સહકાર મંત્રાલય PACS, FPOs અને SHGના માધ્યમથી ગ્રામીણ વિકાસ અને સમૃદ્ધિના વધારવાનું કામ કરી રહ્યાં છે. નરેન્દ્ર મોદી દેશના પ્રધાનમંત્રી બન્યા ત્યારે તેમણે FPOના સૂચનને અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો હતો. આ પહેલને પરિણામે આજે દેશમાં 11,770 FPO કાર્યરત છે અને તેના માધ્યમથી દેશના લાખો ખેડૂતો તેમની આવક વધારવામાં ભારત સરકાર સફળ થઈ છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકારે એફપીઓના લક્ષ્યને હાંસલ કરવા માટે 6900 કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આદિવાસી જિલ્લાઓમાં, વન પેદાશોને લગતા કામ માટે 922 FPO ની રચના કરવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હવે સહકારી-FPOના માધ્યમથી ખેડૂતોને ઉદ્યોગપતિ અને ઉદ્યોગસાહસિક બનાવવાની દિશામાં આગળ વધશે.

પિયત મંડળીઓની સંખ્યા વધારી તેના માધ્યમથી પાણીને કારણે ખેતી ન કરી શકતા ખેડૂતોને પાણીની સુવિધા મળે તેવી વ્યવસ્થા કરવા ખાસ યોજના લાવવાનું ગુજરાત સરકાર પણ આયોજન કરી રહી છે. પિયત મંડળીઓ નદી, નહેર કે વોંકળામાંથી પાણી ખેંચીને ટપક સિંચાઈ, સ્પ્રિન્કલર કે અન્ય સિસ્ટમથી તેમના ખેતરમાં પાણી પાઈને પાક લઈ શકે તેવી વ્યવસ્થા ગુજરાતમાં આવી ચૂકી છે. ગુજરાતના દરેક ગામમાં પાણી વિના ખેતીથી વંચિત રહેતી જમીન સુધી પિયત મંડળીઓના માધ્યમથી પાણી પહોંચતું કરીને સરકાર ખેત ઉપજ અને ખેડૂતોની આવક વધારવા માગે છે. આમ ખેડૂતોને નવા નવા લાભ અપાવીને ખુશ કરવાની એક પણ તક કેન્દ્રની કે ગુજરાતની ભાજપ સરકાર જતી કરતી નથી. આ રહ્યો તેનો બોલતો પુરાવો. કેન્દ્રની ભાજપ સરકાર દેશના દરેક ખેડૂતને વરસે દહાડે યેનકેન પ્રકારેણ સરકાર તરફથી રૂ. 50,000 મળી રહે તે માટે પ્રયત્નશીલ છે. કિસાન સન્માન નિધિ સહિતની યોજનાના માધ્યમથી ખેડૂતોને નાણાં મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. નરેન્દ્ર મોદીના શાસનના દસ વર્ષના ગાળામાં

કૃષિ સહકારી સોસાયટીઓના માધ્યમથી 1100 નવા એફપીઓ-ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન-એફપીઓની સ્થાપના કરવાની યોજના સહકાર મંત્રી અમિત શાહે રજૂ કરી ખેડૂતોને માટે નવી તક નિર્માણ કરી

ખેડૂતો માટે અંદાજે રૂ. 16 લાખ કરોડથી વધુ રકમ સરકારે ખર્ચ્યા છે. ગરીબ ખેડૂતોનું કલ્યાણ જ કેન્દ્ર સરકારનું મુખ્ય ધ્યેય છે. ખેડૂતો માટે સરકાર દર વર્ષે અંદાજે રૂ. 6.5 લાખ કરોડનો ખર્ચ કરે છે. શેરડીની ખેતી કરતાં ખેડૂતોને વાજબી ભાવ અપાવવા માટે શેરડીના ક્વિન્ટરલીય ભાવ રૂ. 315 નક્કી કર્યા છે. તેનાથી દેશમાં શેરડીનું વાવેતર કરતાં 5 લાખ ખેડૂતોને અને સુગર મિલમાં કામ કરતાં કારીગરોને સીધો ફાયદો મળ્યો છે.

સહકારથી જ સમૃદ્ધિ સુધીની સફર કરી શકાશે તેમ માનતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે કે સહકારની ભાવનાને કારણે જ ભારત વિશ્વનો અગ્રણી દૂધ ઉત્પાદક દેશ બન્યો છે. ડેરી સેક્ટરમાં મહિલાઓનો ફાળો 60 ટકા જેટલો ઊંચો છે. સહકારને કારણે જ આપણો દેશ ખાંડ ઉત્પાદન કરતો દુનિયાનો ટોચનો દેશ બન્યો છે. નાના અને સીમાંત ખેડૂતોને સમૃદ્ધિની કેડી પર લઈ જવા માટે સહકાર જ એક માત્ર માર્ગ છે. તેથી જ ભારતને વિકસિત બનાવવા માટે સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવું જરૂરી હોવાનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માની રહ્યા છે.

વિશ્વના બજારમાં રાસાયણિક ખાતરના ભાવ સતત ઊંચા જઈ રહ્યા છે. પરિણામે ભારતના ખેડૂતો પર પણ રાસાયણિક ખાતરના ખર્ચનો બોજો વધી જવાની સંભાવના નિર્માણ થઈ હતી, પરંતુ ભારત સરકાર તે બેગ માત્ર રૂ. 270ના ભાવે ખેડૂતોને આપતી આવી છે. બાંગલાદેશમાં રાસાયણિક ખાતરની એક થેલી રૂ. 720માં, પાકિસ્તાનમાં રૂ. 800માં, ચીનમાં રૂ. 2100માં અને અમેરિકામાં રૂ. 3000માં મળે છે. તેની સામે ભારતમાં માત્ર રૂ. 270માં એક થેલી રાસાયણિક ખાતર આપવામાં આવે છે. આણ ખેડૂતોને સસ્તું રાસાયણિક ખાતર મળે તે માટેના તમામ પ્રયત્નો કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. રાસાયણિક ખાતર માટેનો વધારાનો ખર્ચબોજ કેન્દ્રની ભાજપ સરકાર જ ઊઠાવી રહી છે. હવે તેના વિકલ્પે પણ તેમણે નેનો યુરિયાને પ્રમોટ કરવાનું ચાલુ રાખ્યું છે. છેલ્લા દસ વર્ષમાં ખેડૂતોને રાસાયણિક ખાતરની સબસિડી પેટે રૂ. 10.50 લાખ કરોડથી વધુ ચૂકવવામાં આવ્યા છે. આમ ખેડૂતોની જિંદગીને બહેતર બનાવવા માટે ભાજપ સરકાર પ્રચંડ પ્રયાસ કરી રહી છે.


બીજું, ખેડૂતોને તેમની ઉપજના સારા ભાવ મળે તે માટે જ લઘુતમ ટેકાના ભાવ પણ સતત ઉપર લઈ જવામાં આવી રહ્યા છે. મિનિમમ સપોર્ટ પ્રાઈસમાં વધારો કરીને છેલ્લા દસ વર્ષમાં સરકારે રૂ.16 લાખ કરોડ ખેડૂતોને આપ્યા છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 10 વર્ષમાં ડાંગરના MSPમાં 55% અને ઘઉંના MSPમાં 51% નો વધારો થયો છે. કઠોળ અને અનાજ સહિત લગભગ 22થી 24 કૃષિ ઉપજના ટેકાના ભાવમાં વધારો કરી દીધો છે. નરેન્દ્ર મોદી સરકારે

सरकारे क्वोलिटी बियारण आपवा, कृषि उपजना ब्रान्डिंग-मार्केटिंग माटे 3 मल्टीस्टेट सोसायटीनी स्थापना करी

सहकारथी समृद्धिना विचारने साकार करवा माटे, खेडूतोने सारुं बियारण मळे, खेडूतो ओर्गेनिक फार्मिंग भणी वधे अने खेडूतोने सरळताथी कृषि उपजनी निकास करवानो अवकाश मळे ते माटे केन्द्र सरकारना सहकारिता मंत्रालये त्रण मल्टीस्टेट कोओपरेटीव सोसायटीओनी स्थापना करी छे. आ मल्टीस्टेट कोओपरेटीव सोसायटीना कामकाजने कारणे ग्रामीण विस्तारना अर्थतंत्रमां पण सुधारो आवतो जोवा मळशे तेवी केन्द्र सरकारने आशा छे. मल्टी स्टेक कोओपरेटीव सोसायटी એક્ટ 2002 हेठळ आ त्रणेय मल्टीस्टेट कोओपरेटीव सोसायटीनुं रजिस्ट्रेशन करावववामां आवशे. राष्ट्रीय स्तरनी सहकारी सोसायटीओ, प्राथमिक सहकारी सोसायटीओ, जिल्ला, राज्य अने स्तरना फेडरेशन्स, मल्टी स्टेट कोओपरेटीव सोसायटीओ अने फार्मर्स प्रोड्युसर्स ओर्गेनाईझेशन्स तेना सभ्य बनी शकशे.

देशभरनी सहकारी सोसायटीओ द्वारा पेदा करवामां आवती वधारानी उपजो अने सेवाओनी निकास करवानुं काम मल्टीस्टेट कोओपरेटीव सोसायटी करशे. विदेश, वाणिज्य अने उद्योग खाता तरफथी मल्टीस्टेट कोओपरेटीव सोसायटीनो पूरतो सहकार आपवामां आवशे. भारतमांथी निकास करवाने लगती नीतिना अनुसंधानमां दरेक केन्द्रिय खाता तरफथी मल्टी स्टेट कोओपरेटीव सोसायटीने सपोर्ट करवामां आवशे. निकास वधशे तो तेनाथी लाभ वधु मळता खेडूतो उत्पादन वधारवा पर अने वधु सारी सेवाओ आपवा पर फोकस करशे. तेना फळस्वरूपे ग्रामीण विस्तारमां रोजगारीनी नवी तक पण निर्माण थशे. तेओ आंतरराष्ट्रीय धोरणोनी समकक्ष पहोंचवा माटे गुड्सना प्रोसेसिंगनी प्रक्रियाने तथा सेवानी गुणवत्ताने सुधारीने आंतरराष्ट्रीय स्तरनुं करवानो प्रयास पण करशे. तेना थकी निकासमां वधारो थशे तो मेक ईन ईन्डियाने पण वेग मळशे अने भारत आत्मनिर्भर बनशे.

मल्टीस्टेट कोओपरेटीव सोसायटीनी माफक ज मल्टीस्टेट कोओपरेटीव ओर्गेनिक सोसायटीनी स्थापना पण करवामां आवशे. मल्टी स्टेट ओर्गेनिक सोसायटी ओर्गेनिक खेती करनाराओना प्रोडक्ट्सने ते उत्पादनो ओर्गेनिक होवानुं प्रमाणित करी आपवानुं काम करशे. आजे विश्वना देशोमां रासायणिक खातर मुक्त अने प्राकृतिक खातर युक्त उत्पादनोनी डिमान्ड वधी रही छे तेनो लाभ लेवा माटे ओर्गेनिक सोसायटीनी स्थापना करवामां आवी छे. ओर्गेनिक सोसायटी कृषि उपजोने प्रमाणित करवानी, टेस्टिंग करवानी, प्राप्त करवानी एटले के खरीदवानी, संग्रह करवानी, मार्केटिंगनी, लेबलिंगनी, पेकेजिंगनी अने ट्रान्सपोर्टशननी सुविधा पूरी पाडवानुं काम करशे. तेम ज ओर्गेनिक खेती करतां खेडूतोने आर्थिक मदद मेळवी आपवानुं काम पण करशे. सहकारी संस्थाओना माध्यमथी तेमने नाणांकीय सहाय अपावववानुं





કામ કરશે. તેમ જ વધુ ને વધુ ખેડૂતો ઓર્ગેનિક પ્રોડક્ટ્સની જ ખેતી કરે તે માટે પ્રયાસો કરશે. તેને માટે જુદી જુદી યોજનાઓ પણ તૈયાર કરશે. ઓર્ગેનિક પ્રોડક્ટ્સને પ્રમાણિત કરવા માટે તેઓ સરકારે પ્રમાણિત કરેલી લેબોરેટરીઓની પેનલ પણ તૈયાર કરશે. તેમની મદદ લઈને પ્રોડક્ટ્સ ઓર્ગેનિક છે કે નહિ તે નક્કી કરી આપવાનો ખર્ચ ઓછો કરવાનો પણ પ્રયાસ કરશે.

ત્રીજી મલ્ટી સ્ટેટ કોઓપરેટીવ સોસાયટી ઉપરોક્ત બંને સોસાયટીની ઉપરની સંસ્થા તરીકે કામ કરશે. તે પ્રોડક્શન-ઉત્પાદન, પ્રોક્યોરમેન્ટ-ઉપજની ખરીદી, મૂલ્ય વૃદ્ધિ માટેની પ્રક્રિયા કરવાની, બ્રાન્ડિંગની, લેબલિંગની, સ્ટોરેજની, માર્કેટિંગ અને વિતરણની કામગીરી કરશે. તેની સાથોસાથ જ ખેડૂતો બિયારણની બાબતમાં ન છેતરાય તે માટે તેમને સારામાં સારી ગુણવત્તાનું બિયારણ પૂરું પાડવાનું કામ કશે. કુદરતી બીજ તરફ દેશી અને કુદરતી બિયારણનો જ ઉપયોગ થાય તેવા પણ પ્રયાસ કરશે. જ વધુમાં વધુ વપરાય તે માટેના પ્રયાસો કરશે. ત્રીજી સોસાયટી સીડ રિપ્લેસમેન્ટ રેટનું અને વરાયટી રિપ્લેસમેન્ટ રેટનું પણ ધ્યાન રાખશે. સીડ રિપ્લેસમેન્ટ રેટમાં સારી ગુણવત્તાવાળા બિયારણ હેઠળના વિસ્તારમાં કેટલો વધારો થયો તેનું ધ્યાન રાખવામાં આવશે. કારણ કે તેની સીધી અસર ઉત્પાદકતાની વૃદ્ધિના સ્વરૂપમાં અને ખેડૂતોની આવકની વૃદ્ધિના સ્વરૂપમાં જોવા મળશે. ખેડૂતોની આવક બમણી કરવાનો આ એક પ્રયાસ છે. ત્રીજી કંપની વરાયટી રિપ્લેસમેન્ટ રેટ પણ ધ્યાન આપશે. તેનાથી પણ ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો થશે. ઉત્પાદકતા ને ઉત્પાદન વધારવા માટે નવી વરાયટીને અપનાવવી પણ એટલી જ જરૂરી છે. ત્રીજી સંસ્થા દેશી કુદરતી બિયારણની જાળવણી કરવાનું કામ પણ કરશે. રાષ્ટ્રીય સ્તરની સીડ કોઓપરેટીવ્સના માધ્યમથી બેસ્ટ ક્વોલિટીના બિયારણ તૈયાર કરાવવામાં આવશે. તેના થકી પણ નવી રોજગારી નિર્માણ થશે. આયાતી બીજ પર ઓછો મદાર બાંધવો પડશે. તેનાથી ગ્રામીણ અર્થતંત્રને વેગ પણ મળશે.

ભાજપની સરકાર ખેતીને આધુનિક બનાવવા, ખેત પેદાશોના સારા ભાવો મેળવી આપવા અને ખેતીને નફાકારક બનાવવા પરંપરાગત પદ્ધતિઓમાંથી દેશને બહાર કાઢીને નવી પદ્ધતિઓ અપનાવી રહી છે

ડાંગરની ખરીદીમાં 88%નો વધારો કર્યો છે, એટલે કે લગભગ બમણા ડાંગરની ખરીદી કરવામાં આવી છે અને ઘઉંની ખરીદીમાં લગભગ બે તૃતીયાંશ એટલે કે 72%નો વધારો થયો છે. નરેન્દ્ર મોદી સરકારે 251 લાખ મેટ્રિક ટન ઘઉં ખરીદવાનું કામ કર્યું છે. ભાજપ સરકારે જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આપ્યું છે, 72 લાખ હેક્ટરની સૂક્ષ્મ સિંચાઈ દ્વારા 60 લાખ ખેડૂતોને આવરી લેવામાં આવ્યા છે, સૂક્ષ્મ સિંચાઈ ફંડ બનાવ્યું છે, રાષ્ટ્રીય ખાદ્ય તેલ મિશન બનાવ્યું છે, રૂ.24000 કરોડનું કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ બનાવ્યું છે, કૃષિ યાંત્રિકીકરણ માટે ફંડ બનાવ્યું છે અને લગભગ 1260 મંડીઓને e-NAM દ્વારા જોડવાનું કામ પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. નરેન્દ્ર મોદી સરકાર દરમિયાન કૃષિ ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન આવ્યું છે અને હવે સહકાર મંત્રાલય બનાવવામાં આવ્યું છે જેથી તેનો લાભ ખેડૂતો સુધી પહોંચે. તેમણે કહ્યું કે સહકારના મંત્ર મુજબ, નફો તે વ્યક્તિને જાય છે જે ક્ષેત્રોમાં સખત મહેનત કરે છે અને સહકાર મંત્રાલય દ્વારા આની ખાતરી કરવામાં આવી છે.

ખેડૂતો છ મહિના મજૂરી કરીને ન કમાય તેનાથી વધારે વચેટિયાઓ કમાય છે. આ હકીકતને સમજતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વચેટિયાઓને દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. ટેકાના ભાવ થકી ખેડૂત ઉપજોની મહત્તમ ખરીદી કરવાના અભિગમને અપનાવ્યો છે. નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન કૃષિ ક્ષેત્ર માટે બજેટની ફાળવણીમાં 5.6 ગણો વધારો થયો છે. 2013-14માં જ્યારે કૃષિ બજેટ રૂ. 21,000 કરોડનું હતું, નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કૃષિ બજેટનું કદ 2023-24માં વધીને રૂ. 1.15 લાખ કરોડ થયું છે. આમ એકલા કૃષિ મંત્રાલયનું બજેટ 1.15 લાખ કરોડ રૂપિયા છે.

ગામડાં અને ખેડૂતોના વિકાસમાં સહકાર ક્ષેત્રની ભૂમિકા મહત્વની જ રહેવાની છે. સરકાર અને સહકાર વિકસિત ભારતને બમણી તાકાત પૂરી પાડશે. આ માન્યતાને વરેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતોને અને સહકારી ક્ષેત્રને લાભ પહોંચાડવામાં મહત્તમ પારદર્શકતા લાવી દેખાડી છે. સહકારી ક્ષેત્ર ભ્રષ્ટાચાર મુક્ત ગવર્નન્સ અને પારદર્શકતા માટેનું એક મોડેલ બની રહે તેવી પ્રધાનમંત્રીની ઈચ્છા છે. તેને માટે જ સરકાર સહકારી ક્ષેત્રમાં પણ ડિજિટલ સિસ્ટમનો વ્યાપ વધારવાની ઈચ્છા ધરાવે છે. સમગ્રતયા વાત કરવામાં આવે તો વાઈબ્રન્ટ ભારતમાં સહકારથી સમૃદ્ધિની સફર કરવા પ્રધાનમંત્રી મક્કમ છે.

નરેન્દ્ર મોદી સરકારે સહકારી ક્ષેત્રમાં ઘણા કામ કર્યા છે. PACS ના બાયલો બનાવવામાં આવ્યા છે જેને 26 રાજ્યો દ્વારા સ્વીકારવામાં આવ્યા છે. હવે, PACS ડેરી અને માછીમાર સમિતિ તરીકે કામ કરી શકશે, પેટ્રોલ પંપ, ગેસ એજન્સી, CSC, સસ્તી દવાની દુકાન અને સસ્તા અનાજની દુકાન ચલાવી શકશે, સ્ટોરેજનું કામ પણ કરી શકશે. એટલું જ નહીં PACS ગામની હર ઘર જલ સમિતિ હેઠળ વોટર મેનેજમેન્ટમાં કોમર્શિયલ કામ પણ કરી શકશે. ભાજપ સરકારે 22 જુદા જુદા કામોને PACS સાથે જોડવાનો નિર્ણય કર્યો છે. PACS મજબૂત ન હોય ત્યાં સુધી APACS ક્યારેય મજબૂત બની શકે નહીં. જો FPOs, PACS અને સ્વસહાય જૂથો એકબીજાના પૂરક બનશે તો આવનારા દિવસોમાં ગ્રામીણ વિકાસ અને કૃષિ વિકાસનો નવો યુગ હવે શરૂ થશે.

ખેતી બેંક



ખેતી બૅન્કે 2022-23 દરમિયાન મેળવેલી સિદ્ધિઓ

1. બૅન્કના ઇતિહાસમાં સૌપ્રથમ વખત રૂ. 100 કરોડનો ગ્રોસ નફો કર્યો.
2. બૅન્કના ઇતિહાસમાં સૌપ્રથમ વખત રૂ. 51.19 કરોડનો ચોખ્ખો નફો કર્યો.
3. બૅન્કના ઇતિહાસમાં સૌ પ્રથમ વખત તમામ શાખાઓએ નફો કર્યો છે.
4. દેશની તમામ ખેતી બૅન્કોમાં ગુજરાતની ખેતી બૅન્કે સૌપ્રથમ ઝીરો એન.પી.એ. વાળી બૅન્ક તરીકેની સિદ્ધિ મેળવી.
5. દેશના યશસ્વી વડા પ્રધાન માનનીય શ્રી. નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે બૅન્કના હયાત ચાલુ લોન ખાતેદારો માટે રૂ. 2 લાખની અકસ્માત સહાય વીમા પોલીસી મેળવવામાં આવી.
6. બૅન્કના તમામ સભાસદો માટે આઝાદીના 75 વર્ષના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે 2021-22માં 20 ટકા ડિવિડંડ આપવાની જાહેરાત કરનાર સૌ પ્રથમ બૅન્ક.
7. વર્ષ 2021-22માં કેન્દ્ર સરકારની સુકન્યા સમૃદ્ધિ યોજનામાં બૅન્કે 10,000 દીકરીઓ માટે સદર યોજનામાં ખાતાં ખોલાવી તેમના ભવિષ્યને સુરક્ષિત કરવા તેમ જ બચત માટે પ્રેરિત કર્યા છે.
8. રાજ્ય સરકારશ્રીએ મંજૂર કરેલી સેટલમેન્ટ યોજનાનો 2954 ખેડૂત ખાતેદારોએ લાભ લીધો છે, તેમાં બૅન્કે રૂ. 35.63 કરોડ જેટલી રકમ માફ કરીને ખેતી બૅન્કના ખેડૂતોને દેવા મુક્તિમાં આર્થિક લાભ આપ્યો છે.
9. સતત બીજા વર્ષે પહેલી એપ્રિલે દૈનિક પત્ર તેમ જ સોશિયલ મિડિયા મારફતે નાણાંકીય હિસાબો રજૂ કરતી દેશની પ્રથમ અને એકમાત્ર બૅન્ક તરીકેની સિદ્ધિ હાંસલ કરી.
10. ખેતી બૅન્કે સમય સાથે તાલ મિલાવીને કૉમ્પ્યુટરાઈઝેશન ધરાવતી બૅન્ક તરીકે પ્રગતિ કરી છે.
11. બૅન્કની વડીકચેરીના મકાનનું આધુનિકીકરણ કરેલું છે.

The Gujarat State Co-operative Agriculture & Rural Development Bank Ltd. Ahmedabad

ધી ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ ઍગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બૅન્ક લિમિટેડ. અમદાવાદ